દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 115 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 May 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૧૬ મે ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૭ ૮ ૯ ૧૦ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# સુપ્રીમ કોર્ટ પર વરસ્યાં રાષ્ટ્રપતિ મુર્મૂ


ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 85,950/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા
શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## સર્વોચ્ચ અદાલતને ૧૪ જેટલા અણિયાળા પ્રશ્નો પૂછ્યા

નવી દિલ્હીઃ રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂર કરવામાં આવેલા ખરડા અંગે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલે નિર્ધારિત સમયમર્યાદામાં નિર્ણય લેવો જોઈએ એ પ્રકારના સુપ્રીમ કોર્ટે આઠ એપ્રિલે આપેલા ચુકાદાને પગલે ભારે વિવાદ સર્જાયો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આ ચુકાદા અંગે આપત્તિ વ્યક્ત કરી સુપ્રીમ કોર્ટને ૧૪ આકરાં સવાલ કર્યાં હતાં અને એ મામલે અભિપ્રાય માગ્યો હતો.

બંધારણની કલમ ૧૪૩ (૧) અંતર્ગત ભાગ્યે વપરાતી સત્તાનો ઉપયોગ કરતાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ કહ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિમાં નીચે જણાવેલા કાયદાકીય પ્રશ્નો ઉઠ્યા છે અને આ પ્રશ્નો એટલા મહત્ત્વના છે કે એ અંગે સુપ્રીમ કોર્ટનો તાત્કાલિક અભિપ્રાય લેવો જરૂરી છે.

બંધારણની કલમ ૧૪૩ (૧) રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લેવાની સત્તા આપે છે.

આ કલમની જોગવાઈ મુજબ જો રાષ્ટ્રપતિને એમ લાગે કે કાયદાનો પ્રશ્ન ઊભો થયો છે કે પછી ઊભો થઈ શકે એમ છે અને એ પ્રશ્ન દેશહિત-જનહિત માટે મહત્ત્વનો છે તો તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લેવાની સત્તા છે. ર

રાષ્ટ્રપતિ આ પ્રશ્નો સુપ્રીમ કોર્ટને ધ્યાન પર લેવા મોકલી શકે છે અને કોર્ટને યોગ્ય જણાય તો તે આ અંગે સુનાવણી કરી રાષ્ટ્રપતિને અભિપ્રાય આપી શકે છે.

તમિળનાડુ સરકાર અને રાજ્યપાલ વચ્ચે ચાલી રહેલી તકરારને મામલે સુપ્રીમ કોર્ટે રાજ્યપાલને સત્વરે નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો જેને કારણે ભારે વિવાદ સર્જાયો હતો.

દેશના બંધારણમાં જે જોગવાઈનો ઉલ્લેખ જ નથી એ મામલે સુપ્રીમ કોર્ટ કઈ રીતે આદેશ આપી શકે? એમ જણાવી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સુપ્રીમ કોર્ટને ગુરુવારે નીચે જણાવેલાં ૧૪ તીખાં પ્રશ્નો કર્યાં હતા.

૧) બંધારણની કલમ ૨૦૦ અંતર્ગત રાજ્યપાલ સમક્ષ કોઈ ખરડો રજૂ કરવામાં આવે તો તેમની પાસે કયા બંધારણીય વિકલ્પો હોય છે?

૨) શું રાજ્યપાલ આ વિકલ્પો પર વિચાર કરતી (જુઓ પાનું ૨) ▶▶

ભારત પાક યુદ્ધ

## મેં મધ્યસ્થતા કરી નથી, ફક્ત મદદ કરીઃ ટ્રમ્પ પલટ્યા

વોશિંગ્ટનઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ પોતે કરાવ્યો હોવાનો શ્રેય લેનારા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ફેરવી તોડ્યું હતું. એક કાર્યક્રમમાં અમેરિકન સૈન્ય સાથે વાત કરતી વખતે તેમણે કહ્યું કે હું એમ કહી રહ્યો નથી કે મે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થતા કરી હતી, હા અમે મદદ કરી છે. ટ્રમ્પે કહ્યું હતું કે મે બંન્ને દેશો વચ્ચે તણાવને શાંત કરવામાં મદદ કરી હતી, પરંતુ સાથે તેમણે કહ્યું કે તે સીધી રીતે એમ કહેવા માગતા નથી કે તેમણે મધ્યસ્થતા કરી હતી.

એક કાર્યક્રમ દરમિયાન ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હું એમ કહી રહ્યો નથી કે મે મધ્યસ્થતા કરી હતી, પરંતુ મેં તે સમસ્યાને ઉકેલવામાં મદદ કરી હતી જે ગયા અઠવાડિયે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધુ ખતરનાક બની રહી હતી. નોંધનીય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૦ મેના રોજ યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. ટ્રમ્પે આ અંગે ટ્વીટ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે મને એ જાહેરાત કરતા ખૂબ આનંદ થાય છે કે ભારત અને પાકિસ્તાન સંપૂર્ણ અને તાત્કાલિક યુદ્ધવિરામ પર સંમત થયા છે. બંન્ને દેશોને સામાન્ય સમજદારી અને શ્રેષ્ઠ બુદ્ધિમતાનો પરિચય આપવા માટે અભિનંદન. અમેરિકાએ યુદ્ધવિરામના નિર્ણયને બંને દેશોની શાણપણ અને બુદ્ધિમત્તા ગણાવી હતી. ટ્રમ્પે આ નિર્ણય

માટે ભારત અને પાકિસ્તાન બંનેને અભિનંદન પણ આપ્યા હતા. જોકે, ભારત (જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુ-કાશ્મીરના ત્રાલમાં ત્રણ આતંકવાદી ઠાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ ભારતીય સેનાના જવાનોએ દક્ષિણ કાશ્મીરના અવંતીપોરાના ત્રાલ વિસ્તારના નાદર લોરગામમાં ગુરુવારે ત્રણ આતંકવાદીને ઠાર માર્યા હતા. વરિષ્ઠ અધિકારીના જણાવ્યાનુસાર થોડાક કલાક ચાલેલા એન્કાઉન્ટરમાં આ ત્રણે આતંકવાદીને ઠાર મારવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આ ત્રણે આતંકવાદી લશ્કરે તૈયબા સાથે જોડાયેલા હતા. જોકે ગયા વરસે એપ્રિલ અને ઑગસ્ટમાં તેમણે જ્યારે આતંકવાદનો માર્ગ અપનાવ્યો હતો ત્યારે તેઓ જૈશ-એ-મોહમ્મદ સાથે હતા.

ઠાર મરાયેલા ત્રણે આતંકવાદીને આસિફ અહમદ શેખ, આમિર નઝર વાણી અને યૈવર અહમદ બટ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.



**ત્રાલમાં તકેદારીઃ** જમ્મુ-કાશ્મીરના પુલવામાં જિલ્લાના ત્રાલમાં ત્રાસવાદીઓ છૂપાયા હોવાના અહેવાલ મળતાં જ સુરક્ષા દળના જવાનોએ આખો વિસ્તાર ઘેરી લીધો હતો. (એજન્સી)

મળેલી માહિતીને આધારે ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને શ્રીનગર સેક્ટર સીઆરપીએફની ટુકડીએ નાદેર, ત્રાલ, અવંતીપોરાને ઘેરી લઈ સર્ચ ઑપરેશન આરંભ્યું હતું.

સતર્ક સૈનિકોએ શંકાસ્પદ હિલચાલની નોંધ લીધી હતી. સૈનિકોએ આતંકવાદીઓને પડકારતા તેમણે ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ કાર્યવાહીમાં ત્રણ આતંકવાદી ઠાર મરાયા (જુઓ પાનું ૨) ▶▶


દુબઈ | સીંગાપોર
શ્રીલંકા | થાઈલેન્ડ
મનાલી-લેહ લદાખ
કેરાલા | હિમાચલ
કિન્નોર-લાહુલ-સ્પીતી
તારકારલી-કોંકણ | શિખરજી
HAZEL
Treks N Tours
Khar (W), Since 2003
PANKAJ CHHEDA
9869559938


શેરબજારમાં ફરી તેજીનો ઉછાળો

## નિફ્ટીએ ૧૪૪ સત્ર પછી ૨૫,૦૦૦ની સપાટી પાછી હાંસલ કરી

(વાણિજય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં ગુરુવારે ફરી તેજીનો પવન ફૂંકાયો હતો. અમેરિકા સાથે વ્યાપર સોદાની સકારાત્મક આશા વચ્ચે સાર્વત્રિક લેવાલી નીકળવાથી નિફ્ટીએ ૧૪૧ સત્ર બાદ ૨૫,૦૦૦ની સપાટી પાછી મેળવી હતી અને સેન્સેક્સ ૧૨૦૦ પોઇન્ટના ઉછાળા સાથે સાત મહિનાની ઊંચી સપાટીએ પહોચ્યો હતો. આ જ સાથે રોકાણકારોની સંપત્તિમાં ૫.૨૨ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો હતો.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૧,૩૦૦ પોઈન્ટ સુધી ઊછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ ૧૪૧ સત્રો બાદ, ૧૭ ઓક્ટોબર ૨૦૨૪ પછી પહેલી વાર ૨૫,૧૦૦ પોઈન્ટનો આંકડો પાર કર્યો હતો. ડેરિવેટિવ્સ સેગમેન્ટમાં વલણનો અંતિમ દિવસ હોવાથી શોર્ટ કવરિંગને કારણે પણ બજારને ટેકો મળ્યો હોવાનું શેરદલાલો જણાવે છે.

સત્રને અંતે સેન્સેક્સ ૧,૨૦૦.૧૮ પોઇન્ટના ઉછાળા સાથે ૮૨,૫૩૦.૭૪ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૩૯૫.૨૦ પોઇન્ટના ઉછાળા સાથે ૨૫,૦૬૨.૧૦ પોઇન્ટની (જુઓ પાનું ૨) ▶▶

## મણિપુરમાં ૧૦ આતંકી ઠાર

ઇમ્ફાલઃ મણિપુરના ચંદેલ જિલ્લામાં આસામ રાઇફલ્સના એક એકમ સાથે થયેલી અથડામણમાં ૧૦ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ અભિયાન હજુ પણ ચાલુ છે. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

સેનાના પૂર્વીય કમાન્ડે બુધવારે એક્સ પર જણાવ્યું હતું કે ભારત-મ્યાનમાર સરહદ નજીક ચંદેલ જિલ્લાના ખેંગજોય તહસીલના ન્યૂ સમતાલ ગામ નજીક સશસ્ત્ર કેડરોની હિલચાલ અંગેની ચોક્કસ બાતમીના આધારે સ્પીયર કોર્પ્સ અંતર્ગત આસામ રાયફલ્સ યુનિટે ૧૪ મેના રોજ એક અભિયાન હાથ ધર્યું (જુઓ પાનું ૨) ▶▶

## યુપીમાં અલગ અલગ માર્ગ અકસ્માતોમાં ૧૯નાં મોત

લખનઊઃ ઉત્તર પ્રદેશના અનેક ભાગોમાં અનેક માર્ગ અકસ્માતોમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ડઝનબંધ ઘાયલ થયા હતા, જેમાં લખનઊ, હરદોઈ અને બલરામપુર જિલ્લામાં મોટી ઘટનાઓ બની હતી.

અકસ્માતોના અતિરેકને કારણે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે અધિકારીઓને રાહત અને તબીબી સહાય ઝડપી બનાવવા સૂચના આપી હતી.

ગુરુવારે વહેલી સવારે લખનઊની બહાર મોહનલાલગંજ નજીક કિસાન પથ પર એક ખાનગી બસમાં આગ લાગતાં બે બાળક સહિત પાંચ મુસાફરનાં મોત થયા હતા.

એસીપી રજનીશ વર્માના જણાવ્યા અનુસાર, લગભગ ૮૦ મુસાફરને લઈને બેગુસરાય (બિહાર) થી દિલ્હી જઈ રહેલી બસમાં સવારે ૫ વાગ્યાની આસપાસ આગ લાગી હતી, જેનું કારણ ગિયરબોક્સમાં શોર્ટસર્કિટ હોવાનું કહેવાય છે. મોટાભાગના મુસાફરો ઊંઘી રહ્યા હતા ત્યારે આગ ઝડપથી ફેલાઈ હતી.

ફાયર ફાઇટર તાત્કાલિક ઘટનાસ્થળે (જુઓ પાનું ૨) ▶▶

## ભારતના ઓપરેશન સિંદૂરે પાકિસ્તાનમાં મચાવી મોટી તબાહીઃ વોશિંગ્ટન પોસ્ટે પણ માની વાત

વોશિંગ્ટનઃ જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર લોન્ચ કરીને પાકિસ્તાનની ઊંઘ હરામ કરી દીધી હતી. જેની બાદ પાકિસ્તાનની વિનંતી પર બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામનો અમલ કરવામાં આવ્યો છે.

તેવા સમયે ભારતના હુમલામાં પાકિસ્તાનને મોટી માત્રામાં નુકસાન થયું હોવાના પુરાવા અમેરિકન મીડિયામાં છવાયા છે. આ માહિતી વોશિંગ્ટન પોસ્ટમાં પાકિસ્તાનને થયેલા નુકસાનની સેટેલાઈટ તસવીરો અને વીડિયોના વિશ્લેષણથી પ્રકાશમાં આવી છે.

જેમાં વોશિંગ્ટન પોસ્ટે હુમલા બાદની ૨૪ થી વધુ સેટેલાઇટ તસવીરો અને વીડિયોની સમીક્ષા કરી. તેમાં જાણવા મળ્યું કે હુમલામાં વાયુસેના દ્વારા ઉપયોગમાં લેવાતા ૩ હેંગર, ૨ રનવે અને ૨ મોબાઇલ ઇમારતોને ભારે નુકસાન થયું હતું. આમાંના કેટલાક છુપાયેલા સ્થળો પાકિસ્તાનની અંદર ૧૦૦ માઇલ અથવા ૧૬૦ કિમી સુધીના હતા.

કિંગ્સ કોલેજ લંડનમાં આંતરરાષ્ટ્રીય સંબંધોના વરિષ્ઠ લેક્ચરર અને દક્ષિણ એશિયાઈ સુરક્ષા નિષ્ણાત વોલ્ટર લાડવિગે ધ વોશિંગ્ટન પોસ્ટને જણાવ્યું હતું કે, આ વર્ષ ૧૯૭૧ના ના યુદ્ધ પછી પાકિસ્તાની લશ્કરી માળખા પર ભારતના સૌથી મોટા હવાઈ હુમલા છે.

જયારે કોન્ટેસ્ટેડ ગ્રાઉન્ડ પ્રોજેક્ટના ભૂ-અવકાશીય વિશ્લેષક વિલિયમ ગુડહિંડે જણાવ્યું કે, પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમને નબળી પાડવાના ઉદ્દેશ્યથી ટાર્ગેટ પર હુમલા કરવામાં આવ્યા હતા. ભારતે દાવો કર્યો હતો કે તેણે પાકિસ્તાનમાં ૧૧ એરબેઝને (જુઓ પાનું ૨) ▶▶




એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કર્નલ સોફિયા દેશ કી બેટી કે આતંકવાદીઓની બહેન?

**પાકિસ્તાની** આતંકવાદીઓનો ઘડોલાડવો કરવા હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર બદલ આખા દેશને દેશની ઈન્ડિયન આર્મી પર ગર્વ છે. લશ્કરની ત્રણેય પાંખના જવાનોએ સાથે મળીને હાથ ધરેલા આ ઓપરેશને પાકિસ્તાન અને આતંકવાદ બંનેને હચમચાવી નાંખ્યા છે, ત્યારે મધ્ય પ્રદેશના આદિજાતિ બાબતોના મંત્રી વિજય શાહે ઓપરેશન સિંદૂર અંગે બ્રીફિંગ કરવા માટે આવેલાં કર્નલ સોફિયા કુરેશી વિશે કરેલી અપમાનજનક અને આઘાતજનક ટીપ્પણી સામે દેશભરમાં આક્રોશ છે.

વિજય શાહે જાહેરમાં કર્નલ સોફિયા કુરેશીને આતંકવાદીઓની બહેન ગણાવીને અપમાનિત કરી તેની મધ્ય પ્રદેશ હાઈ કોર્ટે પણ નોંધ લીધી અને વિજય શાહ સામે દેશમાં કોમી ઉશ્કેરણી કરવા બદલ એફઆઈઆર નોંધવા ફરમાન કર્યું ત્યારે ભાજપની નેતાગીરી આ મુદ્દે ચૂપ છે. દેશનું ગૌરવ એવાં કર્નલ સોફિયા કુરેશી માટે આખો દેશ ગર્વ અનુભવી રહ્યો છે ત્યારે તેમના માટે અપમાનજનક ટીપ્પણી કરનારા મંત્રીને ભાજપે લાત મારીને તગેડી મૂકવા જોઈએ પણ તેના બદલે ભાજપના નેતા આ મુદ્દે હરફ પણ ઉચ્ચારી રહ્યા નથી.

વિજય શાહ કર્નલ સોફિયા કુરેશી માટે આવા શબ્દો ઉચ્ચારે છે કેમ કે કર્નલ સોફિયા મુસ્લિમ છે. આ વાત હાઈ કોર્ટે કહેવી પડી છે પણ ખરેખર તો ભાજપની નેતાગીરીએ કરવી જોઈએ અને બીજું કંઈ કરવાની તાકાત ના હોય તો વિજય શાહ પાસે કમ સે કમ જાહેરમાં માફી તો મંગાવવી જ જોઈએ.

આ દેશમાં એક વર્ગ એવો છે કે, જેને ભાજપની જરાક ટીકા કરો તો પણ મરચાં લાગી જાય છે. ભાજપની ભૂલો કે બેવડાં ધોરણ તરફ ધ્યાન દોરાય તો પણ ટીકાકાર પર ભાજપવિરોધી ને દેશવિરોધી હોવાનું લેબલ લગાવવા કૂદી પડે છે. અત્યારે ભાજપના એક મંત્રી ઈન્ડિયન આર્મીમાં ૨૦ વર્ષથી વધારે સમયથી સેવા આપતી દેશની દીકરી પર આતંકવાદીઓની બહેન હોવાનું લેબલ લગાવી રહ્યા છે ત્યારે તેમની બોલતી બંધ છે. ભાજપની ટીકા કરાય ત્યારે જ જેમનો દેશપ્રેમ ઉછાળા મારવા માંડે છે એ લોકોને શરમ આવવી જોઈએ. હિંદુઓનો ઈતિહાસ તો દેશની દીકરીઓ માટે મરી ફિટવાનો છે. અહીં એક બે બદામનો મંત્રી બેફામ લવારા કરે છે ને બધાં ચૂપ છે. દેશની દીકરીના બચાવમાં બોલી નહીં શકનારાં બધાંને લાનત છે.

મધ્ય પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી હિતાનંદ શર્માએ શાહને પાર્ટીના મુખ્યાલયે બોલાવીને કર્નલ સોફિયા વિરોધી નિવેદન બદલ ઠપકો આપ્યો પછી શાહે માફી માગી અને ફરી આવું નહીં કરવાનું વચન આપ્યું હોવાના દાવા ભાજપભક્ત મીડિયામાં કરાયા છે પણ શાહે જાહેરમાં કોઈ માફી માગી નથી કે ભાજપે પણ તેમણે માફી માગી હોવાનું કહ્યું નથી. ઊલટાનું શાહે તો એવો દાવો કર્યો કે, આપણી બહેનોએ પોતાની પૂરી તાકાતથી સેના સાથે કામ કર્યું છે. કેટલાક લોકો મારા ભાષણને અલગ સંદર્ભમાં જોઈ રહ્યા છે પણ મેં કશું ખોટું કહ્યું નથી.

કર્નલ સોફિયા કે આર્મીમાં કામ કરતી બીજી કોઈ પણ દેશની દીકરી વરસોથી દેશની સેવા કરે જ છે અને તેમને વિજય શાહના સર્ટિફિકેટની જરૂર નથી, પણ શાહને તેમને અપમાનિત કરવાનો અધિકાર તો જરાય નથી. શાહ જે બચાવ કરે છે એ વાહિયાત છે કેમ કે શાહે કર્નલ સોફિયાને આતંકવાદીઓની બહેન ગણાવી એ સ્પષ્ટ રીતે વીડિયોમાં સંભળાય જ છે.

વિજય શાહ સ્પષ્ટ રીતે એવું બોલતા સંભળાય છે કે, આપણી દીકરીઓના સુહાગ છિનવી લેનારા અને સિંદૂર ઉજાડનારાં સામે મોદીજીએ તેમની જ બહેનને મોકલીને તેમની ઐસી કી તૈસી કરી દીધી. ભારતીય સેનાનાં કર્નલ સોફિયા કુરેશી ઓપરેશન સિંદૂરમાં ભાગ નહોતો લીધો પણ વાયુસેનાના વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ સાથે મળીને પ્રેસ બ્રીફિંગમાં ભારત દ્વારા પાકિસ્તાન સામે કરાયેલા ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપી હતી. વિજય શાહને તો આ હકીકતની પણ ખબર નથી.

શાહ છાપેલું કાટલું છે અને વરસોથી આ પ્રકારના લવારા કર્યા જ કરે છે. વિજય શાહ ૨૦૧૩માં શિવરાજસિંહ ચૌહાણ સરકારમાં મંત્રી હતા ત્યારે ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણી પહેલાં ઝાબુઆમાં એક કાર્યક્રમમાં શિવરાજસિંહ ચૌહાણનાં પત્ની સાધનાસિંહ વિશે અશ્લીલ કોમેન્ટ કરી હતી. શાહે કહેલું કે, મેં શિવરાજસિંહનાં પત્ની સાધનાને કહેલું કે, ભૈયા એટલે કે શિવરાજસિંહ સાથે તો રોજ જાઓ છો પણ ક્યારેક દિયર એટલે કે પોતાની સાથે જવાનું પણ રાખો. આ ગંદી માનસિકતા બતાવનારા વિજય શાહ સામે આખા મધ્ય પ્રદેશમાં હોબાળો થઈ જતાં શિવરાજ સરકારમાં તેમણે રાજીનામું આપવું પડેલું પણ ચાર મહિના પછી ભાજપે પાછા તેમને મંત્રી બનાવી દીધા હતા.

વિજય શાહ એક્ટ્રેસ વિદ્યા બાલને રાત્રે મળવાની ના પાડતાં શૂટિંગ બંધ કરાવી દેવાના કારણે પણ વિવાદમાં આવેલા. વિદ્યા બાલન નવેમ્બર ૨૦૨૩માં બાલાઘાટમાં શૂટિંગ માટે આવેલી. શાહે વિદ્યા બાલનને રાત્રે મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. વિદ્યા બાલને મળવાની ના પાડી દેતાં શાહે વન વિભાગને ફરમાન કરાવીને ફિલ્મનું શૂટિંગ બંધ કરાવી દેતાં મુદ્દો રાષ્ટ્રીય સ્તરે ચગ્યો હતો. ભાજપ સરકારની ભારે બદનામી થતાં છેવટે વન વિભાગે ફરી શૂટિંગની મંજૂરી આપી હતી.

વિજય શાહને મહિલાઓ અંગે ગંદી માનસિકતા જાહેરમાં બતાવવામાં કોઈ છોછ નથી તેનો આ બે ઘટના પુરાવો છે. આ પહેલાં વિજય શાહે રાહુલ ગાંધી અપરિણીત હોવા અંગે પણ ગંદી ટિપ્પણી કરી હતી. સપ્ટેમ્બર ૨૦૨૨માં વિજય શાહે ખંડવામાં એક સભામાં કહ્યું હતું કે, કોઈ વ્યક્તિ ૫૦-૫૫ વર્ષની ઉંમર પછી પણ લગ્ન ન કરે તો લોકો પૂછવા લાગે છે કે શું છોકરામાં કોઈ ખામી છે?

વિજય શાહ બેફામ લવારા કરવા માટે પંકાયેલા છે. ભાજપ આ લવારા સામે આંખ આડા કાન કરે છે તેના કારણે એ છાકટા બન્યા છે ત્યારે ભાજપે આ વખતે તેમને પાઠ ભણાવીને કાયમ માટે રવાના કરી દેવા જોઈએ. ભાજપે સાબિત કરવું જોઈએ કે, તેના ચાવવાના અને બતાવવાના જુદા જુદા નથી. એક તરફ ભાજપની સરકાર કર્નલ સોફિયા કુરેશીને ઈન્ડિયન આર્મીની પ્રતિનિધિ બનાવીને બ્રીફિંગ માટે મોકલે ને બીજી તરફ ભાજપના એક મંત્રી કર્નલ સોફિયા કુરેશીને આતંકવાદીઓની બહેન ગણાવે ત્યારે બંનેમાંથી સાચું કોણ એ સ્પષ્ટતા પણ ભાજપે કરવી જોઈએ.

ભારતની ૧૫૦ કરોડ જનતા માટે તો કર્નલ સોફિયા કુરેશી દેશ કી બેટી છે, ભાજપ માટે શું છે? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ,
શુક્રવાર, તા. ૧૬-૫-૨૦૨૫, સંકષ્ટ ચતુર્થી

- ભારતીય દિનાંક ૨૬, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ વદ -૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૪
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૧૧મો જિલ્કાદ,સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર મૂળ સાંજે ક. ૧૬-૦૭ સુધી, પછી પૂર્વાષાઢા.
- ચંદ્ર ધનુમાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૨, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ફ
- ભરતીઃ બપોરે ક. ૧૪-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૯ (તા. ૧૭)

ઓટઃ સવારે ક. ૦૭-૧૮, રાત્રે ક. ૨૦-૧૬

- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - ચતુર્થી. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૨-૨૮.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન મુહૂર્ત રિક્તાતિથિમાં ગ્રાહ્ય છે. મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શ્રી ગણેશપૂજા, શ્રી ગણેશયાગ, સંકષ્ટી વ્રત ઉપવાસ, રાત્રે ચંદ્રદર્શન, ગણેશપૂજા પછી એકટાણાંનું ભોજન, શ્રી ગણેશને ચૂરમાના લાડુના નૈવેદ્ય અર્પણ કરવા. શુક્ર-કેતુ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, વિદ્યારંભ, મિલકત લેવડદેવડ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ ભાઈ-બહેનોમાં ઉપયોગી થાય, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ વ્યવહારમાં પાછા પડે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, શુક્ર રેવતી નક્ષત્ર પ્રવેશ. ચંદ્ર વિષુવૃવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૮ અંશ ૨૭ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

પહલગામ હુમલામાં પાકિસ્તાનના ટીઆરએફનો હાથ

## ભારતે યુએનની કમિટી સામે રજૂ કર્યા પુરાવા

પહલગામ : જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓએ ધર્મ પૂછીને ૨૬ પ્રવાસીઓની હત્યા કરી દીધી હતી. ત્યારબાદ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર) કબજા હેઠળના આતંકવાદી ઠેકાણાને નષ્ટ કર્યા હતા. હવે ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને તેના ફ્રન્ટ ટીઆરએફને બેનકાબ કર્યું છે. પહલગામ હુમલા પર ભારત હવે (યુનાઇટેડ નેશન્સ) પહોંચ્યું છે. ભારતે યુએનને આતંકવાદી સંગઠન (ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ) સામે પુરાવા રજૂ કર્યા છે. ભારતે પુરાવા સાથે જણાવ્યું કે, પહલગામ આતંકવાદી હુમલામાં ટીઆરએફ અને પાકિસ્તાનનો હાથ છે.

ભારતે ગુરુવારે (૧૫ મે) યુનાઇટેડ નેશન્સ ઑફિસ ઑફ કાઉન્ટર ટેરરિઝમ એટલે સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધી કાર્યાલય અને કાઉન્ટર ટેરરિઝમ કમિટી એક્ઝીક્યુટિવ ડાયરેક્ટોરેટ એટલે આતંકવાદ વિરોધી સમિતિ કાર્યકારી નિર્દેશાલય સામે પુરાવા રજૂ કર્યા. ભારતે પુરાવા સાથે ટીઆરએફ પર પ્રતિબંધ લાદવાની માંગ કરી હતી. ભારતે યુએન સમિતિમાં એ પણ જણાવ્યું કે,ટીઆરએફ આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલું છે.

હકીકતમાં, જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં ૨૬ પ્રવાસીઓની હત્યા બાદ ભારતીય અધિકારીઓએ ગુરુવારે (૧૫ મે) સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ૧૨૬૭ પ્રતિબંધ સમિતિની દેખરેખ ટીમને આંતકી સંગઠન ટીઆરએફની ગતિવિધિઓ વિશે જાણકારી આપી હતી. ભારતે જણાવ્યું કે, પહલગામ હુમલામાં ટીઆરએફ પણ સામેલ હતું.

ભારતીય ટીમે સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધી કાર્યાલય અને આતંકવાદ વિરોધી સમિતિ કાર્યકારી નિર્દેશાલયના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. ■

## પ. બંગાળઃ ટીએમસીના ધારાસભ્ય તાપસ સાહાનું નિધન

કૃષ્ણનગરઃ પશ્ચિમ બંગાળના તૃણમૂલ કૉંગ્રેસના ધારાસભ્ય તાપસ સાહાનું ગુરુવારે સવારે કોલકાતાની એક હોસ્પિટલમાં બ્રેન હેમરેજ થવાથી અવસાન થયું હતું. તેઓ ૬૬ વર્ષના હતા. આ માહિતી પાર્ટીના સૂત્રોએ આપી હતી.

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના તેહટ્ટા મતવિસ્તારના ધારાસભ્ય સાહાને મંગળવારે અચાનક બેભાન થયા બાદ પૂર્વ મહાનગરના ઇએમ બાયપાસ નજીક એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું કે તબીબી હસ્તક્ષેપ છતાં તેમની તબિયત વણસતી ગઇ અને ગુરૂવારે વહેલી સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

તેમના નિધનથી નાદિયાના રાજકીય વર્તુળોમાં અને પક્ષના કાર્યકરો, સમર્થકો અને રહેવાસીઓમાં શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ એક્સ પર જણાવ્યું કે હું નાદિયાના તેહટ્ટાના ધારાસભ્ય અને અમારા તૃણમૂલ કૉંગ્રેસ પરિવારના એક કિંમતી સભ્ય તાપસ સાહાના અકાળે નિધનથી ખૂબ જ દુઃખ અનુભવું છું. તેઓ મારા લાંબા સમયના સાથી હતા. તેમનું અવસાન જિલ્લા અને બંગાળના રાજકારણ માટે કદી ન પૂરી શકાય તેવી ખોટ છે. હું તેમના પરિવાર, સંબંધીઓ, મિત્રો અને અસંખ્ય સમર્થકો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.

ડાઉન ટુ અર્થ ગણાતા સાહા તૃણમૂલ કૉંગ્રેસના શરૂઆતના સભ્યો પૈકીના એક હતા. તેમને પાર્ટી સુપ્રીમો મમતા બેનરજીના નજીક સાથી માનવામાં આવતા હતા. ■

## પહેલા પાનાનું ચાલુ

### સુપ્રીમ કોર્ટ પર

વખતે કાઉન્સિલ ઑફ મિનિસ્ટર્સની સલાહ લેવા બંધાયેલા છે?

૩) શું બંધારણની કલમ ૨૦૦ અંતર્ગત રાજ્યપાલ દ્વારા લેવામાં આવેલા નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે?

૪) શું બંધારણની કલમ ૩૬૧ રાજ્યપાલ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો પર ન્યાયિક સમીક્ષાને સંપૂર્ણ પ્રતિબંધિત કરી શકે છે?

૫) બંધારણમાં સમયમર્યાદાની કોઈ જોગવાઈ નથી તેવા સંજોગોમાં શું અદાલતો રાજ્યપાલ દ્વારા બંધારણની કલમ ૨૦૦ અંતર્ગત લેવાયેલા નિર્ણયો માટે સમયમર્યાદા નક્કી કરી શકે છે?

૬) શું બંધારણની કલમ ૨૦૧ અંતર્ગત રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે?

૭) શું અદાલતો બંધારણની કલમ ૨૦૧ અંતર્ગત નિર્ણય લેવા રાષ્ટ્રપતિ માટે સમયમર્યાદા મુકરર કરી શકે છે?

૮) જો રાજ્યપાલે રાષ્ટ્રપતિની મંજૂરી માટે કે અન્ય કારણોસર ખરડાને નિર્ણય લેવા માટે સુરક્ષિત રાખ્યો હોય તેવા સંજોગોમાં શું રાષ્ટ્રપતિએ બંધારણની કલમ ૧૪૩ અંતર્ગત સુપ્રીમ કોર્ટની સલાહ-અભિપ્રાય લેવા જોઈએ?

૯) રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ દ્વારા બંધારણની કલમ ૨૦૦ અને ૨૦૧ અંતર્ગત લેવાયેલા નિર્ણયને પગલે ખરડો કાયદા સ્વરૂપે અમલમાં મુકાવાના તબક્કામાં હોય તે સમયે શું અદાલત તેનાં પર સુનાવણી કરી શકે?

૧૦) શું સુપ્રીમ કોર્ટ બંધારણની કલમ ૧૪૨ અંતર્ગત રાષ્ટ્રપતિ અને રાજ્યપાલની બંધારણીય સત્તામાં બદલાવ કરી શકે?

૧૧) શું બંધારણની કલમ ૨૦૦ અંતર્ગત રાજ્યપાલની મંજૂરી વિના રાજ્ય સરકાર કાયદો અમલમાં મૂકી શકે?

૧૨) શું સુપ્રીમ કોર્ટ બંધારણની કલમ ૧૪૫ (૩) અંતર્ગત બંધારણના અર્થઘટનને લગતા કેસને સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશની બનેલી ખંડપીઠને મોકલવાનો નિર્ણય લઈ શકે છે?

૧૩) શું સુપ્રીમ કોર્ટ બંધારણ કે વર્તમાન કાયદાથી મેળ ન ખાતા હોય તેવા નિર્દેશ કે આદેશ આપી શકે છે?

૧૪) શું બંધારણની કલમ ૧૩૧ની જોગવાઈ એવી પરવાનગી આપે છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેનો વિવાદ માત્ર સુપ્રીમ કોર્ટ જ ઉકેલી શકે છે?

સુપ્રીમ કોર્ટે રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂર કરવામાં આવેલા ખરડાને મામલે નિર્ણય લેવા તમામ રાજ્યપાલ માટે સમયમર્યાદા મુકરર કરી હતી અને તેઓ બંધારણની કલમ ૨૦૦ અંતર્ગત તેમની સમક્ષ રજૂ કરવામાં આવેલા ખરડાને મામલે સ્વતંત્ર નિર્ણય ન લઈ શકે તેમ જ કાઉન્સિલ ઑફ મિનિસ્ટર્સ દ્વારા આપવામાં આવેલા સલાહ-સૂચન તેમના માટે બંધનકર્તા છે, એમ આઠ એપ્રિલે આપેલા ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું.

રાજ્યપાલ દ્વારા મંજૂરી માટે મોકલવામાં આવેલા ખરડાને રાષ્ટ્રપતિ સુરક્ષિત-અનામત રાખે તો તેવા સંજોગોમાં રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટનો સીધો સંપર્ક કરી શકે છે, એમ ચુકાદામાં જણાવવામાં આવ્યું હતું. ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને આર. માધવનની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે રાજ્યપાલના અંગત અસંતોષ, રાજકીય અનુકૂળતા કે અન્ય અસંબંધિત કારણોસર ખરડાને સુરક્ષિત-અનામત રાખવાની બંધારણ પરવાનગી નથી આપતું અને એ ભૂમિકાને આધારે એ બાબતોને બાજુએ મૂકી શકાય છે. (એજન્સી) ■

### મેં મધ્યસ્થતા

સરકારે ટ્રમ્પના એ દાવાને પણ ફગાવી દીધો કે તેમણે વેપાર બંધ કરવાની ધમકી આપીને ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ લાવવામાં મદદ કરી હતી. સરકારે સ્પષ્ટપણે કહ્યું હતું કે પાકિસ્તાન સાથેના લશ્કરી તણાવ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચેની કોઈપણ ચર્ચા દરમિયાન વેપારનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો ન હતો. ડોનલ્ડ ટ્રમ્પની ટિપ્પણી અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટતા કરી હતી કે 'પાકિસ્તાન સાથેના તણાવપૂર્ણ ગતિરોધ દરમિયાન ભારત અને અમેરિકાનું નેતૃત્વ સંપર્કમાં હતું, પરંતુ વેપાર પર કોઈ ચર્ચા થઈ ન હતી.'

એક નિવેદનમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ થયાથી ૧૦ મેના રોજ ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે કરાર થયા ત્યાં સુધી ભારતીય અને અમેરિકન નેતાઓ વચ્ચે ઊભરતી લશ્કરી પરિસ્થિતિ પર ચર્ચા થઈ હતી. કોઈપણ ચર્ચામાં વેપારનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો ન હતો. ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અટકાવવાનો શ્રેય લીધા બાદ આ ટિપ્પણી કરવામાં આવી હતી. નોંધનીય છે કે અગાઉ ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમણે બંને દેશોના નેતાઓને કહ્યું હતું કે જો તેઓ યુદ્ધવિરામ માટે સંમત થાય તો અમેરિકા તેમને વેપારમાં મદદ કરશે અને જો તેઓ સંમત નહીં થાય તો કોઈ તેમની સાથે વેપાર કરશે નહીં. આ પછી બંને દેશો યુદ્ધવિરામ પર સંમત થયા હતા. ■

### જમ્મુ-કાશ્મીરના

હતા. અગાઉ શોપિયાં જિલ્લાના કેલ્લર વિસ્તારમાં સુરક્ષા દળ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં લશ્કરે તૈયબાના ત્રણ આતંકવાદીને ઠાર મારવામાં આવ્યાના બે દિવસ બાદ સેનાએ ગુરુવારે અન્ય એક ઍન્કાઉન્ટરમાં ત્રાલ વિસ્તારમાં લશ્કરે તૈયબાના વધુ ત્રણ આતંકવાદીને ઠાર માર્યા હતા. ■

### નિફ્ટીએ

સપાટીએ બંધ થયો હતો. બીએસઇ પર કુલ ટ્રેડેડ શેરોમાંથી ૨૬૩૯ શેરોમાં સુધારો જોવા મળ્યો હતો. નિફ્ટી ૫૦ અને બીએસઈ સેન્સેક્સ આ અઠવાડિયામાં અત્યાર સુધીમાં અંદાજે ચારેક ટકા વધ્યા છે અને સાત મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યા છે. જોકે, વિશ્લેષકોના મતે, પાછલા બે સત્રોમાં જોવા મળેલું પ્રોફિટ બુકિંગ બજારની ઉર્ધ્વ ગતિને ઉચ્ચ સ્તરે ધીમી પડી શકે છે. વ્યાપક બજારમાં પણ તેજી રહી હોવાથી બીએસઇનો સ્મોલ કેપ ઇન્ડેક્સ ૦.૯૪ ટકા અને મિડકેપ ૦.૬૭ ટકા વધ્યો હતો. તમામ સેક્ટરલ ઇન્ડેક્સમાં સુધારો હતો. ગુરુવારે ભારતના ઇક્વિટી બેન્ચમાર્ક નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા, વિશ્લેષકો ફુગાવામાં હળવાશ અને યુએસ-ચીન વેપાર વાટાઘાટોમાં પ્રગતિને કારણે લાભને પગલે કોન્સોલિડેશનના તબક્કાની અપેક્ષા રાખી રહ્યા હતા. ખૂલતા સત્રમાં, ૧૩ મુખ્ય ક્ષેત્રીય શેરઆંકમાંથી નવ નેગેટિવ ઝોનમાં સરક્યા હતા, જ્યારે સ્મોલ અને મિડ કેપ સૂચકાંકો મોટાભાગે યથાવત રહ્યા હતા. જોકે, બપોરે એકાએક નવેસરની લેવાલી નીકળતાં બંને બેન્ચમાર્ક ઊંચી સપાટી તરફ આગળ વધ્યા હતા. ■

### ઓપરેશન સિંદૂરે

નિશાન બનાવ્યા હતા.

તેમજ કાર્યવાહીને સંતુલિત ગણાવી હતી. આમાં એવા સ્થળોનો પણ સમાવેશ થાય છે જેની વોશિંગ્ટન પોસ્ટ દ્વારા નુકસાનની પુષ્ટિ કરવામાં આવી હતી. પાકિસ્તાની સૈન્ય પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે એરબેઝ નુકસાન થયું છે પરંતુ તેની સંખ્યા આપી નથી.

અલ્બેનીની યુનિવર્સિટીના સહાયક પ્રોફેસર અને ભારત-પાકિસ્તાન દુશ્મનાવટ પરના પુસ્તકના લેખક ક્રિસ્ટોફર ક્લેરીએ ધ વોશિંગ્ટન પોસ્ટને જણાવ્યું હતું કે ઉપગ્રહ પુરાવાએ દાવા સાથે સુસંગત છે. જેની ભારતીય સૈન્યએ પાકિસ્તાન વાયુસેનાના અનેક એરબેઝને મોટું નુકસાન પહોંચાડ્યું હતું.

સેટેલાઇટ તસવીરોની સમીક્ષા કર્યા બાદ ગુડહિડે જણાવ્યું હતું કે રાવલપિંડીના નૂર ખાન એરબેઝ પરના બે મોબાઇલ નિયંત્રણ કેન્દ્રોનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે નજીકના પાર્કિંગમાંથી લેવામાં આવેલા વીડિયોમાં નુકસાન પામેલા સ્થળમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો.

સેટેલાઇટ તસવીરોમાં પાકિસ્તાન વાયુસેનાના ભોલારી અને શાહબાઝ એરફિલ્ડ પર એરક્રાફ્ટ હેંગર તરીકે ઉપયોગમાં લેવાતી ઇમારતોને વ્યાપક નુકસાન દર્શાવવામાં આવ્યું છે. નૂર ખાન એરફિલ્ડ પાકિસ્તાન માટે એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જે સ્ટ્રેટેજિક પ્લાન્સ ડિવિઝનની નજીક આવેલું છે. જે દેશના ૧૭૦ પરમાણુ શસ્ત્રોનું રક્ષણ કરે છે.

ભોલારી ખાતેના એક હેંગરની છતમાં લગભગ ૬૦ ફૂટ પહોળું કાણું હતું. જે મિસાઇલ પડી હોવાનો પુરાવો છે. લશ્કરી સંશોધકોના મતે ભોલારી હેંગરમાં સાબ ૨૦૦૦ એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ સિસ્ટમ એરક્રાફ્ટ છે. જેની કિંમત લાખો ડૉલર છે. શાહબાઝ એરબેઝના હેંગરમાં ૧૦૦ ફૂટથી વધુ પહોળું કાણું હતું. જે ફક્ત લશ્કરી ઉપયોગ માટે છે. એક કંટ્રોલ ટાવરને પણ નુકસાન થયું હતું.

આ ઉપરાંત મુશાફ એરફિલ્ડ અને શેખ ઝાયેદ ઇન્ટરનેશનલ એરપોર્ટના રનવે પર મોટા ખાડા પડી ગયા હતા. પ્લેનેટ અને ફર્મ મેક્સાર દ્વારા લેવામાં આવેલા ફોટોગ્રાફ્સ અનુસાર મુશાફ એરફિલ્ડના ખાડાઓનું સમારકામ બીજા દિવસ સુધીમાં શરૂ થઈ ગયું હતું. પાકિસ્તાની સેનાએ જણાવ્યું હતું કે ભોલારીમાં વાયુસેનાના પાંચ અને મુશાફ એરફિલ્ડમાં એક જવાન માર્યા ગયા હતા. ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. તેની બાદ ભારતીય સેનાએ સાત મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી કેમ્પોને ઉડાવી દીધા હતા. જેમાં ૧૦૦થી વધુ આતંકી માર્યા ગયા હતા. ત્યાર બાદ પાકિસ્તાને ભારતના અનેક શહેરો પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. જેને ભારતીય સેનાએ નાકામ કર્યા હતા. તેમ જ ભારતીય સેનાએ પાકિસ્તાનમાં એર સ્ટ્રાઈક કરીને ૧૧ એરબેઝને ઉડાવી દીધા હતા. તેની બાદ ગભરાયેલા પાકિસ્તાનની વિનંતી પર ૧૦ મે થી હાલ બંને દેશો વચ્ચે યુદ્ધ વિરામ લાગુ કરવામાં આવ્યો છે. ■

### યુપીમાં

પહોંચ્યા હોવા છતાં, પાંચ મુસાફર - લક્ષ્મી દેવી (૫૫), સોની મહતો (૨૬), દેવરાજ (૩), સાક્ષી (૨) અને મધુસુદન (૨૧) - ને બચાવી શકાયા નથી, એમ પોલીસે જણાવ્યું હતું. ઘણા લોકો દાઝી ગયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બસનો ઇમરજન્સી એક્ઝિટ ખરાબ થઈ ગયો હતો, જેના કારણે પાછળના ભાગમાં મુસાફરો ફસાઈ ગયા હતા.

આદિત્યનાથે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને અધિકારીઓને ઘાયલોને તાત્કાલિક સારવાર આપવાનો નિર્દેશ આપ્યો હતો.

હરદોઈ જિલ્લામાં, સવારે ૯.૪૫ વાગ્યે હરદૌલ માઉ ગામ નજીક એક ઓટોરિક્ષા ડમ્પર ટ્રક સાથે અથડાતાં છ લોકોના મોત થયા હતા અને ત્રણ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે મૃતકોમાં રણજીત રાઠોડ (૨૫), અંકિત કુમાર (૨૦), અરવિંદ (૨૦), ફૂલ જહાં (૨૪), નિસાર (૪૦) અને બિતાના (૨૫) નામની મહિલાનો સમાવેશ થાય છે. ઘાયલો - સિરાજ (૧૬), અયાઝ (૨) અને જુગ્નુ (૭) - ને સંદિલા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા અને બાદમાં લખનઊ રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં અયાઝની હાલત ગંભીર છે, એમ પોલીસે જણાવ્યું હતું.

એક અલગ ઘટનામાં, બુધવારે મોડી રાત્રે બલરામપુર-તુલસીપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક કાર અને એક ઝડપી ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી જેમાં એક પરિવારના પાંચ સભ્યનાં મોત થયા હતા.

ચકવા ગામ નજીક ટ્રક કાર સાથે અથડાઈ હતી, જેમાં પાંચ લોકોનાં મોત થયા હતા અને આઠ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને જિલ્લા સ્મારક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

બલરામપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ પવન અગ્રવાલ અને એસપી વિકાસ કુમારે હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ઘાયલોને શ્રેષ્ઠ શક્ય સારવાર પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો હતો.

આદિત્યનાથે દુઃખ વ્યક્ત કર્યું હતું અને ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી હતી. સોનભદ્રમાં, વારાણસી-શક્તિનગર રોડ પર ડીએમ ઓફિસ પાસે એક ટ્રકે એક વૃદ્ધ દંપતી અને તેમના પુત્રને લઈ જતી મોટરસાઇકલને ટક્કર મારી હતી. કાચનરવા ગામના રહેવાસી અમૃત ઓરાઓન (૬૨) અને તેમની પત્ની મંતોરની દેવી (૫૭)નું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

બાઇક ચલાવતો તેમનો પુત્ર ધર્મેન્દ્ર કુમાર ગંભીર રીતે ઘાયલ થયો હતો અને તેને જિલ્લા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે ટ્રક ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી છે.

અમેઠીના મુસાફિરખાના વિસ્તારમાં, કાનકૂપુર ગામ નજીક એક ઝડપી કારે ટક્કર મારતાં ઇ-રિક્ષામાં મુસાફરી કરી રહેલા ૭૦ વર્ષીય વ્યક્તિ ઓમ પ્રકાશ અગ્રહરીનું મોત નીપજ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે તેમણે કાર જપ્ત કરી લીધી છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે, જોકે ડ્રાઇવર ફરાર છે. ■

### મણિપુરમાં

હતું. પોસ્ટમાં જણાવ્યા અનુસાર અભિયાન દરમિયાન શંકાસ્પદ કેડર દ્વારા સૈનિકો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેનો તેમણે તાત્કાલિક જવાબ આપ્યો હતો. ત્યારબાદ થયેલા ગોળીબારમાં ૧૦ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. તેમજ ભારે માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો.

કોહિમા સ્થિત સંરક્ષણ જનસંપર્ક અધિકારીએ જણાવ્યું કે અભિયાન હજુ પણ ચાલુ છે... જ્યારે તે પૂર્ણ થશે ત્યાર પછી અમે વિગતો જાહેર કરી શકીશું. ■

# નવી મુંબઈ ઍરપોર્ટ પર ૧૫૦ ફ્લાઈટનો સ્લોટ ટ્રાન્સફર કરવાનો નિર્ણય પાછો ખેંચાયો

મુંબઈ:એરપોર્ટ ઓપરેટરે મુંબઈ એરપોર્ટ પરથી ઉડ્ડયન - ઉતરાણ કરતા ૧૫૦ વિમાનને આગામી નવી મુંબઈ એરપોર્ટ પરથી ઉડ્ડયન - ઉતરાણ કરવાની આપેલી પરવાનગી રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુંબઈની બહાર કાર્યરત એરલાઇન્સ માટે મોટી રાહત છે. આ નિર્ણય આ વર્ષે ઓક્ટોબરના અંતમાં લાગુ થવાનો હતો. આ ઉપરાંત એરપોર્ટે ૧૬ ઓગસ્ટથી મુંબઈ એરપોર્ટ પર ફ્રેઈટર વિમાનની કામગીરી પર પ્રતિબંધ મૂકવાનો અગાઉનો નિર્ણય પણ પાછો ખેંચી લીધો હતો.

તાજેતરમાં યોજાયેલી બેઠકમાં એરલાઇન્સ, મુંબઇ ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (એમઆઇએએલ) અને અન્ય હોદ્દેદારો વચ્ચે થયેલી ચર્ચા બાદ આ બંને નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા.

ગયા મહિને મુંબઈ એરપોર્ટે એરલાઇન્સને માહિતી આપી હતી કે તેમના સ્લોટની એક ટકાવારી ઓક્ટોબરમાં આગામી નવી મુંબઈ એરપોર્ટ પર કામચલાઉ ધોરણે ખસેડવામાં આવશે. મુંબઇ એરપોર્ટના ટર્મિનલ વનના ડિમોલિશન અને પુનર્નિર્માણની સુવિધા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એનો અર્થ એ થયો હોત કે ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એરલાઈન્સે ઑક્ટોબરથી માર્ચ દરમિયાનની તેમની કેટલીક ફ્લાઈટ્સને નવી મુંબઈ એરપોર્ટ પર ખસેડવી પડશે'

એરલાઇન્સની વેપારી સંસ્થા ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિયેશન (આઇએટીએ)એ આ બંને નિર્ણયોને એકતરફી ગણાવ્યા હતા અને સરકારના હસ્તક્ષેપની માગણી કરી હતી. ■

# ધારાવીમાં આંખના કેમ્પનો 3000 રહેવાસીઓએ લાભ લીધો




મુંબઈ: ધારાવી સોશિયલ મિશન (ડીએસએમ) દ્વારા આયોજિત કેમ્પ દરમિયાન ધારાવીના ૩૦૦૦ રહેવાસીઓએ મફત આંખની તપાસ કરાવી હતી. ધારાવીમાં અત્યાર સુધીની આ સૌથી મોટી પહેલ છે, જે ધારાવી રિસોર્સ સેન્ટર સહિત અનેક સ્થળોએ યોજાઈ હતી.

માર્ચ મહિના દરમિયાન યોજાયેલા આ કેમ્પમાં ધારાવીકરોમાં વિવિધ સેક્ટર અને સમુદાયને આવરી લીધો હતો. ૮૩ ટકા લોકોને રીફ્રેક્ટિવ એરર અથવા પ્રેસ્બાયોપિયા હોવાનું જાણવા મળ્યું. ૧૨૦૦થી વધુ રહેવાસીઓને સ્થળ પર જ ચશ્મા પૂરા પાડવામાં આવ્યા હતા, જ્યારે ૧૦૦૦થી વધુ લોકોને વાંચન માટેના ચશ્મા પ્રાપ્ત થયા હતા. આમ કુલ મળીને, ૬૧ ટકા લાભાર્થીઓ પહેલી વાર ચશ્મા પહેરનારા હતા, જે ગીચ વસ્તીવાળા વિસ્તારમાં મૂળભૂત આંખની સંભાળની લાંબા સમયથી અભાવની બાબતને ઉજાગર કરે છે.

એનએમડીપીએલના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં પાયાના સ્તરે જાગૃતિના પ્રયાસો અને સ્થાનિક સ્વયંસેવકોના સમર્થન દ્વારા ઉચ્ચ ભાગીદારી શક્ય બની હતી.■

# ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ફરજ બજાવનાર સૈનિકની પાંચ દાયકાથી હેરાનગતિ

## હાઈ કોર્ટે રાજ્ય સરકારનો ઉઘડો લીધો

મુંબઈ: ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં લશ્કરમાં ફરજ બજાવનારા ૮૨ વર્ષના યુદ્ધવીરને પાંચ દાયકા કરતાં પણ વધુ સમય પહેલાં ફાળવવામાં આવેલી જમીન સોંપવામાં થયેલા વિલંબને કારણે તેમની થયેલી હેરાનગતિ બદલ બોમ્બે હાઇકોર્ટે મહારાષ્ટ્રના મહેસૂલ વિભાગનો ઉધડો લઈ તીવ્ર ટીકા કરી હતી.

વિઠોબા મારુતિ પરબળકર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરતા ન્યાયમૂર્તિ ગિરીશ એસ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ અદ્વૈત એમ. શેઠનાની ખંડપીઠે અવલોકન કર્યું હતું કે મહેસૂલ અધિકારીઓ વરિષ્ઠ યુદ્ધવીર સાથે ન્યાયપૂર્ણ વર્તન કરવામાં નિષ્ફળ રહ્યા છે એટલું જ નહીં, પરંતુ તેમને ઓફર કરવામાં આવતી વૈકલ્પિક જમીનની સ્થિતિ અંગે પણ અદાલતને ગેરમાર્ગે દોરી હોવાનું જણાય છે.

ખંડપીઠે નવ મેએ આપેલા આદેશમાં ટિપ્પણી કરી હતી કે 'પોતાના જ કાર્યાલયની જમીનની સ્થિતિથી અજાણ હોવાનો મહેસૂલ અધિકારીઓનો દાવો આઘાતજનક છે.' આ સાથે ખંડપીઠ દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે સંબંધિત અધિકારીઓ સામે તિરસ્કારની કાર્યવાહી શરૂ કરવા પર વિચાર કરવામાં આવશે..

એડવોકેટ અવિનાશ ફતંગરે અને એડવોકેટ અર્ચના શેલારએ પરબળકરનો કેસ રજૂ કર્યો હતો. ૧૨ ડિસેમ્બર, ૧૯૭૧ના દિવસે ભારતીય સેનામાં નાયક તરીકે ફરજ બજાવતી વખતે તોપમારામાં ઘાયલ થયા હતા. તેમની સેવાને માન આપીને રાજ્ય સરકારે ૧૯૭૧માં એક ઠરાવ બહાર પાડીને આદેશ આપ્યો હતો કે ઇજાગ્રસ્ત અથવા શારીરિક અક્ષમ સૈનિકોને ખેતી અથવા રહેણાંકના ઉપયોગ માટે જમીન ફાળવવામાં આવે. ૧૯૭૨માં, આર્મીએ રાયગઢના મહેસૂલ અધિકારીઓને એક પત્ર મોકલીને તેનું પાલન કરવાની માગણી કરી હતી. ■





અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૭ લાખથી
વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૭૧ કરોડ
જનસંખ્યાને

મે-૨૦૨૫ માસમાં મે અને જૂન-૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૧/૦૫/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત મે-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જૂન-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

મે-૨૦૨૫ રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

અગત્યની સૂચના

- મે માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો મે અને જૂન માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરીત કરવામાં આવતા મે માસના ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ મે માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઓથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.



Fitness Highway
SLIMMING BEAUTY & WELLNESS
DR. BHAVANA SHAH FITNESS CARE PVT. LTD.
www.fitnesshighway.in

LET YOUR SISTER SHINE AGAIN

Is your sister hiding behind oversized clothes?
Bring her confidence back
with smart weight loss.

Only at Fitness Highway!

LOSE UP TO 10 KG IN JUST 2 MONTHS..!*

*Terms and Conditions Apply

100% Assured Results*

Advanced Technology
MULTISLIM MACHINE AND FAT FREEZE

No Medicine | No Surgery | No Side Effects

VISIT FITNESS HIGHWAY
Safe, Fast, and Effective Weight Loss..!

MALE-SPECIFIC Weight Loss & Tummy Tuck Center In Mumbai

*Advertisement for preliminary purposes only. Pictures representative. Results vary from person to person.

Santacruz (W) 9082171429
Borivali (W) 8779170578
Erandwane (Pune) 8390908643

*Medical advise recommend before use. Condition apply.



## સંસ્થા સમાચાર

### જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જૈન લગ્નોત્સુક યુવાનો માટે પરિચય મિલનનું આયોજન અને વેબસાઈટનું લોન્ચિંગ

જૈન જાગૃતિ સેન્ટર જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમસ્ત જૈન પરિવારના લગ્નોત્સુક માટે પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જૈન લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે જે જે સી નોર્થ ઇસ્ટ દ્વારા બનાવવામાં આવેલી ખાસ વેબસાઇટ https://vivaah.jjcnortheast.com નું લોકાર્પણ માતુશ્રી મંજુલાબેન જેઠાલાલ મોરબિયાના વરદ હસ્તે કરવામાં આવશે. શનિવારે ૧૭ મેએ સવારે ૮ વાગ્યાથી બપોરે બે વાગ્યા દરમ્યાન ઘાટકોપર-ઈસ્ટમાં તિલકનગર રોડ પર આવેલા ભાનુશાલી બેન્કવેટ ખાતે પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

૩૧ જુલાઈ સુધી નિઃશુલ્ક સેવા આપવામાં આવશે. જેજેસી નોર્થ-ઈસ્ટની ઑફિસમાં દર બુધવારે અને શનિવારે બપોરે ત્રણથી પાંચ વાગ્યા સુધી માર્ગદર્શન આપવામાં આવશે. સંપર્ક : ઑફિસ-ઍડ્રેસ : ઑફિસ નંબર ૨, ઈ/ઘ-રમેશ સ્ટોન સપ્લાય કંપની, શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ, હિંગવાલા લેન, ઘાટકોપર-ઈસ્ટ.

# સંજય રાઉતની બદનક્ષીની ફરિયાદઃ નિતેશ રાણે સામે જામીન પાત્ર વોરન્ટ જારી

મુંબઈઃ મુંબઈની એક અદાલતે ગુરુવારે મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણે વિરુદ્ધ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ૨૦૨૩માં તેમની સામે નોંધાવેલી બદનક્ષીની ફરિયાદના સંદર્ભમાં જામીનપાત્ર વોરન્ટ જારી કર્યું હતું.

રાણે કોર્ટ સમક્ષ હાજર થવામાં નિષ્ફળ જતા ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (મઝગાંવ કોર્ટ) આરતી કુલકર્ણી દ્વારા આ વોરંટ જારી કરવામાં આવ્યું હતું. વોરંટ અંગેના અહેવાલ માટે આ મામલો બીજી જૂન સુધી મુલતવી રાખવામાં આવ્યો છે. ભાજપના વિધાનસભ્ય અને રાજ્યકક્ષાના મત્સ્યઉદ્યોગ અને બંદરોના વિકાસ ખાતાના પ્રધાન રાણે સામે એક મહિનામાં આ પ્રકારનું આ બીજું વોરંટ છે. આ પહેલા પણ કોર્ટે આ કેસની સુનાવણી માટે કોર્ટમાં હાજર થવામાં નિષ્ફળ રહેવા બદલ તેમની સામે અનેક વોરંટ જારી કર્યા હતા.

મે ૨૦૨૩માં પૂર્વ કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેના પુત્ર, નીતેશ રાણેએ રાઉતને કથિત રૂપે ''સાપ'' કહ્યો હતો. એક એવો સાપ જે જે ઉદ્ધવ ઠાકરેને છોડી દેશે અને તે વર્ષે જૂન સુધીમાં (અવિભાજિત) એનસીપીમાં જોડાશે.

રાજ્યસભાના સભ્ય રાઉતે મેજિસ્ટ્રેટની કોર્ટ સમક્ષ ફરિયાદ દાખલ કરીને કથિત ''બદનક્ષીકારક અને નિર્લજ્જપણે ખોટી'' ટિપ્પણી બદલ નિતેશ રાણે સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. (પીટીઆઈ)

# તુળજાપુર મંદિરના ૧૨ પૂજારી વિરુદ્ધ ગેરરીતિ આચરવા બદલ કાર્યવાહી

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના ધારાશિવ જિલ્લાના પ્રખ્યાત તુળજાપુર મંદિરના ૧૨ પૂજારીઓ સામે શિસ્તભંગ, અનુચિત વર્તન અને નિયમોના ઉલ્લંઘનના આરોપસર ગયા વર્ષે નવેમ્બરથી કાર્યવાહી કરવામાં આવી હોવાની જાણકારી એક અધિકારીએ આપી જણાવ્યું હતું કે આ કાર્યવાહી તુળજાપુર ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. ધારાશિવના કલેક્ટર ટ્રસ્ટના અધ્યક્ષ છે. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ૧૨ પૂજારીઓને ૧૫ દિવસથી છ મહિના સુધીના સમયગાળા માટે મંદિરમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

# દિવ્યાંગો માટે ફૂટપાથ પર 'ટેક્ટાઇલ પાથ'

મુંબઈઃ સામાન્ય રાહદારીઓની સુલભતા માટે રસ્તા પર બનાવાયેલા ફૂટપાથ પર હવે ઊભી અને આડી રેખાઓવાળા સ્પર્શેન્દ્રિય માર્ગ (ટેક્ટાઇલ પાથ) સ્થાપિત કરવામાં આવશે.આ ટેક્ટાઇલ પાથ અંધ ને દિશાઓ અને અવરોધો સમજવામાં મદદ કરશે, બાંગરે પૂર્વીય ઉપનગરોમાં ચાલી રહેલા સિમેન્ટ કોંક્રીટીંગ કામોની વ્યક્તિગત મુલાકાત લઇ, તેનું નિરીક્ષણ કર્યું હતું, જેમાં મુલુંડ (પૂર્વ)માં હોલી એન્જલ્સ હાઇ સ્કૂલ અને જુનિયર હાઇ સ્કૂલનો સમાવેશ થાય છે. ત્યારબાદ બાકીના રસ્તાઓ પરના કામના અંતિમ તબક્કા પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

## ક્લાસિફાઈડ

### ૬. પરચુરણ

**પ્રિન્સ આર્ટ**
જુની ઝરીની સાડી બોર્ડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બનડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જૂના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટીક આઈટમ લેનાર કેરબા 9920663443, 9107866786. (૨૭૪)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન પિકઅપડ્રોપ. સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. અરહમ હોલિડે 9769977466/ 9892534488. (બી-૧૫૯૫૨)

### ૧૭. જગ્યા આપવી છે

**NEPEANSEA ROAD**
**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ. 9594599769. (૧૫૩૪૯/સી)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


છેલ્લા પાનાનું ચાલુ

### 'ભિખારી' પાકિસ્તાન

દસ ગણો વધારે છે. ભારત આખા વિશ્વમાં ઝડપથી વધતી અર્થવ્યવસ્થા પૈકી એક છે. ૨૦૨૫ માટે ભારતની વાસ્તવિક જીડીપીમાં ૬.૪% વધારો થયો અને તે ૪ ટ્રિલિયન ડોલર કરતા વધુ છે. પાકિસ્તાન માટે શરમજનક બાબત એ છે કે ભારતના મહારાષ્ટ્ર અને તામિલનાડુ જેવા મહત્વના રાજ્યોની જીડીપી આખા પાકિસ્તાનના જીડીપી કરતા વધુ છે. મહારાષ્ટ્રનું જીડીએપી ૪૨.૬૭ લાખ કરોડ છે અને તામિલનાડુની ૩૧.૫૫ લાખ કરોડ રૂપિયા છે. મહારાષ્ટ્ર અને તામિલનાડુ બંને દેશમાં પ્રમુખ ઔદ્યોગિક અને ઓટોમોટિવ કેન્દ્ર છે જ્યાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિકરણ થયું છે. 'મેડ ઈન ઇન્ડિયા' ને લીધે આ બે રાજ્યોના જીડીપીમાં વધારો થશે. આર્થિક સંકટ હોવા છતાં પાકિસ્તાનનો સંરક્ષણ ક્ષેત્રનો ખર્ચ ખુબ વધારે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે પાકિસ્તાને તેના સંરક્ષણ બજેટમાં ૧૬.૪%નો વધારો કરતા અંદાજે ૬૦,૬૫૫ કરોડ કર્યો છે. નોંધનીય છે કે ૨૦૧૯ થી ૨૦૨૩ દરમ્યાન લશ્કરી આયાતો માંથી લગભગ ૮૨% આયાત ચીન માંથી કરી છે.

### ઉલ્હાસનગરમાં

ત્રણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાયા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી. પડોશીઓએ પોલીસને જણાવ્યું હતું કે પહુજા પરિવાર આર્થિક તંગીનો સામનો કરી રહ્યો હતો, કારણ કે કેટલાક લોકોએ તેમની સાથે છેતરપિંડી આચરી હતી. દંપતીએ છ મહિના અગાઉ હૃદયની બીમારીને કારણે તેમનો ૧૨ વર્ષનો પુત્ર ગુમાવ્યો હતો. પડોશી તથા મિત્રોએ જણાવ્યું હતું કે પવન તેની સમસ્યાઓ અંગે વારંવાર તેમની સાથે ચર્ચા કરતો હતો અને જીવન ટૂંકાવવાની વાત કરતો હતો. તેના એક મિત્રએ કહ્યું હતું કે પવને મૃત્યુ પહેલા વીડિયો રેકોર્ડ કર્યો હતો.

### વેપારીઓએ

લેનારા તમામ વેપારીઓને હું અભિનંદન આપું છું. આ સમયે, 'રાષ્ટ્ર પ્રથમ'એ આપણું વલણ હોવું જોઈએ. પહલગામમાં હત્યાકાંડનું કરનારાઓને જ નહીં, પરંતુ તેમને ટેકો આપનારા દેશોને પણ પાઠ ભણાવવાની જરૂર છે. નાગરિકોમાં 'રાષ્ટ્ર પ્રથમ'ની આ કુદરતી લાગણીનું હું સ્વાગત કરું છું,' એમ ફડણવીસે ઉમેર્યું હતું. પાકિસ્તાનથી કથિત રીતે ધમકીભર્યો ફોન આવતા એક વેપારીના સંદર્ભમાં તેમણે કહ્યું કે વેપારીઓએ આવી ધમકીઓથી ચિંતા કરવાની જરૂર નથી.

'ભારત એક એવો દેશ છે જેણે પાકિસ્તાનમાં ઘૂસીને તેને બરબાદ કરી દીધું છે. ધ ન્યૂયોર્ક ટાઈમ્સે પણ ભારત દ્વારા થયેલા વિનાશની સેટેલાઇટ છબીઓ પ્રકાશિત કરીને પાકિસ્તાનનો પર્દાફાશ કર્યો છે. બીજી બાજુ, પાકિસ્તાન આપણને કોઈ નુકસાન પહોંચાડી શક્યું નથી. ખાલી ધમકીઓનો શિકાર બનવાની કોઈ જરૂર નથી. સરકાર રક્ષણ પૂરું પાડશે, અને દરેકે 'રાષ્ટ્ર પ્રથમ'ના વલણ પર અડગ રહેવું જોઈએ,' એમ તેમણે ઉમેર્યું હતું.

### પુણેના વેપારીને

મળ્યો છે. સામાન્ય રીતે માર્કેટયાર્ડ તરીકે ઓળખવામાં આવતા કૃષિ ઉત્પાદન બજાર સમિતિ (એપીએમસી)ના વેપારી સુયોગ ઝેન્ડે અને કેટલાક અન્ય લોકોએ કહ્યું હતું કે તેઓ તુર્કીથી સફરજનનો વેપાર કરશે નહીં, કારણ કે તુર્કીએ પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી માળખા પર ભારતના તાજેતરના હુમલાઓની ટીકા કરી હતી. 'આજે સવારે લગભગ ૯ વાગ્યાની આસપાસ, મને મારા ફોન પર ફોન આવવા લાગ્યા પણ મેં ફોન ઉપાડ્યો નહીં. પાછળથી મને એક વોઇસ નોટ મેસેજ મળ્યો. મેસેજમાં ભારત માટે અપશબ્દો કહેવામાં આવ્યા હતા અને કહેવામાં આવ્યું હતું કે અમે પાકિસ્તાન કે તુર્કીને કોઈ નુકસાન પહોંચાડી શકીએ નહીં. મેં ધમકીઓનો જવાબ આપતા વોઇસ નોટ મોકલી હતી,' એમ તેમણે પત્રકારોને જણાવ્યું. ઝેન્ડેએ જણાવ્યું હતું કે, વેપારીઓ આ સંદર્ભમાં પુણે પોલીસ કમિશનરને મળવાનું આયોજન કરી રહ્યા છે.

વેપારીઓએ વિરોધ પ્રદર્શન કરતાં ગુરુવારે માર્કેટયાર્ડના તુર્કીથી આયાત કરેલા સફરજન રસ્તા પર ફેંકી દીધા હતા. ઝેન્ડેના મતે પુણેના વેપારીઓ તુર્કીથી સફરજન, લીચી, આલુ, ચેરી અને સૂકા ફળોની આયાત કરે છે. તેમણે અગાઉ કહ્યું હતું કે, ફક્ત સફરજનની આયાત ૧,૨૦૦ કરોડ રૂપિયાની છે.

### ચીની સામાનનો

૧૩ ટકા માલ અહીં આયાત થાય છે. મોટી મશીનરી ચીનની છે. ચીન વિશ્વમાં સૌથી વધુ માલની નિકાસ ભારતમાં કરે છે. આ બંધ કરો, પછી તમે જુઓ ચીન પાકિસ્તાનને કેવી રીતે મદદ કરે છે.' મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું, ''આ સારી વાત છે. જો તેમના કોઈ પકડાયા હોય, તો તેમને પણ છોડી દેવા જોઈએ. આ માનવતાનો મામલો છે. તેમણે જવાનને છોડ્યો તે યોગ્ય છે.''

પુણેમાં વેપારીઓએ ટર્કિશ સફરજનનો વિરોધ કર્યો છે. પુણેના એપીએમસી માર્કેટના સફરજનના એક વેપારી જણાવ્યું કે, તુર્કીએ પાંચ-છ દિવસ પહેલાથી પાકિસ્તાનને ટેકો આપ્યો હોવાથી બહિષ્કાર કરવામાં આવ્યો છે . ભારત ફક્ત પાકિસ્તાનમાં આતંકવાદની વિરુદ્ધ હતું. તુર્કીએ તેમાં વચ્ચે પાડવાની કોઈ જરૂર નહોતી. તુર્કીએ પાકિસ્તાનને ડ્રોન આપ્યા. પછી ડ્રોન હુમલો થયો. અમે વિચાર્યું કે અમે પણ દેશ માટે કંઈક કરીએ. અમારા હજારો બોક્સ માર્કેટમાં વેંચાય છે. અમારા છૂટક ગ્રાહકો જ તુર્કીના સફરજન ખરીદવાની ના પાડી રહ્યા છે.

# બેસ્ટની બસનાં ભાડાં બમણાં થતાં પ્રવાસીઓની સંખ્યા ૧૦% ઘટી

### તેમ છતાં આવકમાં વધારો થતા રાહત

મુંબઈઃ નાણાકીય કટોકટીમાંથી બહાર આવવા માટે બેસ્ટ પ્રશાસને ભાડામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ વધારાને કારણે આવકમાં તો વધારો થયો છે, પરંતુ મુસાફરોની સંખ્યામાં ૧૦ ટકાનો ઘટાડો થયો હોવાનું જોવા મળી રહ્યું છે. બેસ્ટે ૯ મેથી ટિકિટના ભાવમાં વધારો લાગુ કર્યો છે, જેના કારણે મુસાફરોની સંખ્યામાં ઘટાડો થયો છે. ૯ મેના રોજ ૨૩,૧૭,૦૦૦ મુસાફરોએ મુસાફરી કરી હતી, જેના ૨,૯૩,૪૧,૦૦૦ રૂપિયા બેસ્ટના ખજાનામાં જમા થયા છે.

છેલ્લા ૧૦ વર્ષથી નાણાકીય કટોકટીનો સામનો કરી રહેલા બેસ્ટ પ્રશાસને કટોકટી દૂર કરવા માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી નાણાંની વિનંતી કરી હતી. ૨૦૧૬ થી આજ સુધીમાં બેસ્ટને ૧૧,૦૦૦ કરોડ રૂપિયાની સહાય મળી છે. તેમ છતાં બેસ્ટની નાણાકીય તંગી વધતાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને બેસ્ટને ટિકિટના ભાવમાં વધારો કરવાની મંજૂરી આપી હતી. હાલમાં, બસોનું ભાડું પહેલા પાંચ કિમી માટે રૂ. ૫ ને બદલે રૂ. ૧૦ છે, અને એર કન્ડિશન્ડ બસોનું ભાડું પહેલા પાંચ કિમી માટે રૂ. ૬ ને બદલે રૂ. ૧૨ છે. દરમિયાન, પેસેન્જર એસોસિએશને એવો મત વ્યક્ત કર્યો હતો કે ભાડા વધારા બાદ, બેસ્ટને હવે મુસાફરોની સંખ્યા વધારવાના પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

# રાયગડની પોલિક્લિનિકમાં ગર્લફ્રેન્ડની હત્યા કરી યુવાને પણ જીવન ટૂંકાવ્યું

મુંબઈઃ અવગણના કરવામાં આવતી હોવાની શંકા પરથી રાયગડ જિલ્લાની પોલિક્લિનિકમાં દાતરડાથી હુમલો કરી ગર્લફ્રેન્ડની કરપીણ હત્યા કર્યા બાદ યુવાને પણ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની સાંજે પ્રકાશમાં આવી હતી. મૃતક પોર્ણિમા દેસાઈ (૨૨) પાલીના પારલી વિસ્તારમાં આવેલી પોલિક્લિનિકમાં નર્સ તરીકે કામ કરતી હતી. દેસાઈ કામેથી ઘરે પાછી ન ફરતાં અને કૉલ્સ પણ રિસીવ કરતી ન હોવાથી ભાઈ મંગળવારની સાંજે પોલિક્લિનિક પહોંચ્યો હતો. પોલીસની હાજરીમાં પોલિક્લિનિકનો દરવાજો તોડવામાં આવતાં દેસાઈ લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી, જ્યારે શેખર દુધાણે (૨૬) સીલિંગ ફેન સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં નજરે પડ્યો હતો. મોબાઈલ શૉપમાં કામ કરતો દુધાણે અને દેસાઈ વચ્ચે પ્રેમપ્રકરણ હતું. જોકે છેલ્લા કેટલાક દિવસથી દેસાઈ અવગણના કરતી હોવાની સંકા દુધાણેને હતી. આ વાતને લઈ તેમની વચ્ચે ઝઘડો પણ થયો હતો.

મંગળવારની બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ દુધાણે ગુસ્સામાં ઘટનાસ્થળે પહોંચ્યો હતો. દાતરડાથી હુમલો કરી દેસાઈની હત્યા કર્યા પછી તેણે આપઘાત કર્યો હોવાનું પોલીસનું કહેવું છે. (પીટીઆઈ)

# કાંદાના ભાવમાં ઘટાડો

### ગ્રાહકો માટે રાહત, પણ ખેડૂતો ચિંતિત

નવી મુંબઈઃ રાજ્યની વિવિધ બજાર સમિતિઓમાં તાજેતરમાં કાંદાના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે ગ્રાહકો માટે રાહતદાયક હોઈ શકે છે, પરંતુ ખેડૂતો માટે પરિસ્થિતિ હૃદયદ્રાવક સાબિત થઈ રહી છે. ઉત્પાદનમાં વધારો, સંગ્રહ મર્યાદાઓ અને વધુ પડતા પુરવઠાને કારણે બજારમાં ડુંગળીના ભાવ ગગડી ગયા છે, જેની સીધી અસર ખેડૂતોની આવક પર પડી છે. નાસિક, સોલાપુર, અહમદનગર અને મધ્યપ્રદેશમાંથી ઉનાળુ ડુંગળીના મોટા પાયે આગમનને કારણે એપીએમસી માર્કેટમાં ભાવમાં ઘટાડો થયો છે અને હાલમાં ડુંગળી ૮૦૦ થી ૧૭૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ વેચાઈ રહી છે. કેટલાક વિસ્તારોમાં ઉત્પાદન ખર્ચ પણ ન મળતો હોવાથી ખેડૂતો આર્થિક મુશ્કેલીમાં છે. એક એકર ડુંગળીનું ઉત્પાદન કરવા માટે ૩૦ થી ૩૫ હજાર રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ બજારભાવ માત્ર રૂ. ૧૦૦૦ થી ૧૨૦૦ પ્રતિ ક્વિન્ટલ હોવાથી નુકસાનનું પ્રમાણ વધી રહ્યું છે' એમ ખેડૂતોએ પોતાની વ્યથા વ્યક્ત કરી છે. જેના કારણે અનેક ખેડૂતો દેવાદાર બનવાની અણી પર છે. કેન્દ્ર સરકારે પહેલી એપ્રિલ, ૨૦૨૫ થી ડુંગળી પરની ૨૦ ટકા નિકાસ જકાત નાબૂદ કરી હોવાથી બજારમાં સુધારો થવાની અપેક્ષા હતી. જોકે, ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ અને બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતાને કારણે નિકાસ પ્રતિબંધને કારણે નિકાસમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.નવી મુંબઈ એપીએમસી માર્કેટમાં હાલમાં ૧૦ થી ૧૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. બે મહિના પહેલા આ જ ભાવ ૩૫ થી ૪૦ રૂપિયા પ્રતિ કિલો હતો.

## જૈન મરણ

મૂળ જામનગર, હાલ દાદર સ્વ. પ્રાણલાલ ભગવાનજી મહેતાના પુત્રવધૂ તથા સ્વ. મૂળરાજભાઇ પ્રાણલાલ મહેતાના ધર્મપત્ની ભાનુબેન (ઉં. વ. ૭૬) તે બીનાબેન, ભાવેશભાઇ, પુનીતભાઇના માતુશ્રી. એકતાબેન અને શ્વેતાબેનના સાસુ. સ્વ. શરદભાઇ, પ્રફુલભાઇ, સ્વ. સુરેખાબેનના ભાભી. સ્વ. વીરજીભાઇ છગનલાલ પટેલ (જામનગર)ના સુપુત્રી તા. ૧૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૨૫ના શુક્રવારે ૪થી ૬. ઠે. યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિર પાસે, દાદર (ઇસ્ટ),લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ક. વી. ઓ. જૈન**
નાની ખાખરના માતુશ્રી હેમાબેન દેઢીયા (ઉં. વ. ૭૯) તા. ૧૨-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે લાછબાઇ કુંવરજી દેઢીયાના પુત્રવધુ. કંકુબેન હીરજી ઉમરશી ગાલાના પુત્રી. ગામ મોટા આસંબીયા, તે નેમજી દેઢીયાના પત્ની. કેતન, સચીનના માતુશ્રી. તે દિવ્યા, દીપાના સાસુ. મન, બાલી, બેન્ટલીના દાદી. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૧૬-૫-૨૫ના ૪થી ૫.૩૦. ઠે. વર્ધમાન સ્થાનક જૈન શ્રાવક સંઘ, શ્રી કરસન લધુ હોલ (૧ માળે), એસ. કે. બોલે રોડ, દાદર (વેસ્ટ), લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**
સાવરકુંડલા- સિમરણ નિવાસી હાલ મલાડ સ્વ. મગનલાલ તથા સ્વ. મૃદુલાબેન કોઠારીના પુત્ર રાજેશ (ઉં. વ. ૬૨) બુધવાર, ૧૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે,. તેઓ સ્વ. પ્રીતિબેનના પતિ. અમિત અને સિદ્ધિના પિતા. વિરલના સસરા. તે સ્વ.કાંતિલાલ અમુલખ શાહના જમાઈ. સ્વ. બિપીન, પ્રદીપ, મુકેશ, મિતા, જાગૃતિના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હરસોલ સત્તાવીશ વિશા શ્રીમાળી જૈન**
તલોદ નિવાસી હાલ મલાડ જશવંતલાલ ચંદુલાલ પુંજીરામ શાહ (ઉં. વ. ૮૨) તે સ્વ. રસીલાબેનના પતિ. પન્ના, કેતન, ભાવેશના પિતા. વિરેન્દ્રકુમાર, તેજલ, ડિમ્પલના સસરા. ભારતી-નરેન્દ્ર, પ્રેમલત્તા-દિનેશ, આરતી-મુકેશ, મધુબેન-નગીનદાસ, પ્રેમીલાબેન- સેવંતીલાલ, રમીલાબેન-મનહરલાલ, નયનાબેન- બાબુલાલના ભાઈ. સાસરા પક્ષે વાડીલાલ ભાઈચંદ વખારિયાના જમાઈ તા. ૧૫-૫-૨૫, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૬-૫-૨૫, શુક્રવારે ૭ થી ૯. ઠે. સ્વામિનારાયણ હોલ, દત્ત મંદિર રોડ, મલાડ (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
ધારી નિવાસી હાલ સાંતાક્રુઝ, સ્વ. ગુલાબરાય હરજીવનદાસ દેસાઈના ધર્મપત્ની ગં. સ્વ. ભાનુબેન (ઉં. વ. ૮૭) તેઓ બુધવાર, ૧૪-૫-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે પ્રદીપ-વર્ષા, શૈલેશ-સેજલ, હિતેશ-પીંકી, હેમલ-મેઘના, વર્ષાબેન નલીનકુમાર મોદી તથા ભારતીબેન કેતનભાઈ પંચમીયાના માતુશ્રી. તે સ્વ. કાંતીલાલ તથા સ્વ. જયાબેન શાંતીલાલ ઘેલાણીના ભાભી. સ્વ. સમજુબેન ત્રિભુવનદાસ કામદારના પુત્રી. સ્વ. નરેત્તમભાઈ, સ્વ. ગુલાબભાઈ, મહાસુખભાઈ કામદાર, સ્વ. મંજુબેન નંદલાલ અજમેરા, સ્વ. પુષ્પાબેન મનસુખલાલ દેસાઈ, સ્વ. કૈલાસબેન કાંતીલાલ મેઘાણી, સ્વ. રંજનબેન ગુણવંતરાય દોશીના બહેન. પ્રાર્થનાસભા શનિવાર, ૧૭-૫-૨૫ના ૧૦.૩૦ થી ૧૨. સ્થળઃ આજીવાસન હોલ, એસ. એન. ડી. ટી. કોલેજની બાજુમાં, જુહુ રોડ, સાંતાક્રુઝ (વે.).

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**
વાંકાનેર નિવાસી હાલ મુંબઇ સ્વ. નવનીતરાય હેમંતલાલ વોરાના ધર્મપત્ની વિનોદીની બહેન (ઉં. વ. ૭૭) તે મનિષના માતુશ્રી. શેફાલીના સાસુ. સ્વ. અનંતરાય, સ્વ. ગુણવંતરાય, સ્વ. હસમુખભાઇ, જગદીશભાઇ ભરતભાઇના બંધુપત્ની. તથા જશવંતીબેન રમણિકલાલ શાહ તથા સ્વ. હંસાબેન મહેન્દ્રભાઇ શાહના ભાભી. તે પિયર પક્ષે સ્વ. ડો. ભોગીલાલ રાયચંદ મહેતાના દીકરી બુધવાર, તા. ૧૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા શનિવાર, તા. ૧૭-૫-૨૫ના ૧૦થી ૧૨. ઠે. જલારામ હોલ, જે. વી. પી. ડી. સ્કીમ રોડ નં-૬, વિલેપાર્લે (વેસ્ટ).

**વિશા નિમા જૈન**
કપડવંજ નિવાસી હાલ મુંબઇ ફતેચંદભાઇ કસ્તુરલાલ પરીખ (ઉં. વ. ૯૭) તા. ૧૪-૫-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૧૭-૫-૨૫ના શનિવાર સવારે ૧૦થી ૧૨. ઠે. ભારતીય વિદ્યાભવન ચોપાટી ખાતે રાખેલ છે. પુત્રઃ પંકજ-સમીર. પુત્રવધુઃ હિના-હેમા. પુત્રીઃ બીના. જમાઇઃ પ્રદીપભાઇ. પૌત્ર-પૌત્રીઃ ચિંતન-કિનલ, રિદ્ધિ-મિલિંદ, સિદ્ધિ-ઋષભ, પાર્થિક-અંકિતા, રોશન-કૃપા.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**
સુરેન્દ્રનગર હાલ મહાવીરનગર કાંદિવલી, સ્વ. સવિતાબેન જયંતિલાલ શાહ (ટોપીવાળા)ના પુત્રવધૂ હર્ષાબેન બીપીનભાઈ (ઉં. વ. ૭૪) તા.૧૪-૦૫-૨૫ને બુધવાર અરિહંતશરણ પામેલ છે. તે નિપાબાઈ મ.સના સંસારી માતુશ્રી. નિમિષના મમ્મી. ભરતભાઈ મીતાબેન, નિકેસભાઈ બીનાબેન, વીણાબેન દિલીપકુમાર તથા હીનાબેન ગીરીશકુમારના ભાભી. દર્શીનીના સાસુજી. પિયરપક્ષે સ્વ.કાંતિલાલ ચુનીલાલ સાયલાવાળાના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લોકીક વ્યવહાર બંધ રાખેલ છે. (ચક્ષુદાન કરેલ છે)

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
અગતરાઈ નિવાસી હાલ ઘાટકોપર, લલિતાબેન ગુલાબચંદભાઈ બદાણીના સુપુત્ર કૌશિકભાઈ (ઉં. વ. ૬૪) તે કવિતાબેનના પતિ. રિષિત, શિવાનીના પિતાશ્રી. સના, નિપુણ કોઠારીના સસરા. રાજેશ, વિનય, કિશોરીબેન વિનોદરાય, માલતીબેન હેમંતભાઈ, દુર્ગાબેન ભરતભાઈના ભાઈ. ભારતી શાંતિલાલ રતિલાલ લાખાણીના જમાઈ. બુધવાર તા.૧૪-૫-૨૫ના દેવશરણ થયેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૧૬-૫-૨૫ના ૫ થી ૬:૩૦. તાજ ધ ટ્રી, ફિરોઝશા નગર, ગોદરેજ, ઓફ ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, વિક્રોલી. મું.૭૯.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
નાની ખાખરના હેમાબેન નેમજી દેઢીયા (ઉં. વ. ૭૯) તા.૧૨/૫/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લાછબાઈ કુંવરજી દેઢીયાના પુત્રવધૂ. નેમજી કુંવરજી દેઢીયાના પત્ની. કેતન, સચીનના માતુશ્રી. કંકુબેન હિરજીના પુત્રી. આણંદજી, લક્ષ્મીચંદ, રાયણના તેજબાઈ નાગજી, જયવંતી છગનલાલ, તુંબડીના ઝવેરબેન (ચંચલ) ચીમનલાલ, નવાવાસના લક્ષ્મી કાંતીલાલના બેન. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના : શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦. નિ. હેમા નેમજી દેઢીયા, ૩૦૧, સેન્ટ્રલ પ્લાઝા, નાના શંકર શેઠ રોડ, ડોંબિવલી (વેસ્ટ).

ગેલડા હાલે પ્રભાદેવીના કાંતીલાલ નરશી કરમશી સૈયા (ઉં. વ. ૭૭) તા. ૧૪-૫-૨૫, બુધવારના અરિહંત શરણ થયેલ છે. સ્વ. રતનબેન નરશીના સુપુત્ર. સ્વ. ગુણવંતી, સ્વ. જયંતી, સ્વ. વિમલા, તલકશી, સ્વ. વસંત, મંદા દીલીપ, સ્વ. જેતબાઇ હરખચંદ ફુરીયા, સ્વ. હંસા (દમયંતી) ધરમશી સાવલાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. બાર નવકાર ગણવા. નિવાસ : કાંતીલાલ સૈયા, લાઇટ હાઉસ, ઘર નં. ૨, ઇરાની ચાલ, ન્યુ પ્રભાદેવી, પ્રભાદેવી નાકા, મુંબઇ-૪૦૦૦૨૫.

લાખાપરના મુલચંદ ધનજી શેઠીયા (ઉં. વ. ૬૦)તા.૧૪-૫ના દેહપરિવર્તન કરેલ છે. કસ્તુરબેન ધનજીના પુત્ર. દક્ષાના પતિ. નિર્મળા, અનિલ, પ્રમીલાના ભાઈ. ભાવનગરના કાંતાબેન જયંતિભાઈના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મુલચંદ ધનજી લાલજી શેઠિયા. ૮/૮, કંધારી કોલોની, ચેંબુર (ઈ).

## હિન્દુ મરણ

પુષ્પાબેન હરીશભાઈ શાહ(ઉં. વ. ૬૩) ૧૫-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેઓ વિજયાબેન ઈશ્વરલાલ શાહના પુત્રવધૂ. લીલાવતીબેન ભૂપતભાઈ જીવાણીના પુત્રી. માનસી કિરણભાઈ માણેક અને હિમાની રાહુલભાઈ પરેરાના માતુશ્રી. ખ્યાઈશના દાદી. ભરતભાઈ, સતીષભાઈ, પ્રવિણભાઈ તથા ઈલાબેન અતુલભાઈ શાહ, હર્ષાબેન, જિજ્ઞાબેન, ગીતાબેનના ભાભી. લૌકીક વ્યવહાર બંધ છે.

**કોળી પટેલ**
ગામ વલોટી હાલ મસ્જીદબંદર, વસંતભાઈ ગોપાલજી પટેલ (ઉં. વ. ૭૪) બુધવાર તા.૧૪-૦૫-૨૫ના અવસાન પામ્યા છે. તે નિર્મળાબેનના પતિ. વિમલ, જીનલના પિતા. પ્રદીપ, સ્વ. પ્રમોદ, ગં.સ્વ. સુશીબેન, સ્વ. ગંગાબેન, સ્વ. સવિતાબેન, સ્વ. ભાનુબેન, ઉર્મિલાબેનના ભાઈ. બીના, ધવલના સસરા. નિતીકા, સિદ્ધિ, હની, શિવાંશ, પરી, નેત્રના દાદા-નાના. રંજનબેન, મંજુબેનના જેઠ. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર તા.૧૬-૫-૨૫ના ૨થી ૫. શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, ૩૩, દરિયાસ્થાન સ્ટ્રીટ, પંજાબ નેશનલ બૅન્કની ઉપર, ૩જે માળે, મસ્જીદબંદર, માંડવી, વડગાદી મુંબઈ-૩ અને પુષ્પાણી રવિવારના તા.૨૫-૫-૨૫ના ૩થી ૫. ૩૬ દરિયાસ્થાન સ્ટ્રીટ, ગોપમણિ ચેમ્બર, મસ્જીદ બંદર, મુંબઈ-૩.

**કપોળ**
અમરેલીવાલા હાલ બોરીવલી સ્વ. મંગળાબેન હરગોવિંદદાસ કાનજી મહેતાની પુત્રવધૂ નયના (ઉં. વ. ૬૯) તા. ૧૪-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેન્દ્રભાઇના પત્ની. સ્નેહા (બીટુ)ના માતુશ્રી. નીરજ રાજેન્દ્ર મહેતાના સાસુ. સ્વ. રમેશભાઇ, મધુબેન સુરેશભાઇ ગાંધી, હર્ષા ધીરજ ગડા, અલકા ભરત દેસાઇના ભાભી. તે હીનાના જેઠાણી. તે મધુકાન્ત ધર્મદાસ ભાલરીયાની સુપુત્રી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૫-૨૫ શુક્રવારના ૫થી ૭. ઠે. લોહાણા મહાજન વાડી, બીજે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**બાલાસિનોર દશાનિમા વણિક**
ચિત્રલેખા પંકજ પરીખ (ઉં. વ. ૭૨) (બાબુડી) તે પંકજ સોમાલાલ પરીખના ધર્મપત્ની. તે જેસલ, નેહલના માતા. તે ડોલી અને સારિકાના સાસુ. દૈવિક અને ધાર્મિકના દાદી મંગળવાર, ૧૩-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. બેસણું અને લૌકિક પ્રથાઓ બંધ રાખવામાં આવી છે.

**હાલાઇ લોહાણા**
સ્વ. હસમુખલાલ દાવડા (ઉં. વ. ૮૧) મુળગામ ભાણવડ હાલ કાંદિવલી તા. ૧૪-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કરસનદાસ દાવડા અને સ્વ. પ્રેમીલાબેનના પુત્ર. તે સ્વ. પુષ્પાબેનના પતિ. મનીષ, સુનીલ, રશ્મિ કિરણ ચંદારાણાના પિતાશ્રી. પ્રજ્ઞા તથા તેજલના સસરા. સ્વ. હરજીવનભાઇ જગદીશભાઇ, સ્વ. લીલાવતી જમનાદાસ માખેચા, જયોત્સનાબેન જયંતીલાલ બદીયાણી, હંસાબેન પ્રવીણભાઇ દેવાણીના ભાઇ. નપુલાલ મશરૂના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**
સિહોરવાળા શોભનાબેન (ઉં. વ. ૭૬) તે જયકિશોરભાઇ વૃજલાલ સુખલાલ મુનીનાં પત્ની. તે સ્વ. ચંપકભાઇ, સ્વ. ધીરજલાલભાઇ, સ્વ. હસમુખભાઇ, ભરતભાઇ, રસીલાબેન કનૈયાલાલ ભુવા, સ્વ. મંજુબેન સનતકુમાર મોદી તથા રમાબેન હરેશકુમાર બુસાનાં ભાઇના પત્ની. કરદેજવાળા (હાલ અમદાવાદ) સ્વ. બચુભાઇ ગુલાબરાય મોદીની દીકરી. તે પ્રવીણભાઇ હરેશભાઇ અને જયોતિબેન કિશોરભાઇ મોદીના બહેન બુધવાર, તા. ૧૪-૫-૨૫ના ભાવનગરમાં શ્રીજીચરણ પામેલ છે. મુંબઇમાં પ્રાર્થનાસભા રાખેલ નથી.

**વૈષ્ણવ વણીક**
રેણુકાબેન ભૂપેન્દ્રભાઇ મહેર (ઉં. વ. ૮૦) (ગામ માંગરોળ) હાલ, ઘાટકોપર તે છગનલાલ મહેરના પુત્રી. વિશાલ અને વૈશાલીના માતા. ખ્યાતિ મહેર અને ચીરાગ શાહના સાસુ. સાહિલ, આન્ય અને અંજલીના દાદી. અર્નવ અને આહનાનાં નાની તે તા. ૧૨-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૫-૨૫ના ૫થી ૭. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, પ્લોટ-ઇ-૯૩, ગરોડિયા નગર, ઘાટકોપર (ઇ) લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**
ભાવનગર નિવાસી હાલ અમેરિકા, વિજયભાઇ ધાનક (ઉં. વ. ૬૭) ૫/૫/૨૫ના અક્ષરનિવાસી થયેલ છે. તે સ્વ.શારદાબેન મોહનલાલ ધાનકના પુત્ર. પ્રજ્ઞાબેનના પતિ. મનાલી, રાજ, અભીના પિતા. પ્રિતી દિલીપભાઈ ધાનકના દિયર. સ્વ. રેખાબેન કિશોરભાઈ મોદીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કરછી બ્રહ્મક્ષત્રિય**
ગામ મોટા લાઇઝા હાલ મલાડ, હિતેશ સોનેજી તા.૧૪.૦૫.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.લક્ષ્મીદાસ ધરમશી સોનેજી અને વિજયાબેન સોનેજીના પુત્ર. દીપક, જનક,જયંતના ભાઇ. ઉષાબેનના દીયર. ગોપિકાના કાકા. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૧૬.૫.૨૫ના ૫ થી ૬. શ્રી લક્ષ્મીનારાયણ મંદીર, મકરાણી પાડા રોડ, અશોકા હોસ્પિટલની બાજુમાં, કાઠીયાવાડ ચોક (ચાર રસ્તા) મલાડ પૂર્વ, લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત દશા મોઢ અડાલજા વણિક**
મલાડ નિવાસી, સતિષચંદ્ર પરીખ (ઉં. વ. ૭૪) તે અનિલાબેનના પતિ. સ્વ. પુષ્પાબેન કૃષ્ણદાસ પરીખના પુત્ર. સ્વ. હેમલ, સ્વ. દર્શન તથા ભૂમિકાબેનના પિતા. સ્વ. રશ્મિબેન સંજય શાહ, હંસિકા ભરત મોદી તથા વીણા દીપક શાહના ભાઈ. સ્વ. કુસુમબેન મધુકરભાઇ મહેતાના જમાઈ. તા. ૧૩-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**
ગામ કાબોદરા હાલ થાણેઅશોક વિઠ્ઠલરાય પંડ્યા, તે વિઠ્ઠલ પંડ્યા તથા સ્વ.જસુમતી પંડ્યાના જ્યેષ્ઠ પુત્ર (ઉં.વ. ૭૧) ૧૪ મે ૨૦૨૫ બુધવારની થાણે અવસાન પામ્યા છે. પત્ની જયશ્રીબહેન, પુત્ર જિગર, પુત્રી હિરલ, પુત્રવધૂ પ્રીતિ તથા પૌત્રી દિશીકા છે. રાજેશભાઈ તથા સંજય પંડ્યાના મોટા ભાઈ. ઊર્મિલાબહેન બાલકૃષ્ણ ત્રિવેદી કુકડિયા, હાલ મુંબઈના જમાઈ. લૌકિક વ્યવહાર તથા સાદડીની પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**
મૂળ ગામ બાટવા ગુજરાત હાલ નાશિક, ચેતન બાટવીયા (ઉં. વ. ૫૦) તા.૧૫/૫/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે કિશોરભાઈ તથા સ્વ. બીનાબેન કિશોરભાઈ બાટવિયાના સુપુત્ર. શીતલબેન બાટવિયાના પતિ. ચિ. વિદિત, કુમારી હેત્વીના પિતા. મોનાબેન જોબનપુત્રાના ભાઈ. નરેશભાઈ રમણીકલાલ મજેઠીયા કલ્યાણના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર તા.૧૬/૫/૨૫ના ૪ થી ૬ આર. પી.વિદ્યાલય, પંચવટી, નાશિક ખાતે રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**
મોટી ખીલોરી નિવાસી હાલ મુંબઈ, સ્વ. શાંતીલાલ અમરશી ધાબલીયા તથા સ્વ. સુશીલાબેન ધાબલીયાનાં સુપુત્ર શૈલેશભાઈ (ઉં. વ. ૬૭) ૧૩/૦૫/૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. જે કલ્પનાબેનના પતિ. મિતાંશુ તથા હરીપ્રીયાના પિતાશ્રી. નેહલનાં સસરા. સ્વ ભૂપતભાઈ, પ્રદિપભાઈ, મહેશભાઈ, જયંતભાઈ, ઉષાબેન અને લતાબેનનાં ભાઈ. ગં. સ્વ. મીનાક્ષીબેન ચોકસી અને શુભાષભાઈ ચોકસીના જમાઈ. પ્રાર્થનાસભા અને લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

નોશીર કેકી મહેતા તે મરહુમ રોશનના ધની. તે મરહુમો દિના કેકી મહેતાના દીકરા. તે નતાશા ને ઝરીરના પપા. તે કીયારાના બપાવા. તે મરહુમો પેરીન કેરશાસપ પુનેગરના જમાઇ. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૨૦૫/૨૦૭ ડો. દાદાસાહેબ ભંડારકર રોડ, ટાયર ટેરેસ, ત્રીજે માળે, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૭-૫-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની હોડીવાળા બંગલીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# રાજસ્થાનના સરહદી જિલ્લામાં ડ્રોન જોવા મળતાં સુરક્ષા એજન્સીઓ સતર્ક


જયપુરઃ રાજસ્થાનના શ્રીગંગાનગર જિલ્લામાં ભારત-પાકિસ્તાન સરહદે આવેલા એક ખેતરમાં ગુરુવારે સવારે એક ડ્રોન મળી આવતા પોલીસ અને બોર્ડર સિક્યોરિટી ફોર્સ(બીએસએફ)ના જવાનોને સતર્ક રહેવા જણાવાયું છે.

અનુપગઢ વિસ્તારના ગ્રામજનોએ સવારે ૯-૪૫ વાગ્યાની આસપાસ ડ્રોન જોયું હતું. જેની તાત્કાલિક સ્થાનિક અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. અનુપગઢ સ્ટેશન હાઉસ ઓફિસર ઇશ્વર જાંગીડે જણાવ્યું કે તેમણે બીએસએફને જાણ કરી હતી અને પોલીસ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. લગભગ ૫-૭ ફૂટ લાંબું ડ્રોન મળ્યું હતું. જેનો કેમેરા મોડ્યુલ તૂટેલો અને અલગ પડેલો હતો.

જાંગીડે જણાવ્યું કે અમે ડ્રોન જપ્ત કરી લીધું છે. આ વિસ્તારની સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે. સાવચેતીના ભાગરૂપે બૉમ્બ ડિસ્પોઝલ સ્કવોડને પણ બોલાવવામાં આવી છે. તેમણે કહ્યું કે ડ્રોન ક્યાંથી આવ્યું અને તેનો હેતુ શું હતો તે જાણવા માટે તેને ફોરેન્સિક અને ટેક્નિકલ તપાસ માટે મોકલવામાં આવશે. સુરક્ષા સંસ્થાના સૂત્રોએ જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સરહદ પર શ્રીગંગાનગરની વ્યૂહાત્મક સ્થિતિને જોતા આ ઘટનાને ગંભીર માનવામાં આવી રહી છે. તપાસકર્તાઓ એ બાબતની તપાસ કરી રહ્યા છે કે શું ડ્રોન સરહદ પારથી મોકલવામાં આવ્યું હતું કે કોઇ લશ્કરી હિલચાલ દરમિયાન ભટકી ગયું હતું.

એસએચઓએ જણાવ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે તાજેતરમાં થયેલા લશ્કરી સંઘર્ષને પગલે સુરક્ષા દળો સરહદી વિસ્તારોમાં પહેલાથી જ સતર્ક છે. સરહદ નજીક આ પ્રકારની વસ્તુની હાજરી ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે આ વિસ્તારમાં બીએસએફના સૈનિકો અને પોલીસ સતર્ક છે. તેમજ ટેક્નિકલ મૂલ્યાંકન બાદ વધુ માહિતીની રાહ જોવાઇ રહી છે. ■




25 YEARS Protecting Lives, Securing Future | SBI Life Apne liye. Apno ke liye.

## સૌથી મહત્ત્વનું છે સુરક્ષાઃ એસબીઆઇ લાઈફ્સ સ્માર્ટ શિલ્ડ પ્રીમિયર તમારા પ્રિયજનોને રક્ષણ પૂરું પાડશે

આપણા પરિવાર પ્રત્યે કાળજીની છેવટની અભિવ્યક્તિ છે તે છે, કોઈ અણધારી બાબત માટે કરવામાં આવતી તૈયારી. તેમ જ યોગ્ય રીતે નક્કી કરવામાં ટર્મ પ્લાન તમારા પરિવારના ભવિષ્યનો એક મજબૂત પાયો બને છે જેથી તમારી ગેરહાજરીમાં પણ તેમની જીવનશૈલી અને સપના સુરક્ષિત બને. એસબીઆઇ લાઈફ ખાતે, અમે તમારી આકાંક્ષા તથા તમારા પ્રિયજનોના ભવિષ્ય બંનેને સુરક્ષિત કરવાનું લક્ષ્ય રાખે છે.

એસબીઆઇ લાઈફ- સ્માર્ટ શિલ્ડ પ્રીમિયર એ એક ખાસ ટર્મ ઇન્સ્યુરન્સ જે અલ્ટ્રા-હાઈ નેટવર્થ ઇન્ડિવિડ્યુઅલ્સ (અલ્ટ્રા-એચએનઆઇસ) માટે તૈયાર કરવામાં આવ્યો છે, જે વ્યાપક સુરક્ષા અને સરળતાને મહત્ત્વ આપે છે. તમારો વારસો ટકી રહે, લાઈફ કવર મળી રહે અને તમારી જરૂરિયાતો સાથે મેળ ખાતા યોગ્ય વિકલ્પ આપશે.

**એસબીઆઇ લાઈફ- સ્માર્ટ શિલ્ડ પ્રીમિયરના મુખ્ય ફાયદાઃ**

★ હાઈ કવરેજઃ પ્રીમિયમ ઓફર હંમેશાં એ ખાતરી કરે છે કે, તમારી મહત્ત્વકાંક્ષાને અજોડ વિશ્વસનિયતા સાથે ટેકો આપવા માટે ઉચ્ચ મૂલ્યનું કવરેજ પૂરો પાડીને તમારો વારસો આગળ વધારશે.

★ ફ્લેક્સિબિલિટીઃ તમારી પોલિસીની મુદત દરમિયાન (નિયમિત ચુકવણી) અથવા તો, મર્યાદિત સમયગાળા માટે (મર્યાદિત ચુકવણી) પ્રીમિયમ ચુકવવાની સરળતા પૂરી પાડે છે. તમે ૮૫ વર્ષની ઉંમર સુધી કવરેજની સાથે તમે તમારી જરૂરિયાત મુજબની પોલિસી ટર્મની પસંદગી કરી શકો છો.

**બેનિફિટ વિકલ્પઃ**

★ લેવલ કવરઃ ટર્મ દરમિયાન જેમને એક સ્થિર, અનુમાનિત લાભ પસંદ કરતા લોકો માટે ફિક્સ્ડ સમ એસ્યોર્ડ

★ ઇન્ક્રીઝિંગ કવરઃ જે લોકોને જવાબદારી વધવાની સંભાવના છે અથવા તો ફુગાવાની સામે રક્ષણ મેળવવા ઇચ્છે છે તેમના માટે એક આદર્શ વિકલ્પ છે. દર પાંચ પોલિસી વર્ષના અંતે, વીમા રકમ 10 ટકા વધે છે- જે મહત્તમ 100 ટકા સુધી થશે- જેનાથી સમયની સાથે કવરેજ પણ વધશે.

પરંપરાગત રક્ષણથી આગળ વધીને, એસબીઆઇ લાઇફ - એક્સિડન્ટ બેનિફિટ રાઇડર અકસ્માતને કારણે મૃત્યુ અથવા વિકલાંગતાના દુર્ભાગ્યપૂર્ણ કિસ્સામાં કવરેજનો વધારાનું સ્તર ઓફર કરીને તમારી બેઝ પોલિસીને વધારે છે.

સ્માર્ટ શીલ્ડ પ્રીમિયર સાથે, તમે પરિવારજનો માટે ફક્ત સંપત્તિ નથી છોડતા પણ - એક ખાતરી, ગૌરવ અને દૂરંદેશી પણ આપીને જાઓ છો. કારણ કે, સૌથી કિંમતી વારસો ફક્ત તમે જીવેલું જીવન નહીં પણ સૌથી વધુ મહત્ત્વના લોકો માટે જે સુરક્ષિત કરો છો, તે જીવન છે.

# મણિપુરમાં સુરક્ષાદળોને મળી મોટી સફળતા, સાત ઉગ્રવાદીઓની કરી ધરપકડ

ઇમ્ફાલઃ સુરક્ષા દળોએ મણિપુરના વિવિધ જિલ્લાઓમાં વિવિધ પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા સાત ઉગ્રવાદીઓની ધરપકડ કરી છે. પોલીસે ગુરુવારે આ માહિતી આપી હતી. આ ઉગ્રવાદીઓને થૌબલ, કાકચિંગ, બિષ્ણુપુર અને ચુરાચાંદપુર જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, બુધવારે થૌબલ જિલ્લાના લેઇરોંગથેલ પ્રીતા વિસ્તારમાંથી પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) ના બે એક્ટિવ ઉગ્રવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીના જણાવ્યા અનુસાર, તેમની ઓળખ આરકે મુબિસાના મેઇતી (૪૭) અને મોઇરાંગથેમ નરેશ સિંહ (૨૮) તરીકે થઈ છે. બંને ખંડણીની ગતિવિધિઓમાં સંડોવાયેલા હતા. પોલીસ અધિકારીએ જણાવ્યું કે તેમની પાસેથી બે પિસ્તોલ, એક મેગઝિન અને સાત કારતૂસ મળી આવ્યા છે.

બિષ્ણુપુર જિલ્લાના કાંગમોંગ મૈસ્નમ મનીંગ લૈકે વિસ્તારમાં બુધવારે યુનાઇટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (કોઇરેંગ) ના સક્રિય સભ્ય મોઇરાંગથેમ ચિંગલેન સિંહ (૪૪) ની તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરવામાં આવી હતી.

અધિકારીના જણાવ્યા અનુસાર, આ જ સંગઠનના અન્ય એક એક્ટિવ કેડર અસમ નનાઓ સિંહ (૩૧) ની મંગળવારે કાકચિંગ જિલ્લાના લમડોંગ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તે જિલ્લામાં ખંડણીની ગતિવિધિઓમાં સંડોવાયેલો હતો.

ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના મિનુથોંગથી યુનાઇટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (પમ્બેઈ) ના એક સભ્યની ધરપકડ કરવામાં આવી હતી. તેની ઓળખ વૈખોમ રાજેશ સિંહ (૩૨) તરીકે થઈ હતી. તે ઇમ્ફાલ ખીણમાં કાર્ગો એજન્સીઓ પાસેથી પૈસા વસૂલતો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે ચુરાચાંદપુર જિલ્લાના સૈકટ ગામમાંથી મંગળવારે પ્રતિબંધિત સંગઠન સીકેએલએ/યુપીએલએફના સ્વ-ઘોષિત 'સાર્જન્ટ મેજર' ડેવિડ નગમજાંગ (૨૫) ની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી નવ એમએમ પિસ્તોલ અને ત્રણ કારતૂસ મળી આવ્યા હતા.આ ઉપરાંત કાકચિંગ જિલ્લાના વૈખોંગમાંથી મંગળવારે કેસીપી (તૈબંગાનબા) સંગઠનના અન્ય એક ઉગ્રવાદીની ધરપકડ કરવામાં આવી હતી. તે ખંડણીની ગુનાહિત પ્રવૃત્તિઓમાં પણ સામેલ હતો. ■

# કર્નલ કુરેશી વિરુદ્ધ કરેલી વાંધાજનક ટિપ્પણી બદલ વિજય શાહ સામે ગુનો દાખલ

### ▸ વિવાદાસ્પદ ટિપ્પણી કરવાને મામલે શાહે ફરીવાર માફી માગી હતી

ભોપાલઃ કર્નલ સોફિયા કુરેશી વિરુદ્ધ કરેલી કથિત વાંધાજનક ટીપ્પણી બદલ મધ્ય પ્રદેશના પ્રધાન વિજય શાહ સામે બુધવારે ઈન્દોરમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

રાજ્ય હાઈ કોર્ટના આદેશને પગલે વિજય શાહ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં મુખ્ય પ્રધાન મોહન યાદવે લખ્યું હતું કે હાઈ કોર્ટના આદેશને પગલે આદિવાસી કલ્યાણ ખાતાના પ્રધાન વિજય શાહ વિરુદ્ધ પગલાં લેવાની સૂચના આપવામાં આવી હતી.

દરમિયાન સેનાના અધિકારી વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવાને મામલે શાહે ફરીવાર માફી માગી હતી અને કહ્યું હતું કે હું બહેન સોફિયા અને સેનાનો આદર કરું છું.

હાઈ કોર્ટે ઠપકો આપી શાહ વિરુદ્ધ ગુનો દાખલ કરવાનો આદેશ આપ્યા બાદ તેમણે માફી માગી હતી.

કોર્ટના આદેશના તુરંત બાદ શાહને કેબિનેટમાંથી પડતો મૂકવાની માગણીએ જોર પકડ્યું હતું.

સોશિયલ મીડિયા પર પૉસ્ટ કરેલા વીડિયોમાં શાહે કહ્યું હતું કે તાજેતરમાં મેં કરેલા નિવેદનને કારણે દેશના તમામ વર્ગના લોકોની લાગણી દુભાઈ છે એ બદલ હું શરમ અનુભવું છું અને હૃદયપૂર્વક માફી માગું છું.

સોફિયાને તેમણે બહેન લેખાવી હતી અને કહ્યું હતું કે કોમ અને સમાજથી ઉપર ઊઠીને તેણે રાષ્ટ્રીય ફરજ બજાવી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યાનુસાર હાઈ કોર્ટના આદેશને પગલે માનપુર પોલીસ સ્ટેશનમાં શાહ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

એસપી (ગ્રામીણ) હિતિકા વાસલે શાહ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું.

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૫૨ (દેશની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વને જોખમમાં મૂકતું કૃત્ય કરવું), કલમ ૧૯૬ (૧) (બી) (વિવિધ કોમ વચ્ચે કોમી વિસંવાદિતા સ્થાપવાનો અને શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરવો) અને કલમ ૧૯૭ (૧) (સી) (બે કોમ વચ્ચેના સંબંધો પર વિપરીત અસર કરતું નિવેદન) કરવા બદલ શાહ વિરુદ્ધ ઉપરોક્ત કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

શાહે ઈન્દોરમાં સોમવારે યોજાયેલા એક જાહેર સભામાં કુરેશીના નામનો ઉલ્લેખ કર્યા વિના વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું.

'ઑપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય સેના દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંગે 'કર્નલ કુરેશી પત્રકાર પરિષદમાં નિયમિત રીતે ટૂંકમાં માહિતી આપતાં હતાં. વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ અને વિદેશ સચિવ વિક્રમ મિસરી પણ તે સમયે પત્રકાર પરિષદમાં કુરેશીની સાથે રહેતા હતા.

નિવેદનને પગલે ભારે વિવાદ સર્જાતાં શાહે ગુરુવારે કહ્યું હતું કે મારા નિવેદનથી કોઈની લાગણી દુભાઈ હોય તો હું ૧૦ વાર માફી માગવા તૈયાર છું.

હું કુરેશીનો મારી સગી બહેન કરતાં પણ વધુ આદર કરું છું, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# 'તમે સરકારના એક જવાબદાર મંત્રી છો', કર્નલ સોફિયા કુરેશી પર ટિપ્પણી મામલે વિજય શાહને સુપ્રીમ કોર્ટની ફટકાર

નવી દિલ્હીઃ મધ્ય પ્રદેશના મંત્રી વિજય શાહને કર્નલ સોફિયા કુરેશીને નિશાન બનાવતી કથિત વિવાદાસ્પદ ટિપ્પણીના કેસમાં મોટો ફટકો પડ્યો છે. ગુરુવારે તેમને સુપ્રીમ કોર્ટમાંથી કોઈ રાહત મળી ન હતી. વાસ્તવમાં વિજય શાહે વાંધાજનક ટિપ્પણી માટે એફઆઇઆર નોંધવાના મધ્ય પ્રદેશ હાઇકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં વિજય શાહે એફઆઇઆર પર રોક લગાવવાની માગ કરી હતી.


સુપ્રીમ કોર્ટે કુંવર વિજય શાહની અરજી પર આજે એટલે કે ૧૬ મેના રોજ સુનાવણી કરવા મંજૂરી આપી હતી. નોંધનીય છે કે મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ૧૪ મેના રોજ શાહ વિરુદ્ધ એફઆઇઆર નોંધવાનો આદેશ આપ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી બેન્ચ સમક્ષ આ મામલાની તાત્કાલિક સુનાવણી કરાઇ હતી. સીજેઆઈએ શાહના વકીલને પૂછ્યું, 'તમે કેવા પ્રકારનાં નિવેદનો આપી રહ્યા છો?' તમે સરકારના જવાબદાર મંત્રી છો. આના પર વકીલે કહ્યું કે અરજદાર એફઆઇઆર પર રોક લગાવવાની માગ કરી રહ્યા છે. બેન્ચે કહ્યું કે અરજી પર શુક્રવારે સુનાવણી કરવામાં આવશે.

વિજય શાહે ભારતીય સેનાના અધિકારી કર્નલ સોફિયા કુરેશી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. સુપ્રીમ કોર્ટે કુંવર વિજય શાહને ઠપકો આપતા કહ્યું કે જ્યારે દેશ આવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, ત્યારે બંધારણીય પદ પર રહેનાર વ્યક્તિએ જવાબદાર હોવું જોઇએ સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેમને ખબર હોવી જોઈએ કે તેઓ શું કહી રહ્યા છે. ■

# નેપાળ સરહદ પાસે ૨૮૦થી વધુ ગેરકાયદેસર ધાર્મિક ઢાંચાઓ તોડી પડાયા

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં નેપાળની સરહદ નજીક આવેલા જિલ્લાઓમાં ગેરકાયદેસર ધાર્મિક બાંધકામો અને અતિક્રમણ સામે યોગી સરકારનું અભિયાન બુધવારે પણ યથાવત રહ્યું હતું. આ અંતર્ગત મહારાજગંજ, સિદ્ધાર્થનગર, બલરામપુર, શ્રાવસ્તી, બહરાઈચ, લખીમપુર ખીરી અને પીલીભીતમાં બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, ભારત-નેપાળ સરહદના ૧૦ કિમીના ત્રિજયામાં અત્યાર સુધીમાં ૨૨૫ ગેરકાયદેસર મદરેસા, ૩૦ મસ્જિદો, ૨૫ ધાર્મિક સ્થળો અને ૬ ઇદગાહ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ■

દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન
**પ્રાર્થના સભા**



**શ્રી કૌશિકભાઈ ગુલાબચંદ બદાણી (ઉ.વ.૬૪)**
સ્વર્ગવાસ તા: ૧૪-૫-૨૫

**શોકાતુર પરિવાર**

• માતા - પિતા : પૂજ્ય લલિતાબેન ગુલાબચંદ બદાણી
• ધર્મ પત્ની : કવિતા કૌશિક બદાણી
• પુત્ર - પુત્રવધુ : રિષિત - સના • પુત્રી - જમાઈ : શિવાની નિપુણ કોઠારી
• ભાઈ-ભાભી : રાજેશ - મીના • બહેન - બનેવી : કિશોરીબેન વિનોદરાય દેસાઇ
• ભારતી શાંતિલાલ રતિલાલ લાખાણી ના જમાઈ

પ્રાર્થના સભાઃ શુક્રવાર તા.૧૬-૫-૨૫ ના રોજ સાંજે ૫ થી ૬:૩૦ સુધી
હોટલ તાજ ધ ટ્રીટ, ફિરોઝશા નગર, ગોદરેજ,
ઓફ ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, વિક્રોલી, મુંબઈ. ૪૦૦૦૭૯.

• ફર્મ: વિનય કોર્પોરેશન, મુંબઈ •

**:: દુ:ખદ અવસાન/પ્રાર્થનાસભા ::**



**સ્વ.ભાનુબેન મુળરાજભાઈ મહેતા**
સ્વ.તા.૧૪-૫-૨૦૨૫, બુધવાર, મુંબઈ

મુળ જામનગર, હાલ મુંબઈ-દાદર નિવાસી સ્વ.શ્રી પ્રાણલાલ ભગવાનજી મહેતાના પુત્રવધુ તથા સ્વ.મુળરાજભાઈ પ્રાણલાલ મહેતાના ધર્મપત્નિ ભાનુબેન મુળરાજભાઈ મહેતા (ઉ.વ.૭૬) તે બીનાબેન, ભાવેશભાઈ, પુનીતભાઈના માતૃશ્રી તથા એકતાબેન અને શ્વેતાબેનના સાસુ તથા વૃતિ અને નમનના દાદી તથા સ્વ.શરદભાઈ, પ્રફુલભાઈ, સ્વ.સુરેખાબેનના ભાભી તેમજ સ્વ.વીરજીભાઈ છગનલાલ પટેલ (જામનગર) ના સુપુત્રી તા.૧૪-૫-૨૦૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્‌ગતની પ્રાર્થનાસભા તા.૧૬-૫-૨૦૨૫ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિર પાસે, દાદર (ઈસ્ટ), મુંબઈ ખાતે રાખેલ છે. (ચૌવિહાર અને વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખેલ છે)(લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે)

લિ. પ્રાણલાલ ભગવાનજી મહેતા પરિવારના જય જિનેન્દ્ર
ભાવેશભાઈ (મો.૯૩૨૦૩ ૮૮૮૨૫) - પુનીતભાઈ (મો.૯૮૨૧૨ ૩૫૫૧૮)

19 वीं पुण्यतिथी पर
**भावपूर्ण श्रद्धांजली**



**स्व. अभिषेक सुभाष खिमावत, खिमेल**
जन्म : ०६.०८.१९८४ • स्वर्गवास : १६.०५.२००६

याद बहुत आती है तेरी, हो जाता है मन उदास।
लगता है आज भी, तुम हो हमारे आस-पास
ऐसे प्यारे बेटे को, हम नमन करते हैं
सपरिवार मिलकर आज श्रद्धासुमन अर्पण करते है।

**॥ श्रद्धावनत ॥**
दादाश्री : स्व. बाबुलालजी वालचंदजी खिमावत
दादीश्री : पिस्ताबाई बाबुलालजी खिमावत
पिताश्री : सुभाष बाबुलालजी खिमावत, माताश्री : कान्ता सुभाष खिमावत
भाई : आगम बहन : आन्या, बहन-बहनोई : अभिलाषा विशालजी रांका
एवं समस्त खिमावत परिवार

फर्म : डायमण्ड क्रिएशन्स प्रा. लि., मुंबई - चैन्नई - कोलकाता

Shatabdi Gaurav

# અમદાવાદની સાબરમતી નદીમાં સ્વચ્છતા અભિયાનમાં મોટા પ્રમાણમાં મળ્યાં ફોટા, ધજા, માળા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આશરે બે દાયકા બાદ અમદાવાદની સાબરમતી નદીને સ્વચ્છ કરવાની કામગીરીનો પ્રારંભ થયો હતો. મેયર, કમિશનર સહિત ભાજપના કાર્યકરો સફાઈ માટે નદીમાં ઊતર્યા હતા. સ્વચ્છતા અભિયાનમાં ભાજપના કોર્પોરેટરોને રસ ન હોય તેમ ૧૬૦માંથી માત્ર ૨૫ થી ૩૦ કોર્પોરેટર જ ઉપસ્થિત રહ્યા હતા. સફાઈ દરમિયાન નદીમાં ભગવાનના ફોટા, ધજા, માળા, ફૂલો, પ્લાસ્ટિક સહિતની ચીજ વસ્તુઓ મોટી સંખ્યામાં મળી હતી.

સાબરમતી ગાંધીઆશ્રમની પાછળના ભાગે રિવરફ્રન્ટ પર સાબરમતી નદી સ્વચ્છતા અભિયાનમાં આજે સવારથી વિવિધ સંસ્થાઓ સફાઈ અભિયાનમાં જોડાઈ હતી. ૨૫થી વધુ સંસ્થાઓના કાર્યકર્તાઓ દ્વારા સફાઈ કરવામાં આવી હતી. સફાઈ કરનારા લોકોને મોઢે માસ્ક, હાથમાં ગ્લવ્ઝ અને કચરો ભરવા માટેની થેલી આપવામાં આવી હતી. વિવિધ સંસ્થાના ૫૦૦થી વધારે લોકોએ હાથમાં પાવડો લઈ નદીની સફાઈ કરી હતી. સાબરમતી રિવરફ્રન્ટના પૂર્વ અને પશ્ચિમ બંને તરફ સાફ-સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. નદીના પટમાં જ્યાં પાણી નથી તેવા સ્થળ પર સફાઈ કરવામાં આવી હતી.

સાબરમતી રિવરફ્રન્ટનો પ્રથમ તબક્કો વર્ષ-૨૦૦૩-૦૪માં શરૂ કરાયો એ પહેલા નદી ખાલી કરી તેમાં રહેલો કાંપ કાઢવામાં આવ્યો હતો. બે દાયકાથી નદીના કાંપને કાઢીને ક્યારેય સફાઈ કરવામાં આવી નહોતી. વર્ષ ૨૦૧૯માં સાબરમતી નદીની સફાઈ કરવામાં આવી હતી. તે સમયે સફાઈ અભિયાન દરમિયાન મોટી સંખ્યામાં કચરો અને પ્લાસ્ટિક જેવી ચીજવસ્તુઓ મળી આવી હતી. છ વર્ષ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા સાબરમતી નદીના સફાઈનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

ચોમાસા અગાઉ વાસણા બેરેજના દરવાજાની મરામત શરૂ કરવામાં આવી છે. બેરેજના દરવાજાની મરામત પાંચ જૂન સુધીમાં પૂરી કરવામાં આવશે. બેરેજના ઉપરવાસમાં માટીનો પાળો બનાવાનો હોવાથી નદી ખાલી કરાઈ છે. જેમ જેમ નદી સુકાશે તેમ પાંચ તબક્કામાં સફાઈ કરવામાં આવશે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ૨૦૨૩ના અહેવાલ પ્રમાણે ભારતની સૌથી પ્રદૂષિત નદીઓમાં અમદાવાદમાંથી પસાર થતી સાબરમતી નદી બીજા સ્થાને છે અને ગુજરાતની તે સૌથી વધારે પ્રદૂષિત નદી છે. સાબરમતી નદીનું પ્રદૂષણ એક ચિંતાજનક મુદ્દો છે અને હાઇ કોર્ટે પણ તેની નોંધ લીધી હતી. ■



## ગુજરાતનો પ્રથમ એડવેન્ચર ફેસ્ટ ધરોઈ ડેમ ખાતે યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અનેક જાણીતા પ્રવાસન સ્થળો આવેલાં છે. આ સ્થળો પર લોકોનો ધસારો રહે છે. રાજ્યમાં ધરોઈ ડેમને ગ્લોબલ એડવેન્ચેર ટુરિસ્ટ સ્પોટ તરીકે પ્રમોટ કરવા ધરોઈ ડેમ ખાતે ગુજરાતનો પ્રથમ એડવેન્ચર ફેસ્ટ યોજાશે. જેમાં વોટર સ્પોર્ટ્સ, એરો સ્પોર્ટ્સ, રોક ક્લાઈમ્બિંગ સહિત અને પ્રવૃત્તિઓનો રોમાંચ માણી શકાશે. સૂત્રો મુજબ ધરોઈ એડવેન્ચર ફેસ્ટ મે મહિનાના અંતમાં શરૂ થશે અને ૩૦ દિવસ ચાલશે.

શુદ્ધ પાણી, ગ્રેનાઇટની ટેકરીઓ અને સુંદર ટાપુઓના સમૂહથી સમૃદ્ધ ધરોઈ ડેમને ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં વૈશ્વિક કક્ષાના સાહસિક પ્રવાસન સ્થળ તરીકે પ્રમોટ કરવા ગુજરાત ટુરિઝમ અને એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયા દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં સાહસિક પર્યટનને વિકસાવવા ગુજરાત સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને તેના ભાગરૂપે યોજાનાર પ્રથમ એડવેન્ચર ફેસ્ટમાં ગતિ, સ્લેપ્સ અને આકાશને સ્પર્શી જનારા રોમાંચનો અનુભવ કરી શકાશે. સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્થાનિક ભોજન, તારાદર્શન સહિત ઘણું બધું જોવા મળશે.

એડવેન્ચર ફેસ્ટમાં વોટર સ્પોર્ટ્સ સહિતનો સમાવેશ કરાયો હોઇ પર્યટકોને સુરક્ષાને ધ્યાને લઈ ધરોઇ ડેમના પાણીમાં મગર સહિત અન્ય મોટા જળચર પ્રાણીઓની હાજરી છે કે નહીં તે જાણવા મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા વન વિભાગ દ્વારા તાજેતરમાં સર્વે પણ કરાયો હતો. જેમાં મગરની કોઈ હાજરી જોવા નહીં મળી હોવાનું વન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. ■

## પીએમ સૂર્ય ઘર યોજનામાં ગુજરાત દેશમાં ૩૪ ટકા યોગદાન સાથે મોખરેઃ મહારાષ્ટ્ર બીજા ક્રમે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના માટે રાજ્ય સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિર્ધારિત ૩.૦૫ લાખ સોલાર રૂફટોપ પેનલ્સના ઇન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.

રાજ્ય સરકારની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ૧૧ મે ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ૩.૩૬ લાખ સોલર રૂફટોપ પેનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ આંકડો દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, ગુજરાત સોલર રૂફટોપ ઇન્સ્ટોલેશનમાં દેશમાં ૩૪ ટકા યોગદાન સાથે મોખરે છે. આ યોજના હેઠળ ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા ₹.૨૩૬૨ કરોડની સબસિડી આપવામાં આવી છે.

પીએમ સૂર્ય ઘર મફ્ત વીજળી યોજનાનું સફળ અમલીકરણ કરનારા ટોચના પાંચ રાજ્યોની વાત કરીએ તો પ્રથમ ક્રમે ગુજરાત બાદ, મહારાષ્ટ્ર ૧.૮૯ લાખ સોલર રૂફટોપ પેનલ ઇન્સ્ટોલેશન્સ સાથે બીજા ક્રમે છે. ઉત્તર પ્રદેશ ૧.૨૨ લાખ ઇન્સ્ટોલેશન સાથે ત્રીજા ક્રમે, કેરળ ૯૫ હજાર ઇન્સ્ટોલેશન સાથે ચોથા ક્રમે અને રાજસ્થાન ૪૩ હજાર ઇન્સ્ટોલેશન સાથે પાંચમા ક્રમે છે.

સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના આંકડા અનુસાર, ગુજરાતમાં 'પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના' હેઠળ સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટોપ સિસ્ટમ દ્વારા ૧૨૩૨ મેગાવોટથી વધુ ઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનના ૧૮૩૪ મિલિયન યુનિટ જેટલું છે. જો આટલી જ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત. આ બચતને કારણે વાતાવરણમાં ૧૫૦૪ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં પણ ઘટાડો થયો છે. ■

## ગુજરાતમાં ડિસેમ્બરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એક દેશ, એક ચૂંટણી પ્રયોગ હાથ ધરવામાં આવશે

અમદાવાદઃ ગુજરાતમાં ડિસેમ્બર મહિનામાં સ્થાનિક સ્વરાજની એક લાખથી વધુ સીટ પર ચૂંટણી યોજાઈ શકે છે. વન નેશન વન ઈલેક્શનનો મિની પ્રયોગ હાથ ધરવામાં આવશે. બે વર્ષથી મુદત પૂરી થઈ ગયેલી પાંચ હજાર ગ્રામ પંચાયત, નવી બનેલી ૩૮૪ ગ્રામ પંચાયત અને ડિસેમ્બર ૨૦૨૬માં મુદત પૂરી થઈ રહેલી નવ હજાર પંચાયત ચૂંટણી ૨૦૨૫ના અંતમાં થશે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની એક લાખથી વધુ બેઠકો/વોર્ડની ચૂંટણી ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં એકસાથે કરવાની કવાયત ચાલી રહી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા થતી આ ચૂંટણીઓમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા-તાલુકા-ગ્રામ પંચાયતની તમામ બેઠકો સામેલ હશે. ગુજરાતમાં નવી બનેલી મહાનગરપાલિકા અને પંચાયતોના સીમાંકન, બેઠક ફાળવણી અને મતદાર યાદી જેવી ચૂંટણીલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી ચાર મહિનામાં પૂરી થવાની શક્યતા છે. જૂની પાલિકા-પંચાયતોની મુદત પણ માર્ચ ૨૦૨૬માં પૂરી થઇ રહી છે. નવી પાલિકાઓ સાથે જૂની પાલિકાઓની ચૂંટણી પણ ચારથી છ મહિના વહેલી કરવામાં આવી શકે છે. આમ, ૧૭ મહાનગરપાલિકાની ૧૨૦૦ બેઠકો,૧૪૯ નગરપાલિકાની આશરે ૪૦૦૦, ૩૪ જિલ્લા પંચાયતની ૧૩૦૦ અને ૨૩૧ તાલુકા પંચાયતની ૪૦૦૦ અને ૧૪૬૦૦ ગ્રામ પંચાયતની એક લાખ જેટલી બેઠકોની ચૂંટણી એકસાથે કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ભાજપ દ્વારા વન નેશન વન ઇલેક્શનનું અભિયાન ચાલી રહ્યું છે. જેમાં અલગ અલગ સંસ્થાઓ, શાળા કોલેજો, સોસાયટીમાં જઈને વન નેશન વન ઇલેક્શન અંગેના ઠરાવો કરાવી રાષ્ટ્રપતિને મોકલવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ત્રણ હજાર કરતા વધુ ગ્રામ પંચાયતની મુદત પૂરી થઈ ગઈ હોવાથી ૩૨૫૨ પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિના બદલે વહીવટદારનું શાસન ચાલી રહ્યું છે. છ મહિનામાં ચૂંટણી યોજવી અનિવાર્ય છે. પરંતુ લગભગ ૪૦% પંચાયતો અને પાલિકાઓમાં તલાટી, સર્કલ ઓફિસર, નાયબ મામલતદાર, મામલદારના વહીવટ હેઠળ કામગીરી ચાલી રહી છે. ■

## ગુજરાત-સૌરાષ્ટ્રમાં છૂટોછવાયો વરસાદ પડવાની શક્યતાઃ તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં માવઠાની અસર ઓછી થતા ગરમીનો પારો ઉપર ચઢ્યો છે. અમદાવાદ-રાજકોટમાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મે મહિનાની શરૂઆતમાં કમોસમી વરસાદ પડવાને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા ગરમી અને બફારાનું પ્રમાણ વધ્યું છે.

રાજ્યના અનેક વિસ્તારોમાં ગરમીનો પારો વધ્યો છે. હવામાન વિભાગે આગામી બે દિવસ વાદળછાયું વાતાવરણ અને કમોસમી વરસાદની આગાહી કરી છે. આગાહી મુજબ ભારે પવન સાથે કમોસમી વરસાદ પડી શકે છે. રાજ્યમાં સાયક્લોનિક સરક્યુલેશન સક્રિય થતા હવામાનમાં ફેરફાર થયો છે.

હવામાન વિભાગે તા. ૧૬ મેના રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી કરી છે.આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લીમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદામાં કમોસમી વરસાદની આગાહી કરી હતી.

હવામાન વિભાગે વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી તેમ જ કચ્છ અને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, દીવમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી હતી. આ વિસ્તારોમાં પવનની ગતિ ૪૦-૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની શક્યતા છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આ વર્ષે દક્ષિણ પશ્ચિમ ચોમાસું અપેક્ષા કરતા વહેલું ગુજરાતમાં પ્રવેશ કરે તેવી શક્યતા છે. સામાન્ય રીતે ચોમાસું ૧૫ જૂને ગુજરાતમાં પ્રવેશ કરશે. જોકે, આ વર્ષે ૪ દિવસ વહેલું ૧૦ કે ૧૧ જૂનની આસપાસ પહોંચશે. તેની અસર ૧૨ જૂનની આસપાસ ગુજરાતમાં દેખાશે. ■

## ગાંધીનગરમાં મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં પીવાના પાણીની ઉપલબ્ધતા અંગે સમીક્ષા બેઠક યોજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ગુજરાતમાં પીવાના પાણીની ઉપલબ્ધતા અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ઋષિકેશ પટેલે માહિતી આપી હતી કે, ઉનાળામાં પીવાના પાણીની તંગી ન પડે તે માટે ગુજરાતનાં નાગરિકો માટે પીવાના શુદ્ધ અને પર્યાપ્ત પાણીનો જથ્થો સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં કુલ ૬૪ જળાશયનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત કરવામાં આવ્યું છે. હાલની પરિસ્થિતિ પ્રમાણે રાજ્યમાં પીવાના પાણીનો જથ્થો ૧૪,૮૯૫ એમસીએફટી પાણીની જરૂરિયાત સામે આ જળાશયોમાં કુલ ૨,૨૩,૪૩૬ એમસીએફટી પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઉપરાંત હાલની સ્થિતિએ રાજ્યના સરદાર સરોવર ડેમ સહિતના કુલ ૨૦૭ જળાશયમાં પણ કુલ ૪,૩૯,૧૨૯ એમસીએફટી જેટલું પાણી સંગ્રહિત છે. જે ગત વર્ષની સરખામણીએ લગભગ છ ટકા જેટલું વધુ છે.

વધુ વિગતો આપતા મંત્રીએ કહ્યું હતું કે, હાલમાં રાજ્યના ૧૫,૭૨૦ ગામોને સરફેસ સોર્સ આધારિત જૂથ યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. જ્યારે, બાકીના ૨૪૩૨ ગામો ભૂગર્ભ જળ આધારીત યોજના હેઠળ પીવા માટેનું પાણી મેળવે છે. આ ગામોને પણ જૂથ યોજનામાં આવરી લેવા માટેની કામગીરી ચાલે છે આમ, રાજ્યના તમામ ૧૮,૧૫૨ ગામોને પર્યાપ્ત માત્રામાં પીવાનું પાણી મળી રહ્યું છે. પીવાના પાણી માટે ઉપયોગમાં લેવાતા મોટા ભાગના ડેમોમાં ૧૫ જુલાઇ, ૨૦૨૫ સુધી પીવાના પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના દરેક જળાશયમાં પીવાના પાણી માટેનો જથ્થો અનામત રાખ્યા બાદ બાકીના પાણીના જથ્થાનો વપરાશ સિંચાઇ માટે કરવામાં આવે છે. ■

## અમદાવાદના રખિયાલમાં બુલડોઝર ફરતા ૨૦ ગેરકાયદે દુકાનો અને કારખાનાં તોડી પડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં કોર્પોરેશન દ્વારા ગેરકાયદે બાંધકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેમાં ગુરુવારે શહેરના પૂર્વ વિસ્તાર રખિયાલમાં બુલડોઝર દ્વારા ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવ્યા હતા.

અમદાવાદમાં ચંડોળા વિસ્તારની આસપાસના ડિમોલેશન બાદ રખિયાલના મોરારજી ચોકમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પ્રાપ્ત થતી વિગત અનુસાર હાઉસિંગ બોર્ડની જગ્યામાં ગેરકાયદે ૨૦થી વધુ કારખાના અને દુકાન પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. થોડા સમય અગાઉ આ જ વિસ્તારમાં વર્ષ ૨૦૦૮માં ગેરકાયદે બાંધકામ તોડવામાં આવ્યું હતું, જ્યાં ફરીથી ગેરકાયદે બાંધકામ ખડકી દેતા તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી હતી. ગુરુવારે વહેલી સવારથી પોલીસ બંદોબસ્ત સાથે જ ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી. બે દિવસ પહેલા નરોડાના મુઠિયા ગામના બુટલેગર જયેશ ઉર્ફે જીગો સોલંકીના મકાન પર પણ બુલડોઝર ફરી વળ્યું હતું.

કુખ્યાત બુટલેગર જયેશ ઉર્ફે જીગો સોલંકી વિરુદ્ધ નરોડા પોલીસ સ્ટેશનમાં ૩૨થી વધુ ગુનાની ફરિયાદ થઈ હતી. ■

## મેશ્વો અને ખારી નદી પર ₹ ૧૮ કરોડના ખર્ચે નવનિર્મિત છ ચેકડેમોનું જળસંપત્તિ પ્રધાન કુંવરજી બાવળિયાએ લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દહેગામના ધારીસણા ગામ ખાતેથી જળસંપત્તિ પ્રધાન કુંવરજીભાઈ બાવળિયાએ નવનિર્મિત છ ચેકડેમોનું લોકાર્પણ કર્યું હતું. ઉપરાંત ખારી નદી પર રૂ. ૨.૩૩ કરોડના ખર્ચે નવનિર્મિત ચેકડેમની મુલાકાત લઈ જાત નિરીક્ષણ પણ કર્યું હતું. ગાંધીનગર જિલ્લાના દહેગામ અને ગાંધીનગર તાલુકાના વિવિધ ગામોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી તાલુકામાંથી પસાર થતી મેશ્વો અને ખારી નદી પર રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૮.૦૭ કરોડના ખર્ચે કુલ ૬ ચેકડેમોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આશરે રૂ. ૧૮.૦૭ કરોડના ખર્ચે નવનિર્મિત આ ચેકડેમોમાં કુલ ૪૧.૮૯ મિલિયન ક્યુબિક ફિટ પાણીનો સંગ્રહ થશે. જેના માધ્યમથી આસપાસના ૩૦થી વધુ ગામના ખેડૂતોના ૩૫૦ હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ખૂણે ખૂણે સુધી નાગરિકોને પીવાલાયક તેમજ સિંચાઈ માટેનું પાણી પહોંચાડવું એ રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત પાણીદાર અને દુકાળ હવે ભૂતકાળ બન્યો છે. ઉનાળા દરમિયાન ગુજરાતના જે વિસ્તારોમાં હજુ પણ સિંચાઈના પાણીની સમસ્યા ઊભી થતી હશે, તેવા વિસ્તારોમાં ચેકડેમના માધ્યમથી સિંચાઈનું પાણી આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

વધુ વિગતો આપતા તેમણે કહ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી સાબરમતી નદી પર ૧૪ ચેકડેમ બાંધવામાં આવ્યા છે. આ ઉપરાંત વાત્રક નદી પર પણ ચાર નવા ચેકડેમ બનાવીને આસપાસના ૧૦ ગામોને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ નદી પર આજે નવા બે ચેકડેમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે, જ્યારે બે ચેકડેમનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. આટલું જ નહીં, આગામી સમયમાં મેશ્વો નદી પર બીજા ચાર નવા ચેકડેમ બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

ખારી નદી પર પણ હાલમાં ત્રણ હયાત ચેકડેમ ઉપરાંત આજે નવા ચાર ચેકડેમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં ખારી નદી પર બીજા ત્રણ નવા ચેકડેમ બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ તમામ ચેકડેમોનું કામ પૂર્ણ થતાં ગાંધીનગર અને દહેગામ તાલુકાના ૯૦ થી ૯૫ ગામોના ૫૫૦ હેક્ટરથી વધુ વિસ્તારને સિંચાઈનો લાભ મળશે, તેમ પ્રધાને જણાવ્યું હતું. ■

## અમદાવાદ પોલીસ દ્વારા બુટલેગરોની ગેરકાયદેસર સંપત્તિનું ડિમોલિશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં પોલીસે બુટલેગરોના ઘરના ડિમોલિશનની પ્રક્રિયા હાથ ધરી હતી. અમદાવાદમાં દારુના વેપાર કરતા બુટલેગરોને કાયદાનું ભાન કરાવી કડક કાર્યવાહી હાથ ધરી હતી. આ પહેલા અમદાવાદની એક મહિલા બુટલેગરના ઘરનું ડિમોલિશન કરી ગેરકાયદેસર સંપત્તિ તોડી પાડી હતી.

અમદાવાદના ચંડોળા વિસ્તારમાં થોડા સમય અગાઉ બાંગ્લાદેશી ઘૂસણખોરો સામે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. વીસથી વધુ વર્ષ ચંડોળા તળાવ પર દબાણ કરીને રહેતા લલ્લા બિહારીના સામ્રાજ્યનો અંત આવ્યો હતો. આ સિવાય દારૂનો ગેરકાયદેસર ધંધો કરતા બુટલેગરો સામે પણ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના નામાંકિત બુટલેગર જયેશ ઉર્ફે જીગો સોલંકી વિરુદ્ધ પોલીસે કાર્યવાહી કરી હતી. આ આરોપી બુટલેગરના ઘણા ગુન્હાઓમાં ફરિયાદ થઈ હોવાનું સામે આવ્યું હતું. બુટલેગરનું નરોડાના મુઠિયામાં આવેલા ઘર પર બુલડોઝર ફેરવીને તોડી પાડવામાં આવ્યું હતું.

પોલીસે આરોપીની વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, આરોપી સામે અગાઉ ઘણા ગુનાઓમાં ફરિયાદ થઈ હતી. તેમજ આરોપી જયેશ સોલંકીએ પોલીસ પર હુમલો કર્યો હતો. જેની સામે પોલીસ દ્વારા હત્યાના પ્રયાસનો ગુનો પણ નોંધવામાં આવ્યો હતો. પોલીસે આરોપી દ્વારા સરકારી જગ્યાના ભોંયરામાં છૂપાવેલો દારૂ પણ ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

## સુરતની શિક્ષિકાનો ગર્ભપાત કરવામાં આવ્યોઃ ડીએનએ સાચવી રાખવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં ૨૩ વર્ષની શિક્ષિકા ૧૩ વર્ષના વિદ્યાર્થીને ભગાડીને લઈ ગઈ હતી. બંનેએ આ દરમિયાન શરીર સુખ માણ્યું હતું. વિદ્યાર્થી તેના ઘરે ટ્યૂશન માટે આવતો હતો ત્યારે પણ મર્યાદા ઓળંગી હતી. જેના કારણે શિક્ષિકાને ગર્ભ રહી ગયો હતો. બંને ફરાર થયા બાદ ગણતરીના દિવસમાં પોલીસે તેમને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન શિક્ષિકાને ૨૦ માસનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું. શરીર સંબંધ બાંધીને સગર્ભા બનેલી તથા પોક્સો એક્ટના ભંગના ગુનામાં જેલવાસ ભોગવતી પુણાની ૨૩ વર્ષીય આરોપી શિક્ષિકાએ પાંચ માસના ગર્ભને ટર્મિનેટ કરવા માટે કોર્ટની પરવાનગી માંગી હતી. શિક્ષિકાએ ગર્ભપાત માટે કોર્ટમાં અરજી કરતા ગાયનેક ડોકટરના અભિપ્રાય બાદ ગર્ભપાતની મંજૂરી આપી હતી. ગુરુવારે શિક્ષિકાનો ગર્ભપાત કરવામાં આવ્યો હતો. શિક્ષિકાના પેટમાં રહેલો ગર્ભ ૧૩ વર્ષીય વિદ્યાર્થી સાથેના શારીરિક સંબંધના કારણે રહ્યો હતો કે નહીં એની તપાસ માટે ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેનો રિપોર્ટ બે મહિના બાદ આવે એવી શક્યતા છે.

સુરતના પુણામાં ગર્ભવતી બનેલી શિક્ષિકાએ ગર્ભપાત માટે કરેલી અરજીને કોર્ટે મંજૂર કરી હતી. ડોક્ટરના અભિપ્રાય બાદ માતા અને બાળકની તબિયતને ધ્યાનમાં રાખીને એક અઠવાડિયામાં જ ગર્ભપાત માટે કોર્ટે પરવાનગી આપી હતી. આ ઉપરાંત કોર્ટે ડીએનએ પરીક્ષણ માટે ગર્ભને સાચવી રાખવા તપાસ એજન્સીને હુકમ કર્યો હતો, જેથી લાજપોર જેલમાંથી શિક્ષિકાનો કબજો મેળવીને સ્મિમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ત્યાર બાદ તેનો માનસિક અને શારીરિક રિપોર્ટ કરવામાં આવ્યો હતો, જેમાં તે ફિટ જણાતાં ગર્ભપાત કરવામાં આવ્યો હતો. ■

## વડોદરામાં સોડાની ફેક્ટરીમાં બાળમજૂરી કરાવતા કંપનીના માલિક સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના ન્યૂ વીઆઈપી રોડ પર આવેલા નાગબાનગર-૨ માં સોડાની ફેક્ટરીમાંથી ૧૦ બાળકને બાળમજૂરી કરાવી આર્થિક-શારીરિક-માનસિક શોષણ કરી કામ કરાવતા માલિક સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા શહેરના નાગબાનગર-૨માં જ્યોતિ બોટલિંગ નામની સોડાની ફેક્ટરીમાં ૧૦ બાળકો પાસે બાળમજૂરી કરાવવામાં આવતી હતી. એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને બાતમી મળતા બાળકોને મુક્ત કરવામાં આવ્યા હતા. પોલીસે ફેક્ટરી માલિક સામે ગુનો નોંધીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, જ્યોતિ બોટલિંગ ફેક્ટરીનો માલિક સગીર બાળકો પાસે બાળમજૂરી કરાવી તેમનું આર્થિક શોષણ કરે છે. આ બાતમીના આધારે એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે ફેક્ટરીમાં તપાસ કરી હતી.જેમાં ૧૦ સગીર બાળકો કામ કરતા જોવા મળ્યા હતા. પ્રાપ્ત થતી વિગતો અનુસાર ફેક્ટરીના માલિક વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. બાળકોનું આર્થિક અને માનસિક શોષણ થવાની બાતમીના આધારે ફેક્ટરીના માલિક પ્રકાશ ઠાકુર કેશવાણી વિરુદ્ધ હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ફેક્ટરી માલિક વિરુદ્ધ જુવેનાઈલ ન્યાયસંહિતા એક્ટ-૨૦૧૫ની કલમ-૭૯ અને ચાઈલ્ડ લેબર (પ્રોહિબિશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૧૯૮૬ની કલમ-૧૪ મુજબ ગુન્હો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આ ફેક્ટરીમાં કામ કરતા ૧૦ બાળકો અને તેમના પરિવારનું એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે કાઉન્સેલિંગ કર્યુ હતું. એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ પીઆઇ બી.બી. પટેલે જણાવ્યું હતું કે, ટીમ દ્વારા કાઉન્સેલિંગ કરી અને બાળકો ફરીથી બાળમજૂરીમાં ન જોડાય તે માટે જરૂરી સૂચનો આપી અને તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. ■

# મેટિની



# અંતમાં આરંભનો અણસાર...

**કવર સ્ટોરી**
હેમા શાસ્ત્રી

## ઓડિયન્સને અપીલ કરતી કથાનો દુકાળ અને સિક્વલ ચલણી નાણું લાગવાથી ફિલ્મના એન્ડિંગમાં સ્ટોરી આગળ ચાલશે એવો ઈશારો કરવામાં આવી રહ્યો છે

એકવીસમી સદીમાં હિન્દી ફિલ્મો સહિત ઘણું બધું બદલાઈ ગયું છે. ૩૦ વર્ષ પહેલાં એક ફિલ્મ આવેલી, જેનો આરંભ અંતથી થયો હતો. ૧૯૯૪ની સુનીલ શેટ્ટી, સોમી અલી અને પરેશ રાવળની ફિલ્મનું ટાઈટલ 'અંત' હતું. પડદા પર 'અંત' દેખાયા પછી ફિલ્મનો આરંભ થતો હતો.

૨૦૨૫માં પરિસ્થિતિ સમૂળગી બદલાઈ ગઈ છે. આજે ઓડિયન્સને અપીલ કરતી કથાનો દુકાળ હોવાથી અને સિક્વલ ચલણી નાણું લાગવાથી ફિલ્મના અંતમાં સ્ટોરી આગળ ચાલશે એવો એટલે કે નવા આરંભનો ઈશારો કરવામાં આવી રહ્યો છે.

અજય દેવગનની 'રેડ ૨' આ લખાય છે ત્યાં સુધીમાં ૧૩૦ કરોડનો નોંધપાત્ર વકરો કરવામાં સફળ રહી છે. સિક્વલ સેલ્સ - સિક્વલ રોકડા કમાઈ આપવાની ક્ષમતા ધરાવે છે એવી માન્યતા ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ઘેરી વળી છે. બોલિવૂડના 'સિક્વલ સમ્રાટ'ના તાજના હકદાર એવા અજય દેવગનને 'તેરે પીછે પીછે મૈં આ ગઈ' સ્ટાઈલની ફિલ્મો ફળી રહી છે. 'સિંઘમ અગેન', 'દ્રશ્યમ ૨', 'ટોટલ ધમાલ' પછી 'રેડ ૨'ને સફળતા મળતા અજયનો વાવટો સિક્વલની ભૂમિ પર લહેરાઈ રહ્યો છે. ૨૦૨૫ 'સિક્વલ યર' સાબિત થાય એવી પરિસ્થિતિ ફિલ્મોના ટાઈટલ સૂચવી રહ્યા છે, જેમકે ડોન ૩, વોર ૨, સન ઓફ સરદાર ૨, વેલકમ ટુ જંગલ... લિસ્ટ ખાસ્સું લાંબું છે. આ યાદીમાં વધુ નામ ઉમેરાય એવી ઉજળી સંભાવના દેખાઈ રહી છે. તાજું ઉદાહરણ જોઈએ.


'રેડ ૨'નો અંત સિક્વલ તરફ જરૂર આંગળી ચીંધે છે. ૨૦૧૮ની 'રેડ'માં અમય પટનાયક (અજય દેવગન) કાળા કરતૂતો ઉઘાડા પાડતા સંસદસભ્ય રામેશ્વર સિંહ (સૌરભ શુક્લા)ને હાથકડી પહેરાવી કેદખાનામાં જવાનો વારો આવે છે. 'રેડ'નો વિલન છે રામેશ્વર સિંહ. 'રેડ ૨'ની કથાનો વિલન છે દાદાભાઈ (રિતેશ દેશમુખ). સમાજસેવાનો ઢોંગ કરી બ્લેક મનીનો ડુંગર ઊભો કરનાર રાજકારણી અને લોકલાડીલા નેતાની અનીતિ પરથી પડદો ઊંચકી લેવામાં આવતા દાદાભાઈ પણ જેલમાં ધકેલાય છે. આમ પહેલી ફિલ્મમાં રામેશ્વર સિંહ અને બીજીમાં દાદાભાઈ ખલનાયક છે. સિક્વલના અંતમાં 'રેડ 'ના વિલનની મુલાકાત 'રેડ ૨'ના વિલન સાથે થાય છે - રામેશ્વર સિંહ અને દાદાભાઈ આમનેસામને આવે છે. 'દુશ્મન કા દુશ્મન દોસ્ત હોતા હૈ' એ ન્યાયે રામેશ્વર સિંહ ભવિષ્યમાં સાથે કામ કરવાની ઓફર કરે છે. દાદાભાઈના પતનનું કાવતરું ઘડ્યા પછી રામેશ્વર સિંહ એને ઓફર આપી અમય પટનાયક સાથેનો જૂનો હિસાબ ચૂકતે કરવાના સપનાંનાં બીજનું વાવેતર કરે છે. મૂળ ફિલ્મનો વિલન અને સિક્વલનો વિલન હાથ મિલાવશે એવી સંભાવના દેખાડવામાં આવી છે. સંભવતઃ આ જ 'રેડ ૩'ની પાર્શ્વભૂમિ છે. ટૂંકમાં ફિલ્મના અંતમાં નવી ફિલ્મના આરંભનો અણસાર આપી દેવામાં આવ્યો છે. અમર પટનાયક માટે નવી લડાઈ, નવા દુશ્મનનો તખ્તો તૈયાર કરી દેવામાં આવ્યો છે.

આપણી સંસ્કૃતિમાં ગાયને માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે અને એના માટે જનમાનસમાં આદર છે. વાગોળવું એ ગાયની પ્રકૃતિ છે. ગાય ઘાસ કે અન્ય ખોરાક મોઢા દ્વારા જઠરમાં ઉતારી લે છે અને આરામથી બેસે ત્યારે એ ખોરાક ફરી મોઢામાં લાવી ચાવે છે. આ પ્રક્રિયા 'વાગોળવું' કહેવાય છે. હિન્દી ફિલ્મના દર્શકોમાં ભૂતકાળને, જૂની સ્મૃતિઓ વાગોળવાની ઉત્કંઠા હોય છે અને એને રોકડી કરવા માટે તેમજ પસંદ પડેલી સ્ટોરી લાઈન આગળ વધારી લોકપ્રિયતાને કમાણીમાં રૂપાંતર કરવાના ઈરાદા સાથે સિક્વલ - ફ્રેન્ચાઈઝીનો સિલસિલો શરૂ થયો અને આજની તારીખમાં ધમધોકાર ચાલી રહ્યો છે. પરિચિત પાત્ર અને પરિચિત વાતાવરણમાં આકાર લેતી કથા સાથે પ્રેક્ષકો જલદી જોડાઈ જાય છે. પસંદ પડેલી વાર્તા આગળ કઈ દિશામાં વધે છે એની આતુરતા પ્રેક્ષકોમાં નજરે પડી રહી હોવાથી સિક્વલ બોક્સ ઓફિસ પર ધીકતો નફો કરાવી દેશે એવી માન્યતા રૂઢ બની ગઈ છે.

રણબીર કપૂરની ખૂબ ગાજેલી અને એની કરિયરની સૌથી સફળ ફિલ્મ 'એનિમલ' પૂરી થાય છે ત્યાં ડાયરેક્ટર સંદીપ વાંગા રેડ્ડીએ સિક્વલના એંધાણ આપી દીધા છે. 'એનિમલ પાર્ક' ટાઇટલ ધરાવતી આ ફિલ્મનું શૂટિંગ આવતા વર્ષે શરૂ થવાની સંભાવના છે અને સિક્વલ શરૂ થાય એ પહેલા જ રણબીરે 'એનિમલ ૩' સુધ્ધાં બનશે એવો ઈશારો પણ આપી દીધો છે. તમે જો 'એનિમલ' જોઈ હોય તો આ વાર્તા કેવી અને કઈ દિશામાં આગળ વધશે એનીકલ્પના કરવી આસાન તો નથી, પણ મેકર એ માટે કટિબદ્ધ છે. પહેલી ફિલ્મને મળેલા જ્વલંત પ્રતિસાદ બાદ એના ઉત્સાહમાં ભરતી આવી હોય એ અત્યંત સ્વાભાવિક છે. હોરર કોમેડી યુનિવર્સના રચયિતા 'મેડોક ફિલ્મ્સ'- દિનેશ વિજન પણ 'સ્ત્રી'ની બે ફિલ્મની સફળતાથી હરખાઈ 'સ્ત્રી ૩' ક્યારે રિલીઝ કરશે એની ઘોષણા કરી દીધી છે. બંને ફિલ્મના અંતે આ વાર્તા હજી આગળ વધશે એવો અણસાર આપી સિને રસિકોમાં ઉત્સુકતા જગાડવાનો કીમિયો સફળ રહ્યો છે.

તમિળ ભાષામાં બનેલી અને સાઉથની અન્ય ભાષા ઉપરાંત હિન્દીમાં પણ ડબ કરવામાં આવેલી ફિલ્મ GOAT (Greatest of All Time) ભરપૂર એક્શન ધરાવતી ફિલ્મ છે. બોક્સ ઓફિસ પર હિટ નીવડેલી આ ફિલ્મ સાઉથની હિન્દીમાં ડબ થતી ફિલ્મો જોતા દર્શકોના વર્ગને પસંદ પડી હતી. ફિલ્મના અંતે રહસ્યનું એવું પડીકું ખોલવામાં આવે છે જે જોઈ 'હેં, હવે આગળ શું થશે?' એવો સળવળાટ દર્શકના ચિત્તમાં દોડાદોડ કરવા લાગે છે. સિક્વલની પૂરેપૂરી સંભાવના છે. ફિલ્મના દિગ્દર્શક તરફથી સંમતિ પણ દર્શાવવામાં આવી છે.

ટૂંકમાં, ફિલ્મનો આરંભ કરી અંતમાં નવા આરંભનો ઈશારો કરવાની સ્ટાઈલ બરાબર અપનાવીને બેન્ક બેલેન્સના ગુણાકાર કરવાની નીતિ-રીતિ હિટ પુરવાર થઈ રહી છે. ■



# એક અલગારી સર્જક સહજ સંવાદનો છલકાતો સાગર સરહદી

**સ્ટાર-યાર-કલાકાર**
સંજય છેલ

*'તુમને કભી તુમ્હારી આખેં દેખી હૈ? જહાં દેખતી હૈ એક રિશ્તા કાયમ કર દેતી હૈ.'*

++++++++++++++++++++++++.

*'હમારે બીચ મેં એક એક કાંચ કી દીવાર હૈ, હમ એક દૂસરે કો દેખ તો સકતે હૈં પર સુન નહીં સકતે.'*


++++++++++++++++++++++++++

*'જબ મુઝે કરાર ના હોગા તબ મૈં દિસંબર કી શામોં મેં વિરાન સડકો પર ભટકુંગા..ચિનાર કે તલે મફલર લપેટે ગુમનામ રાસ્તોં પર તુમ્હેં તલાશ કરુંગા. રોશની બંધ ઘરોં કે શીશોં સે છન કર આયેગી. કભી તન્હાઇ કે ગીત હોંગે. કભી તુમ ગુનગુનાતી અપની યાદ કો વક્ત કે કોહરે સે નિકાલ દોગી. મૈં કભી સિસક લૂંગા ઔર કભી આહ ભર લૂંગા ઔર તુમ્હેં ખબર તક ના હોંગી!.....ઔર કભી શામ કી બૈચૈની સે તંગ આ કર તુમ દરિચા ખોલ દોગી ઔર કહોગી: કૌન બેચારા, મહોબ્બત કા મારા, કિસકો ગુમનામ રાસ્તોં પર તલાશ કર રહા હૈ?...'*

+++++++++++++++++++++++++++

-આવા અનેક યાદગાર સંવાદો લખનાર નાટ્ય-ફિલ્મ લેખક સાગર સરહદીનો હમણાં ૧૧મેના જન્મદિવસ હતો.

'સિલસિલા', 'કભીકભી', 'નૂરી', 'ચાંદની', 'બાઝાર', 'દૂસરા આદમી', 'દીવાના', 'કહો ના પ્યાર હૈ'....જેવી અનેક ફિલ્મોમાં સાગર સરહદીના સંવાદો સંતૂરના શીતળ સૂરની જેમ અલગ જ ગુંજી ઊઠતાં. ભારત-પાકિસ્તાનની સરહદ પાસેના અબોટાબાદમાં જન્મેલા સાગર સરહદી (૧૯૩૩-૨૦૨૧)નું મૂળ નામ ગંગા સાગર તલવાર..પણ સરહદથી ભારત આવેલા એટલે સાગર સરહદી નામ રાખેલું.



૫૦-૫૦ના દાયકામાં મુંબઇના આંતરકોલેજ નાટ્યસ્પર્ધાઓમાં સાગર સરહદીનાં નાટકો ખૂબ ભજવાતાં. મુંબઇની ખાલસા કોલેજમાં સાગર અને ગુલઝાર પાકા મિત્રો. ત્યારે ગુલઝાર કવિતાઓ સંભળાવે અને સાગર નાટકોના સંવાદો. બહુ ઓછા જાણે છે કે બેઉએ મળીને ૧૯૬૩માં એક ફિલ્મ પણ લખેલી પણ એ કદી પૂરી ના થઇ. ૧૪ રીલ બનીને અટકી ગઇ, નહિં તો કદાચ સાગર અને ગુલઝારની જોડી આગળ પણ ચાલી હોત.

એ પછી ગુલઝારે આસિસ્ટંટ તરીકે નિર્દેશક બિમલ રોયનું ગ્રુપ જોઇન કર્યું અને સાગર સરહદીએ 'ધ કર્ટન' નામની નાટક કંપની ખોલી. ત્યારે સાગર સરહદી ૪૦૦ રૂ.માં એક એડ એજેંસીમાં કામ કરતાં અને એના પગારમાંથી નાટકો કરીને કરજ ચૂકવતા. 'મૈં આગ હોતા હૂં', 'ભગતસિંઘ કી વાપસી', 'તન્હાઇ' જેવાં સુંદર નાટકો મુંબઇના તેજપાલ હોલમાં ભજવતાં. સાગરનાં એકાંકી નાટકો એમના ભત્રીજા અને જાણીતા નિર્દેશક રમેશ તલવાર હરીફાઇમાં ભજવે, જેમાંથી એક નાટક 'મિર્ઝાસાહિબાં' જોઇને યશ ચોપરાએ 'કભી-કભી' ફિલ્મના સંવાદો લખવા સાગરને બોલાવ્યા. એ અગાઉ ૧૯૭૧માં 'પત્ની' નામની ફિલ્મથી એમની કેરિયર શરૂ થઇ હતી અને ઓળખ બની સંજીવકુમાર અભિનીત બાસુ ભટ્ટાચાર્યની ઓફબીટ ફિલ્મ 'અનુભવ' થી....

સાગર સરહદીના ભત્રીજા અને 'દૂસરા આદમી' કે 'બસેરા' જેવી યાદગાર ફિલ્મોના નિર્દેશક રમેશ તલવારને ત્યાં હું સહાયક નિર્દેશક હતો પાંચ વરસ એટલે સાગર સાહેબને મળવાનું ઘણીવાર થતું. ગાળ આપીને ઉષ્માપૂર્વક વાત કરવાનો એમનો અંદાજ જ અલગ. જરાયે મોટા લેખક હોવાનો ભાર નહીં. સાગર સરહદીએ ખૂબ ઉતાર- ચઢાવ જોયા. એક સમયે પોશ કારમાં ફરનાર સાગર પછી સાઇકલ પર પણ ફરતા થયેલા કે લોકલ ટ્રેનમાં છેક છેલ્લે સુધી રખડતાં, પણ એ વાતનો કોઇ રંજ કે મલાલ નહીં.

૧૯૭૯માં યશ ચોપરાએ આખી ટીમને પાર્ટનર બનાવીને સાગર સરહદીની સ્ક્રિપ્ટ પરથી 'નૂરી' ફિલ્મ બનાવી , જેનું નિર્દેશન કર્યું રમેશ તલવારે. નાના બજેટની ફિલ્મ હિટ ગઇ સાગર સરહદીએ એ ફિલ્મના નફામાંથી જૂહુ પર શાનદાર ફ્લેટ લીધો.. પોતે 'બાઝાર' જેવી ફિલ્મ સાવ નાના બજેટમાં બનાવી જેને કોઇ ખરીદવા તૈયાર નહોતું, પણ નસીર-સ્મિતા પાટિલ-સુપ્રિયા પાઠક, ફારૂખ શેખ વગેરે સાથે બનેલી એ ફિલ્મે અને એના સંગીતે ઇતિહાસ રચ્યો. 'કરોગે યાદ તો હર બાત', 'દિખાઇ દિયે યું', 'ફિર છિડી રાત બાત ફૂલોં કી' જેવાં અનેક ગીતોમાં ખૈયામનું યાદગાર મ્યુઝિક આજે પણ સુપર હિટ છે!

મખદુમ મોઇનુદ્દિન, બશર નવાઝ, શહરયાર જેવા સાહિત્યકારોની રચનાઓને ફિલ્મમાં મૂકીને સાગર સરહદીએ અનેક મુશ્કેલીઓ સામે હિટ કરી બતાડી. અનેક 'ફિલ્મફેર' એવોર્ડ મળ્યાં, પણ એ ફિલ્મે જેટલી ઇજ્જત કમાવી આપી એટલા પૈસા ના મળ્યાં. જિદ્દી સાગર સરહદીએ 'બાઝાર'ની સફળતા પછી બીજા ભત્રીજા વિજય તલવાર માટે નસીર-શબાનાને લઇને 'લોરી' ફિલ્મ બનાવી, જે ફ્લોપ થઈ અને જૂહુનો શાનદાર ફ્લેટ વેંચવો પડ્યો અને છેક મલાડ માલવણીમાં નાના ફ્લેટમાં જવું પડ્યું!

સાગર સરહદી અલગારી આદમી હતા. એમને પોતાના પ્રકારની ફિલ્મો બનાવવી હતી એટલે 'અગલા મૌસમ' અને 'તેરે શહેર મેં' જેવી ઓફ બીટ ફિલ્મો બનાવી (જેમાં મારા પપ્પા છેલ-પરેશ આર્ટ ડિરેક્ટર હતાં એ આડવાત) પણ નિર્માતા અને ફાઇનાંસરના ઝગડામાં એ ફિલ્મો રિલીઝ જ ના થઇ શકી નહિં તો સાગર સરહદીનો ઇતિહાસ જુદો જ હોત! વળી એક જૂઠા કોર્ટ કેસમાં એક ફાઇનાંસરે એમને ફસાવીને ફ્લેટ હડપાવી લીધો અને સાગર સરહદીએ પાછું સાયન કોલીવાડા જવું પડ્યું, પણ આ બધા વચ્ચે 'ચાંદની' જેવી સુપર હિટ ફિલ્મ લખી. આમ તો દરેક સુપર સ્ટારની કેરિયરમાં સાગર સરહદીનો હાથ છે, જેમ કે રાજેશ ખન્નાએ સાગરનાં નાટકોથી શરૂઆત કરી, તો અમિતાભ(કભીકભી), શાહરૂખ(દીવાના) અને હૃતિક(કહો ના પ્યાર) પાછળ પણ સાગર સરહદીનો ફાળો છે! નવાઝુદ્દિન સિદ્દીકીને હીરો તરીકે લઇને ૨૦૦૪માં સાગર સરહદી 'ચૌસર' નામની ફિલ્મ બનાવેલી, પણ કોઇ કારણસર રિલીઝ ના થઇ. કદાચ હવે ઓટીટી પર થઈ જાય તો નવાઇ નહીં!

આયુ ૮૦ + હોવા છતાં છેલ્લાં કેટલાંય વરસોથી છેક સાયનથી અંધેરીની ઓફિસમાં સાઇકલ પર કે લોકલ ટ્રેનમાં અચૂક આવે-મિત્રોને મળે-નવા લેખકોને સાંભળે-એમને પ્રોત્સાહિત કરે-કવિતાઓની મહેફિલ જમાવે અને છેક છેલ્લાં વરસ સુધી 'બાઝાર પાર્ટ-ટુ' બનાવવાના પ્લાનમાં મશગૂલ હતાં. સંઘર્ષમાં પણ એમનો સ્પિરિટ મનોબળ એટલું જ મજબૂત. ૮૮ વરસે પણ જુવાનો જેવી તાકાત અને ચહેરા પર બેફિકરાઇ. દરેક ઉમ્મરના માણસને ગાળ આપીને આત્મીયતા સાથે વાત કરે. દિલ્હી કે ગોવાના ફિલ્મ ફેસ્ટિવલોમાં સાગર સરહદી સાથે અનેક સાંજો ગાળી છે. એકવાર દિલ્હીના લેખકે ફેસ્ટિવલમાં બે ફિલ્મ વચ્ચેના ઇંટરવલમાં સહેજ ભાવ ખાતા કહ્યું કે 'હું જરા ગાડીમાં બેસીને મારું નાટક પૂરુ કરીને આવું..., બે-ત્રણ પાનાં લખી લઉં!'

સાગર સાહેબે પેલાને તરત જ સંભળાવ્યું :

'આબે સાલે, અજીબ (ગાળ) હૈ તું? આધે ઘંટે મેં કૌન સા શેક્સપિઅર બન જાયેગા?!'

.... ને બધા ખડખડાટ હસી પડ્યા!

આવા દરિયા જેવા દિલેર સાગર સાહેબે ૨૨ માર્ચ-૨૦૨૧ના જિંદગી સાથે છેલ્લો સંવાદ કરીને હંમેશને માટે વિદાય લીધી...

સાગર સર, વી વિલ મિસ યોર મિજાજ! ■

# કર્મ એવાં કરો કે ફળ ભોગવતાં 'તક' મળે, 'તકલીફ' નહીં...



**સાત્વિકમ્ શિવમ્**
અરવિંદ વેકરિયા

નાટક 'મા.મા.લ.પા.' અને 'બે દુની..' સરસ રીતે ચાલી રહ્યાં હતાં. હાઉસ ફૂલનાં બોર્ડ જુલતા રહેતાં. ક્યારેક કોઈ કારણે થોડી સીટ્સ બાકી રહી જતી, પણ ક્યારેક તો પણ નિર્માતાની બેલેન્સ-શીટ 'પ્લસ' જ બતાવતી. જોકે,ન જાણે કેમ મારું મન આઈ.એન.ટી.માં લાગતું નહોતું, સુરેશ અને જતિન સિવાય દીપક ઘીવાલાની રમૂજ ગમતી, પણ શાતા નહોતી વળતી. મન ઉચક રહેતું. બે 'કવર'નાં લોભે હું હકારાત્મક વિચારવાયુ કેળવતો જતો. ક્યારેક થતું કે જિંદગી તું નચાવી રહી છે એ તો ઠીક, પણ ક્યારેક ગીત તો મારું ગમતું વગાડ..... હું આવી માતબર સંસ્થા અને એની કહેવાતી ડિસિપ્લિન સહી લેતો, પણ બોલી નહોતો શકતો. આ મારી જૂની નબળાઈ હતી. બાકી બુદ્ધિ જ્યારે હડતાલ પર ઊતરે છે ત્યારે જીભ ઓવરટાઈમ કરે અને અહીં હું બોલી નહોતો શકતો.

એક પ્રાયોજિત શો બિરલા માતુશ્રીમાં હતો અને અચાનક મારો અવાજ બેસી ગયો. લગાતાર શો ને કારણે હશે. કોઈ કલાકારનો શો સમયે અવાજ જ એનું મુખ્ય હથિયાર હોય છે. જ્યારે અવાજ બેસે અને બોલવું પડે ત્યારે એ કલાકારને લાગતું હોય છે કે 'મારે કારણે નાટક 'બેસી' રહ્યું છે. એ વખતે લેપલ માઈક નહોતાં.

(આજે તો લગભગ દરેક કલાકાર એનો ઉપયોગ કરે છે.)

માતબર સંસ્થા અને સુરેશે તરત કોડલેસ માઈકની વ્યવસ્થા કરી આપી. મેં સુરેશને કહ્યું કે 'જે પણ ચાર્જ હોય એ મારા કવરમાંથી કાપી લેવાનું ભાટિયાને કહી દેજે' (આ ભાટિયા સંસ્થાનું બુકિંગ અને પ્રોડક્શનનું કામ સંભાળતા, જે હવે હયાત નથી.) સુરેશે હસતા-હસતા કહ્યું : 'અરવિંદ, તું આઈ.એન.ટી. સાથે કામ કરી રહ્યો છે દોસ્ત!.' જોકે આ સંસ્થા સાથે મારું 'છેલ્લું નાટક' હશે એવું મને અંદરથી લાગ્યા કરતું હતું. બધા બધું જાણે છે અને મને કઈ નથી આવડતું એવી વર્તણૂક મને લાગતી. હું મારા કામથી કામ રાખી કઈ બોલતો નહીં. ખબર હતી કે મારું સત્ય ખોટું પાડતા એ 'બધા'ને પળનો પણ સમય નહીં લાગે. કર્મ એવા કરો કે ફળ ભોગવતા 'તક' મળે 'તકલીફ' નહીં. મેં ચુપ રહી કદાચ આવી પડે એવી તકલીફને દૂર જ રાખી.

શો તો પૂરો થયો. મારું મન 'ગીલ્ટ' અનુભવી રહ્યું, વાંક કુદરતનો હતો, પણ નિમિત્ત હું હતો એ સ્વીકારવું રહ્યું. થોડા દિવસ પછી 'બે દુની..' સાથે સંકળાયેલાં ઈલા દોશી (જે હયાત નથી)નું કાયમ માટે અમદાવાદ જવાનું નક્કી થયું. એમનું રિપ્લેસમેન્ટ જરૂરી હતું. ફરી ગ્રાન્ટરોડની ગરટન સ્કૂલમાં રિહર્સલ રાખ્યા. ઈલાબહેનનું રિપ્લેસમેન્ટ હેમા દીવાન કરવાનાં હતાં.

આ સંસ્થા પોતાનો કાર્યક્રમ આગોતરો આપી દેતા. રિહર્સલનાં બીજા દિવસે ભાટીયાએ મને એક કવર આપ્યું. મને થયું શોનું લિસ્ટ હશે એમ સમજી સીધું ખિસ્સામાં મૂકી દીધું. ઘરે આવી ઉત્સાહમાં મેં એ કવર ખોલ્યું પણ 'લિસ્ટ'ને બદલે સંસ્થાના કર્તાહર્તા રમેશ પંજાબીનો લેટર હતો.(એ પણ હયાત નથી). લખાણ હતું, 'તમારે તમારા અવાજનું ધ્યાન રાખવું જોઈએ. નાટક બરાબર ન જાય તો નાટકને જ નુકસાન પહોંચે..વગેરે.'

આવી ચેતવણી લખી હતી. આ વાત જ ફરજના ભાગ રૂપે સુરેશે જ કરી હશે, પહેલાં પ્રતિભાવ આપવાનું વિચાર્યું. બોલતા તો કુદરતી રીતે આવડે, મૌન રહેવાનું સમજદારીથી શીખવું પડે, મેં મૌન તો રાખ્યું પણ જીવ અંદરથી કોચવાતો હતો. છેવટે હિંમત કરી મેં રમેશ પંજાબીને લેટર લખ્યો. 'અવાજ બેસવો એ કુદરતી છે, કયો કલાકાર ઈચ્છે કે પોતાનો અવાજ બેસે. માણસ ક્યારે મરે એ તમે અગાઉથી કહી શકો? અવાજનું પણ એવું કે ક્યારે બેસી જાય એ અગાઉથી કેમ કહી શકાય?' આ કાગળની એક કોપી મેં સુરેશને પણ મોકલી. (સી,સી,) રાજડા પૂરી રીતે આઈ.એન.ટી. સાથે જોડાયેલા હતા. આ કાગળના જવાબમાં એણે મારી પત્નીને કાગળ લખ્યો કે 'અરવિંદના અવાજનું ધ્યાન રાખો.અવાજ બેસી જાય એવું ખાવાનું ન આપો નાટકને અસર પહોંચે છે..વગેરે,' એણે એ કાગળની કોપી ચાલતા નાટક મા.મા.લ..પા. ના નિર્માતા ડોલર પટેલને મોકલી, જેનો મારા અવાજ સાથે સ્નાનસૂતકનો પણ સંબંધ નહોતો. પણ આવા કોઈ રુલ હશે સંસ્થાના.!

હું મારી કલાકાર તરીકે ફરજ બજાવી આવતો, સુરેશ સાથે કામ પૂરતી વાત કરતો. શો હવે પૂરા થવામાં હતા. ત્રણ-ચાર શો કલકત્તાના બાકી હતા. એમાં ઝી.ટીવી વાળા એક સિરિયલ બનાવી રહ્યાં હતા. શફી ઇનામદારના સહાયક રફીક મુકદમનાં હાથમાં દિલ્લગી સિરિયલનો પ્રોજેક્ટ હતો. એક સિંધી પાત્ર હતું, મને એણે એ પાત્ર માટે બોલાવ્યો. એ સમયે ઝી.ટીવી.ની ઓફિસ ટીવી સેન્ટરની સામે, વરલીમાં હતી. મેં કલકતાનાં શોની વાત કરી. રફીક કહે,'ફોન લગા કે સુરેશ સે બાત કરતા હું.'

મેં કહ્યું : 'હું વાત કરું છું.' હું મારું કમિટમેન્ટ તોડવા નહોતો માગતો અને જવાબ પણ શું આવશે એ ખબર હતી... આજે તો ઘણાં નવોદિતો થિયેટરનું પગથિયું ચડી સિરિયલ મળતા ધુબાકો મારી દે છે. એ સમયે એવું નહોતું. મને આશા હતી કે ઈલાબહેનની જેમ કદાચ મારું રિપ્લેસમેન્ટ કરાવે. જો કે એ આશા ખોટી હતી છતાં મેં ફોન કર્યો. જવાબ મળ્યો, 'અરવિંદ, કમિટમેન્ટ ઈઝ કમિટમેન્ટ, તારીખો ફિક્સ છે. રફીકને કહે એ થોડું આગળ પાછળ કરે.' મેં રફીકને વાત કરી. આગળ-પાછળ શક્ય નહોતું.



મારો સુચિત રોલ પછી દિલીપ સોમૈયાએ કર્યો. સુરેશ કદાચ મિત્રભાવે મદદ કરી શક્યો હોત. કદાચ સંસ્થાને લીધે મજબૂર હશે. કોને ખબર! અહમ અને વહેમ જ્યારે દોડ લગાવે ત્યારે હાર હંમેશાં સંબંધની જ થાય છે. મેં મારા કલાકારના અહમને બાજુએ મૂકી સુરેશ માટેના વહેમને કાઢી નાખ્યો. એ સિરિયલે મને દોઢેક લાખ કમાવી આપ્યા હોત જેની આજે ઘણી વેલ્યૂ થાય, કલા પ્રત્યે 'દોઢા' રહેવાની અને કઈ ન બોલવાની મારી ટેવે મને બાંધી રાખ્યો અને સંબંધ અકબંધ રાખ્યો. ■

**ડબ્બલ રિચાર્જ**
લગ્ન પહેલા દુનિયા ફરી લેવી..
લગ્ન પછી દુનિયા ફરી જાય છે.

## આજની ટૂંકી વાર્તા

લેખિકાઃ શાંતિ મિશ્રા
અનુવાદઃ કાન્તા વોરા

# ચરણ રુકે ત્યાં કાશી



**ઓફિસમાંથી** આવીને તે બૂટની દોરી છોડતો હતો ત્યારે પત્નીનો કર્કશ અવાજ સંભળાયો- ‘હું તો તેમની આદતોથી તંગ આવી ગઈ છું. કોણ જાણે કઈ સદીમાં જન્મ લીધો છે કે દરેક કામ મારી પસંદગીની વિરુદ્ધ કરવામાં તેને મજા આવે છે.’

તેને માટે આ વાત નવી ન હતી. દર ત્રીજે-ચોથે દિવસે તેના પિતા વિરુદ્ધ રીટા કોઈ ને કોઈ ફરિયાદ કરે છે, જેને તે અણસૂની કરી દે છે અથવા રીટાનું ધ્યાન બીજે વાળી દે છે. તે જાણે છે કે પત્નીની ફરિયાદ કંઈક અંશે સાચી છે પણ સાથે સાથે તે એ પણ જાણતો હતો કે તેના પિતા જે રીતનું જીવન વિતાવી આ ઉંમરે પહોંચ્યા છે તે રીત બદલવી હવે સાવ અસંભવિત છે.

પત્નીની સામાન્ય ફરિયાદ એ છે કે તેને વહેલી સવારે સારી ઊંઘ આવે છે, કારણ કે તે ઘરનું બધું કામ આટોપી રાતના મોડી સૂએ છે. સસરાજી ચાર વાગે ઊઠી જાય છે અને તેમની હિલચાલ અને રામાયણની ચોપાઈઓ મોટે અવાજે ગાવાને કારણે આખો મહોલ્લો જાગી જાય છે. રીટાની વાત સાચી હોવા છતાં તે એ વાતનો ઈનકાર કરી શક્તો નથી કે તેમના વહેલા ઊઠવાની આદતને કારણે જ તે આજે આટલા ઊંચા હોદ્દા પર પહોંચ્યો છે. તે પોતે એક જ નહીં પણ તેમના કેટલાયે વિદ્યાર્થીઓ આજે ઉચ્ચ હોદ્દા પર બિરાજ્યા છે. આવા આદર્શવાદી મહાન પિતાનો વિરોધ કરવાની હિંમત તે ક્યાંથી લાવે?

સુબોધ રીટાને સમજાવતો કે ‘તું તારી ટેવો બદલી નાખ, રાતના વહેલી સૂઈ જા. તબિયત સારી રહેશે અને સ્વીટી મોટી થાય ત્યારે વહેલી સવારનો અભ્યાસ તેને માટે ફાયદાકારક રહેશે અને તને પણ વહેલા ઊઠવાથી સ્ફૂર્તિ લાગશે.’ પણ રીટા માનતી નહીં. ‘કેવી વાત કરો છો? સ્વીટી મોટી થાય ત્યારની વાત ત્યારે. તેના અભ્યાસની અત્યારથી ચિંતા કરી વહેલી સવારની મીઠી નીંદર શું કામ બગાડવાની?’ સુબોધ શું બોલે?

એક દિવસ રીટાએ નવી ફરિયાદ કરી- ‘કેવા ગામડિયા છે? એરકૂલરની ઠંડી હવા છોડી બગીચામાં બપોર સુધી ફક્ત બનિયન પહેરી ઝાડ નીચે બેસી રહે છે. અહીંતહીંના અભણ ગરીબોને ભેગા કરી તેમને કંઈક ભણાવે છે અને ગપ્પાં મારે છે. આ બધું જોઈ લોકો શું કહેશે? તમારું સમાજમાં કેવું દેખાશે?’ સુબોધ તેને સમજાવતો, ‘તું લોકોની પરવા શું કામ કરે છે? બાપુજીને જે પસંદ હોય તે કરવા દે. જન્મભર શિક્ષક રહ્યા છે એટલે તેમની ભણાવવાની ટેવ તો છૂટશે નહીં અને રહી વાત ગપ્પાં મારવાની. તેમ કરવામાં તેમને આનંદ મળતો હોય તો ભલેને મળે. તું શા માટે ફિકર કરે છે?’ રીટા ચિડાઈને બોલતી, ‘તમે તો સવારના નીકળી સાંજના ઘરે આવો છો, લોકોની વાતો મારે સાંભળવી પડે છે.’

પત્નીની વાત અણસાંભળી કરી તે અતીતની યાદમાં ખોવાઈ જતો. તે નાનો હતો ત્યારે ગામમાં વીજળી લાવવાની યોજના પૂરી થઈ ચૂકી હતી. લોકો બહુ ઉત્સાહમાં હતા. બધાં ઘરોમાં ઝળહળાટભર્યો પ્રકાશ થશે. ગરમ હવાને બદલે રાત-દિવસ ઠંડી હવા મળશે અને ખેતરોમાં મોટર દ્વારા સિંચાઈનું પાણી ફરી વળશે. લોકો બહુ ખુશ હતા. ઘેર ઘેર ફિટિંગ કરવાનો વારો આવ્યો ત્યારે બધાના આશ્ચર્ય વચ્ચે માસ્તરસાહેબે ઘરમાં વીજળી લેવાની ના પાડી દીધી. તેમણે કહ્યું, ‘ભાઈ, મારે એક જ દીકરો છે, ક્યાંક તેનો હાથ તારને અડી જાય તો મારું તો જીવન બરબાદ થઈ જાય એટલે હું એવું જોખમ ઉઠાવવા માગતો નથી.’

ગરમીના દિવસોમાં રાતના હાથ વડે પંખો નાખી સુબોધને તેઓ સુવડાવતા. લોકોને તેઓ કહેતા, ‘ખુલ્લા આકાશ નીચે મળતી હવાથી આવતી તાજગી શું પંખાની બનાવટી હવાથી મળી શકવાની છે?’

સુબોધને તે બરાબર યાદ હતું કે તેના પરના અત્યાધિક પ્રેમને કારણે તેઓ વિદ્યુત યુગમાં રહેવા છતાં વીજળીનાં સુખસાધનોને વશીભૂત થયા નહીં. પોતાના એ પ્રેમાળ પિતા વિરુદ્ધ કૂલરની હવા ન માણી શકવાની ફરિયાદ તેને ફિક્કી લાગી. જોકે તેને પણ લાગતું હતું કે તેના પિતાએ હવે નવાં નવાં સુખ-સાધનોનો થોડો ઉપયોગ કરવો જોઈએ. પણ જે વ્યક્તિએ પોતાની પૂરી જુવાની પ્રાકૃતિક વાતાવરણમાં વિતાવી તેને હવે આ બુઢાપામાં કૃત્રિમ સાધનોનો ઉપયોગ કરવા માટે કેમ ફરજ પાડી શકાય?

તેને આશ્ચર્ય થતું હતું કે તેના પિતા રીટાનો વિરોધ કેમ કરતા નથી? તેમને સંભળાવવા માટે કહેલી નાનીમોટી વાતોનો તેઓ શા માટે જવાબ આપતા નથી? સોટીના ડરથી બધા વિદ્યાર્થીઓને સીધા કરનાર તેઓ શા માટે આ બધું ચલાવી લે છે? શા માટે તેઓ રીટા પ્રત્યે આટલા સહનશીલ છે? કદાચ આ પણ ઉંમરનો તકાજો હશે. તેમની દીન સ્થિતિ જોઈ તેને લાગતું કે રીટા તેમના પ્રત્યે વધુ ક્રૂર થાય છે.

એક રવિવારે રીટા સાથે માર્કેટમાં જવા તે ગાડીમાં બેસવા જતો હતો ત્યારે પિતાએ તેને ધીરેથી કહ્યું- ‘મારી દવા ખલાસ થઈ ગઈ છે તે લેતો આવજે અને બને તો થોડાં ફ્રૂટસ પણ લાવજે.’ તેમનું વાક્ય પૂરું થાય તે પહેલાં રીટા બોલી ઊઠી, ‘ઊંહ, દવા ખાવાનો શો ફાયદો? ડૉક્ટરે કહેલી પરેજી તો પાળતા નથી? બજારમાં જઈને ભેળપૂરી ખાવી હોય તો દવા લેવાનો અર્થ શું?’

ગાડી ચાલુ થાય તે પહેલાં રીટાએ બધી કડવાટ ઓકી નાખી, પણ પિતાજી તો એ સાંભળીને પણ એમ ને એમ ઊભા રહ્યા, જાણે કે તેમણે કંઈ સાંભળ્યું જ ન હોય. ઉંમરના વધવાની સાથે તેમની બહેરાશ વધતી જતી હતી. તેઓ આશાભરી નજરે પોતાના દીકરા સામે જોતા રહ્યા. રીટાની વાત સાંભળી સુબોધનું લોહી ઊકળી આવ્યું- ‘બોલવામાં કંઈક તો વિવેક રાખ, આખરે તો એ મારા પિતા છે. ક્યાં ફેંકી આવું તેમને? તને તો ખબર છે કે તેમના બુઢાપાનો એકમાત્ર સહારો હું છું તો શા માટે આવું બધું બોલે છે?’ ગુસ્સાથી રીટા સામે જોઈને તેણે કહ્યું.

‘વિવેક મને શું શીખવો છો? શીખવાડો તમારા પિતાને કે જેઓ નથી વિચારતા કે તેમનો દીકરો કેવા હોદ્દા પર છે અને તેમણે કેમ રહેવું જોઈએ?’

‘તેઓ ગમે તેમ રહે એની સાથે તારે શું મતલબ? તને કહી દઉં છું કે તેઓ અત્યાર સુધી જે રીતે જીવી રહ્યા છે તે જ રીતે જીવશે.’ સુબોધે ગુસ્સે થઈ કહ્યું.

‘તો હું કહું છું તે પણ તમે સાંભળી લો. આવું વધારે દિવસો નહીં ચાલે. તેઓ અહીં એમની એ જ રીતે રહે તે હવે હું વધુ વાર સહન નહીં કરી શકું.’ આ સાંભળી સુબોધનું પુરુષત્વ ઊકળી ઊઠ્યું. તે ગાડી ચલાવતો ન હોત તો કદાચ તેણે રીટાને જોરદાર તમાચો મારી દીધો હોત. તે ચીસ પાડીને બોલ્યો- ‘હું કહું છું કે તેઓ અહીં જ રહેશે અને તેમની હાજરી તારે માન્ય કરવી જ પડશે. હું જોઉં છું કે તેઓ તારી બધી વાત સહન કરી લે છે અને તું એક છો કે બધી જ માનમર્યાદા છોડી તેમની પાછળ પડી ગઈ છો.’

પહેલી વાર સુબોધને આટલો ગુસ્સામાં જોઈ રીટા ડરી ગઈ, અને ચૂપ થઈ ગઈ. થોડા દિવસ બન્ને એકબીજા સાથે બોલ્યાં નહીં. એક દિવસ સહજતાથી રીટાને સમજાવતાં તેણે કહ્યું, ‘જો રીટા! તારે બાપુજી પ્રત્યે થોડા ઉદાર થવું જોઈએ. કદાચ તને એ ખબર નહીં હોય કે કઈ રીતે તેમણે મને ઉછેર્યો છે અને આ સ્થાન માટે યોગ્ય બનાવ્યો છે.’

‘મને આ બધું શા માટે કહો છો? તમે ખૂબ ભણ્યા અને ઊંચા પગારની નોકરી મેળવી એ જાણીને તો મેં તમારી સાથે લગ્ન કર્યાં, નહીં તો...’ તેણે અત્યંત ઉપેક્ષાભર્યા સ્વરે કહ્યું.

‘એનો અર્થ તો એ જ થયોને કે લગ્ન પહેલાંનો તારો પ્રેમ- લાડ મારા પર નહીં પણ મારા હોદ્દા અને પૈસા પર હતો.’

‘અલબત્ત, કોઈ પણ સ્ત્રી ઓછું કમાતા પુરુષ પર પ્રેમ કરવાનો વિચાર સ્વપ્નામાં પણ ન કરે. સૌથી પહેલાં તો તે પોતાના ભવિષ્યનો જ વિચાર કરેને? અને જો મેં પણ એ રીતે વિચાર્યું હોય તો કંઈ ખોટું નથી કર્યું.’ રીટાનો આ જવાબ સાંભળી તે અંદરથી તૂટી ગયો. તેણે તેને ફરી સમજાવતાં કહ્યું, ‘તને એ ખબર છે કે પિતાજીએ મારાં લગ્ન બીજે ઠેકાણે કરવાની હા પાડી દીધી હતી? પણ જ્યારે મેં તેમને આપણા પ્રેમની વાત કરી ત્યારે તેમણે આપણા સુખ ખાતર પોતાની મરજી જતી કરી. શિસ્ત માટે કઠોર હોવા છતાં તેઓ કદી બીજા પ્રત્યે અન્યાય કરતા નથી.’

‘એ ન્યાય તેમણે પોતાના પુત્ર માટે કર્યો હતો, મારે માટે નહીં.’ તેણે મોં બગાડી કહ્યું- આ પછી ઘણા દિવસો સુધી તેમની વચ્ચે અબોલા રહ્યા. સુબોધને ઝઘડા કરતાં આ શાંતિ ગમી પણ રીટા એમ થોડી શાંત રહેવાની હતી? એક દિવસ ઘરમાં પ્રવેશતાં જ તેને રીટાનો કર્કશ અવાજ સંભળાયો, ‘બેશરમીની પણ હદ થઈ ગઈ. જુવાન છોકરા-છોકરીઓને પ્રેમ કરતાં તો જોયાં છે પણ સાઠ વર્ષનો બુઢ્ઢો એક બુઢ્ઢી સાથે પ્રેમ કરે એ સાંભળ્યું ન હતું. રોજ સાંજના બગીચામાં બેસી કોણ જાણે સુમિત્રા દીદીની સાસુ સાથે શું વાતો કરે છે?’

ઘણી વાર તેણે પોતે પણ પિતાજીને એકાંતમાં બેસી એ સ્ત્રી સાથે વાતો કરતા જોયા છે, પણ એ વિચારીને કે સૌ પોતપોતાની ઉંમરના સાથી શોધે છે અને તેમાં ખોટું પણ શું છે એમ સમજી એ તરફ ધ્યાન આપ્યું ન હતું. તેનાં અંતરમાં પિતાની એવી છબી પડેલી હતી કે તેમના ચારિત્ર વિષે કોઈ ખરાબ વિચાર કરવો તે તેના માટે પાપમય હતું. જે પિતાએ દીકરાના ભલા માટે પોતાની પૂરી જવાની આમ જ વિતાવી નાખી તેમના વિષે તેમની ઉંમરને ધ્યાનમાં લઈ તે મનમાં શંકા કઈ રીતે ઊભી કરે?

પિતાની સૌમ્યમૂર્તિ આજે પણ તેની આંખોમાં સમાયેલી છે. જ્યારે લોકોએ તેમને બીજાં લગ્ન કરવા કહ્યું ત્યારે તેને ગળે વળગાડતાં તેમણે કહ્યું હતું, ‘લગ્ન કરવા હોય તો કાલે કરી શકું છું પણ સાવકી મા આની સાથે કેવો વર્તાવ કરશે એ વિચારે બીજાં લગ્ન ટાળું છું. નહીંતર સ્ત્રી વગર પુરુષની જિંદગીમાં શું ઓછી મુસીબત હોય છે?’

આમ નિશ્વાસ નાખી દિલનું બધું દર્દ છુપાવી તેઓ પોતાનાં બધાં કર્તવ્યો નિભાવતા રહ્યા. આવા પિતાને આ ઉંમરે એક સ્ત્રીની કમી જણાય છે તે વાત તે કઈ રીતે માની શકે? પણ બનવા જોગ છે કે જીવનમાં હવે તેમને એકલાપણું લાગતું હોય, કારણ કે તેનો એકમાત્ર સહારો- તેનો વહાલો પુત્ર સુબોધ પત્નીને કારણે તેનાથી વિખૂટો પડતો જતો હતો.

રીટાનો બડબડાટ ચાલુ જ રહ્યો છે. તેનું કહેવું એમ છે કે સુમિત્રા દીદીની સાસુ સાથે સસરાના આટલા બધા મેળાપને કારણે સુમિત્રા દીદી બહુ પરેશાન છે. ઘરનું બધું કામ તેને કરવું પડે છે, જે પહેલાં તેની સાસુ કરતાં હતાં. એક સાંજે સુબોધ ગાડીમાં બેસી મકાનમાં પ્રવેશતો હતો ત્યારે તેણે બાજુના બગીચાની બેન્ચ પર બેઠેલા પિતાને અત્યંત તન્મયતાથી સુમિત્રાની સાસુ સાથે વાત કરતા જોયા. તેણે ગાડી ધીમી કરી દીધી. તેને લાગ્યું કે તેને જોતાંવેત તેઓ બન્ને એકદમ ચોંકી ગયાં છે પણ તેમણે તો તેને અણજોયા કરી એ જ તલ્લીનતાથી વાતો કરવાનું ચાલુ રાખ્યું. તેને લાગ્યું કે તેમની વાતોમાં દખલ કરી તે એક અક્ષમ્ય ગુનો કરી રહ્યો છે. તેઓની નજરમાં પણ તેની પ્રત્યેનો અણગમો દેખાઈ રહ્યો હતો. સુબોધ એક વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ ગયો.

તે દિવસથી પોતાના પિતા અને સુમિત્રાની સાસુના સંબંધો વિષે તેનું મનશંકિત થઈ ઊઠ્યું. રીટા બડબડ કરતી જ્યારે વારંવાર એ વિષે ફરિયાદ કરવા લાગી ત્યારે તેને થયું કે કોઈ બહાના નીચે પિતાને તે કોઈ અન્ય સ્થળે મોકલી દે, પરંતુ કોઈ બહાનું કે યોગ્ય અવસર હાથમાં આવતો ન હતો.

એક સાંજે તે ઘરે પાછો ફર્યો ત્યારે રીટાનો વ્યંગભર્યો અવાજ તેને સંભળાયો. ‘જોઈ લો તમારા પિતાનાં કરતૂત. આખું જીવન સંયમી તરીકે વિતાવ્યું પણ બુઢાપામાં જુવાનોને પણ માત કરી નાખ્યા. પોતાની ચહેતીને લઈને છૂ થઈ ગયા. એટલું પણ ન વિચાર્યું કે લોકો શું કહેશે?’

સુબોધ સ્તબ્ધ થઈ ગયો. આશ્ચર્યથી તેણે રીટાને પૂછ્યું, ‘કંઈ કહી ગયા છે? જતાં પહેલાં કંઈ બોલ્યા હતા? સાથે કંઈ લઈ ગયા છે?’

રીટાએ કટાણા મુખે કહ્યું, ‘લઈ જવામાં તેમની પાસે હતું શું? બે-ચાર જોડી કપડાં, રામાયણ અને તેમની હાથની લાકડી.’ પત્ની તરફ ઘૃણાપૂર્વક જોતો તે પિતાના રૂમમાં ગયો. તેમની હાજરી તેને માટે સમસ્યા બની ગઈ હતી, પરંતુ તેમનું પ્રસ્થાન તેના માટે અધિક દુઃખકર બની ગયું. તેમનું ચાલ્યા જવું તે તેના જીવનની સૌથી મોટી હાર હતી.

એ રૂમ બિલકુલ શાંત હતો. એક ઊંડો શ્વાસ લઈ તે એ રૂમમાં ફેલાયેલી ગંધ પોતાના ફેફસામાં ભરવા લાગ્યો. એ ગંધમાં તે એક અનોખું અપનત્ત્વ અનુભવવા લાગ્યો. ખૂણામાંની ટિપોઈ પરની તૂટેલી ફ્રેમનાં ચશ્માં તેમના પ્રતિ તેણે કરેલી ઉપેક્ષાનું પ્રમાણ આપી રહ્યાં હતાં. ચશ્માંની નવી ફ્રેમ કરાવવા માટે તેમણે ઘણી વાર યાદ કરાવ્યું હતું પણ વ્યસ્તતાને બહાને આ કામ તેણે હંમેશ ટાળ્યું હતું. તે તૂટેલાં ચશ્માં નીચે ગડી વાળેલો કાગળ પડ્યો હતો. ઝડપથી કાગળ ઉપાડી લઈને ખોલ્યો. એ કાગળ પર કંપતા હાથે થોડી લીટીઓ લખાઈ હતી. તેનું દિલ રડી ઊઠ્યું. બેટા, બેટા કહેતાં જેની જીભ સુકાઈ જતી હતી તેમને માટે તે શું એટલો પરાયો થઈ ગયો કે બે શબ્દોનું સંબોધન પણ તેઓ ન લખી શક્યા?

‘મારા ચાલ્યા જવા બાદ ત્યાં ભારે ધમાલ થઈ ગઈ હશે, કારણ કે હું તમારા પડોશી અમરની માને મારી સાથે લઈ ગયો છું. તારી આંખોમાં પણ મેં એક દિવસ સંદેહની કાળીરેખા જોઈ હતી. અમને બન્નેને વાતો કરતાં જોઈ લોકો કેટલીયે વાતો કરતા હતા પણ એ લોકો એટલું કેમ નથી સમજતા કે એક એવી પણ ઉંમર હોય છે જે કોઈ પણ સામાજિક કે નૈતિક બંધનને સ્વીકારતી નથી. એ ઉંમર સ્વયં એક સીમા હોય છે જે દરેક વ્યક્તિને તેમની પરિસીમામાં બાંધી રાખવાની ક્ષમતા ધરાવે છે. અમે બંને ઉંમરની એ જ સીમા પર ઊભાં છીએ જે એક લક્ષ્મણરેખા સમાન છે, જેને કદી તોડી શકાય નહીં.’

જેવો વર્તાવ મને તારા ઘરમાં મળતો હતો તેવો જ વર્તાવ અમરના ઘરમાં તેની મા સાથે થતો હતો. અમે બંનેએ એક પ્રાઈવેટ સ્કૂલમાં શિક્ષકની નોકરી માટે અરજી કરી હતી અને અમને બંનેને નોકરી મળી ગઈ છે. આવી બોજભરી જિંદગીમાંથી છુટકારો મેળવવાનો આ એક જ રસ્તો હતો. વિશ્વાસ રાખજે બેટા, અમે લગ્ન કર્યાં નથી. એમ કરું તો મારી જીવનભરની સાધના ધૂળમાં મળી જાય. અમે બંને સાથે રહેવાનાં નથી. તે એક લેડીઝ હોસ્ટેલમાં રહેશે અને જિંદગીભર જેણે પ્રકૃતિની ગોદમાં રહેવાનું આવકાર્યું છે એવો હું એ નાના શહેરની બહાર વૃક્ષો અને ખેતરોની નજીક એક નાનકડા ઘરમાં રહીશ.

આ નાનું શહેર અમારું કેવું સ્વાગત કરશે તેની મને ખબર નથી. આ ઉંમર શહેરની પસંદગી કરવા જેટલી તો નથી જ એટલે હવે તો- ‘ચરણ રુકે ત્યાં કાશી’ જેવો ઘાટ જ હોયને? તમને બંનેને મારા આશિષ. સ્વીટીને ખૂબ ખૂબ પ્યાર... (સમાપ્ત) ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| द्रश्यम | રાજેશ ખન્ના |
| खिलाडी | મનોજ કુમાર |
| गुमनाम | આયુષ્માન ખુરાના |
| इत्तेफाक | અજય દેવગન |
| अंधाधुन | અક્ષય કુમાર |

### ઓળખાણ પડી?



યશ ચોપડાની ‘પરંપરા’થી શરૂઆત કરનારા સૈફ અલી ખાન કઈ ફિલ્મમાં લંગડા ત્યાગીના રોલમાં જોવા મળ્યો હતો એની ઓળખાણ પડી?

અ) યે દિલ્લગી બ) દિલ ચાહતા હૈ ક) હમ તુમ ડ) ઓમકારા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જ | ડ | ૨ બા | ૩ તો | ડ | ■ | ૪ સુ | ૫ ર | ક્ષિ | ૬ ત |
| ગ | ■ | ૭ ર | ડી | ■ | ૮ ખા | ર | વો | ■ | ર |
| ૯ ત | ૧૦ ર | સ | ■ | ૧૧ સા | બ | દા | ■ | ૧૨ કું | ડ |
| ■ | મ | ■ | ૧૩ અ | ■ | ૧૪ ક | સ | ૧૫ ર | તી | ■ |
| ૧૬ મુ | ત | ૧૭ ર | ડી | ■ | વું | ■ | ક્ષ | ■ | ૧૮ કા |
| ખ્યા | ■ | ૧૯ મા | ખ | ણ | ■ | ૨૦ મ | ણ | ■ | ળ |
| ૨૧ લ | ૨૨ ય | ■ | મ | ■ | ૨૩ નિ | ત | ■ | ૨૪ કાં | જી |
| ૨૫ ય | મ | ૨૬ ન | ■ | ૨૭ સ્પ | ર્ધા | ■ | ૨૮ ક | ■ | પૂ |
| ■ | ૨૯ રા | સ | ૩૦ ક | ■ | રિ | ■ | ૩૧ સ | ગ | ર્વ |
| ૩૨ સા | જ | ■ | ૩૩ વિ | ગ | ત | વા | ર | ■ | ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ■ | ૯ | ૧૦ | | | |
| | ■ | | ■ | ૧૧ | | | | | |
| ■ | ૧૨ | | | | ■ | ૧૩ | ૧૪ | | |
| ૧૫ | | | ■ | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | ■ |
| | ■ | ■ | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | ૨૪ | | | ■ | ૨૫ | | ■ | ૨૬ | |
| ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | | ■ | ૩૦ | | |
| | ■ | ૩૧ | | | ■ | ૩૨ | | ■ | |
| ■ | ૩૩ | | | ■ | ૩૪ | | ■ | ૩૫ | |

**આડી ચાવી**

૧. દુનિયાના બધા દેશોને લગતું (૬)
૫. કેન્દ્ર (૩)
૮. ઉષ્ણ, ઊનું (૩)
૯. બાળબચ્ચાં, કુટુંબકબીલો (૫)
૧૧. રહેમવાળું, જુલમ વિનાનું (૩)
૧૨. ઘરડું, વૃદ્ધ (૪)
૧૩. --- સાધવો એટલે તકનો ઉપયોગ કરવો (૨)
૧૫. જાડી મોટી પિછોડી (૩)
૧૬. --- જોવું એટલે તાકાત જોવી (૨)
૧૮. પાણી ટપકે (૨)
૨૦. ચાવણું, તીખી/મીઠી ચીજ (૩)
૨૩. સોઈ, સહુલિયત (૪)
૨૫. નસ, ઓઢવાનો ધાબડો (૨)
૨૬. મન --- તો કથરોટમેં ગંગા (૨)
૨૭. પગેરુ કાઢનાર (૨)
૨૮. ગાય-ભેંસનું ઘર (૩)
૩૧. મોટાઈ, ડંફાસ, મગરૂરી (૩)
૩૨. રાખ, ધૂળ, પાયમાલી (૨)
૩૩. અરસિક, વૃદ્ધ (૩)
૩૪. ખુશ થયા છો તો આપો (૨)
૩૫. દાન કરનાર (૨)

**ઊભી ચાવી**

૧. ગામડામાં ઘરની આગળ --- હોય (૩)
૨. તાજું, તૃપ્ત, ચકચૂર (૨)
૩. રમતમાં ચિત્તવાળું (૫)
૪. જવનો ક્ષાર (૩)
૫. બુદ્ધિ (૨)
૬. જે થાય તે --- દેવું (૨)
૭. સિલસિલાબંધ, હારબંધ (૪)
૧૦. વિનાશ (૩)
૧૧. પરવા વિનાની (૩)
૧૨. વિશ્વાસ, પ્રામાણિકપણું (૨)
૧૪. ગટગટ (૩)
૧૫. ચોકસાઈ (૫)
૧૭. આરંભ, સારું ટાણું (૪)
૧૯. મેઘગર્જના (૫)
૨૧. દુનિયા, વિશ્વ (૨)
૨૨. બે જુદા જુદા રંગવાળું (૫)
૨૪. દીકરી (૨)
૨૯. મા (૨)
૩૦. પવિત્ર, ખેતરમાં ઊગે તે (૨)
૩૧. નાનાં ગામડાં સુધી પણ --- પહોંચે (૨)
૩૨. અવકાશ (૨)

### ગુજરાત મોરી મોરી રે

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની પ્રસિદ્ધ સરસ્વતીચંદ્ર નવલકથાના કયા પાત્ર પરથી એ જ નામની ત્રણ ગુજરાતી ફિલ્મો બની છે એ જણાવો.

અ) પ્રમાદધન બ) દમયંતી ક) ગુણસુંદરી ડ) કુમુદ સુંદરી

### જાણવા જેવું

ગુજરાતી ભાષાનું પ્રથમ બોલપટ ‘નરસિંહ મહેતા’ ૧૯૩૨માં રજૂ થયું હતું. આ ફિલ્મનું દિગ્દર્શન નાનુભાઈ વકીલે કર્યું હતું અને ફિલ્મના પ્રમુખ કલાકાર મારુતિ રાવ, મોહન લાલા અને ઉમાકાંત દેસાઈ હતા. ફિલ્મનું સેટ ડિઝાઈનિંગ રવિશંકર રાવળનું હતું. ચિત્રપટમાં ચમત્કારના કોઈ દૃશ્ય નહોતા, ગાંધીજીના સિદ્ધાંતોને અનુસરવામાં આવ્યા હતા.

### સુડોકુ-૮૦૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | | | | ૧ | | ૭ | ૫ |
| | | | | ૨ | | | ૧ | |
| ૨ | | | | ૬ | | ૮ | | |
| ૯ | | | | | | ૬ | | |
| ૧ | ૫ | | | | | | ૨ | ૩ |
| | | ૭ | | | | | | ૪ |
| | | ૫ | | ૩ | | | | ૧ |
| | ૧ | | | ૫ | | | | |
| ૬ | ૪ | | ૮ | | | | ૯ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૮૦૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૪ | ૮ | ૬ | ૯ | ૧ | ૫ | ૩ |
| ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૧ | ૯ | ૮ | ૭ |
| ૯ | ૮ | ૧ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ |
| ૭ | ૪ | ૬ | ૧ | ૨ | ૫ | ૩ | ૯ | ૮ |
| ૫ | ૯ | ૮ | ૭ | ૩ | ૪ | ૨ | ૧ | ૬ |
| ૧ | ૨ | ૩ | ૯ | ૮ | ૬ | ૭ | ૪ | ૫ |
| ૩ | ૧ | ૯ | ૬ | ૭ | ૮ | ૫ | ૨ | ૪ |
| ૮ | ૫ | ૨ | ૪ | ૧ | ૩ | ૬ | ૭ | ૯ |
| ૪ | ૬ | ૭ | ૫ | ૯ | ૨ | ૮ | ૩ | ૧ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૪૦ વર્ષની લાંબી કારકિર્દીમાં જીતેન્દ્રએ અનેક કલાકારો સાથે કામ કર્યું છે. કઈ ફિલ્મમાં જીતુભાઇ સંજીવ કુમાર સાથે જોવા મળ્યા એ શોધી કાઢો.

અ) સંતાન બ) અપનાપન ક) તોહફા ડ) લોક પરલોક

### નોંધી રાખો

પાણી જેવા બનો જે પોતાનો રસ્તો જાતે શોધી લે, નહીં કે પથ્થર જેવા જે બીજાના રસ્તામાં અવરોધ ઊભો કરે. સમાજને ઉપયોગી સાબિત થશો.

### માઈન્ડ ગેમ

સુભાષ ઘઈની ‘સૌદાગર’ ફિલ્મથી પદાર્પણ કરનારી મૂળ નેપાળની અભિનેત્રી મનીષા કોઈરાલાની ફિલ્મ આપેલા વિકલ્પોમાંથી ઓળખી કાઢો

અ) સાથ સાથ બ) દિલ સે ક) ઘાયલ ડ) આશિકી

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| आँत | આંતરડું |
| कंधा | ખભો |
| कलाई | કાંડું |
| तलवा | પગનું તળિયું |
| पेशी | સ્નાયુ |

**ઓળખાણ પડી?** વિવાહ

**માઈન્ડ ગેમ** આન મિલો સજના

**ગુજરાત મોરી મોરી રે** સત્યપ્રેમ કી કથા

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો** ગુલશન બાવરા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપુર (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન ઉદેશી (૭) કિશોર જીવણદાસ વેદ (૮) ગીતા ઉદેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મહેન્દ્ર લોઢાવિયા (૧૫) મહેશ દોશી (૧૬) પુષ્પા પટેલ (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) શ્રદ્ધા આશર (૨૦) જ્યોતિ ખાંડવાલ (૨૧) પ્રવીણ વોરા (૨૨) મીનળ કાપડિયા (૨૩) કિશોર બી. સંઘરાજકા (૨૪) ભાવના કર્વે (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) મનીષા શેઠ (૨૯) ફાલ્ગુની શેઠ (૩૦) નુતન વિપીન શાહ (૩૧) અલકા વાણી (૩૨) અંજુ ટોલિયા (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) પુષ્પા ખોના (૩૫) નિતિન જયવંત બજરિયા (૩૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશ દલાલ (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) વિણા સંપટ (૪૪) મહેશ દોશી (૪૫) નિતિન જે. બજરિયા (૪૬) જયશ્રી ભાવિશી (૪૭) વિજય આસર (૪૮) જગદીશ ઠક્કર (૪૯) અરવિંદ કામદાર

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) કોયલ બોલી દુનિયા ડોલી સમજો - ફિલ્મ સરગમ ૨) ઝૂઠ બોલે કૌવા કાટે કાલે કૌવે સે ડરીયો - બોબી ૩) મારાં હિવડા મા નાચે મોર તક થૈયા - હમ સાથ સાથ હૈ ૪) તોતા મેરે તોતા મૈં તો તેરી હો ગયી-આજ કા ગુંડારાજ ૫) બોલે રે પપી હરા નિત મન પ્યાસા - ગુડ્ડી ૬) કબૂતર જા જા જા પેહલે પ્યાર - મૈંને પ્યાર કિયા ૭) દો હંસો કા જોડા બિછડ ગયા રે - ગંગા જમુના


**ક્વિઝ (બ)** ૧) ડિમ્પલ કાપડિયા - સિમ્પલ કાપડિયા ૨) કાજોલ -તનિષા ૩) કરિશ્મા કપૂર- કરીના કપૂર ૪) રિયા સેન - રૈમા સેન ૫) નૂતન- તનુજા ૬) શિલ્પા શેટ્ટી - શામિતા શેટ્ટી ૭) તબ્બુ - ફરાહ

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# પંકજ મલિક - સાયગલના બહુઆયામી ડિરેક્ટરઃ ફણી મજુમદાર

**બંગાળી - હિન્દી ફિલ્મોમાં દિગ્દર્શન સાથે લેખનકાર્ય માટે જાણીતા થયેલા ફણી મજુમદારે ડોક્યુમેન્ટરી અને બાળકો માટે પણ ફિલ્મો બનાવી હતી. આજે ૩૦મી પુણ્યતિથિ છે એ નિમિત્તે એમને યાદ કરી લઈએ...**


‘ઊંચે લોગ’માં ફિરોઝ ખાન, કે. આર. વિજયા, રાજ કુમાર અને અશોક કુમાર

બંગાળની માતબર ફિલ્મ નિર્માણ સંસ્થા ‘ન્યુ થિયેટર્સ’થી ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ કરનારા અનેક ગુણી કલાકારો કાળક્રમે મુંબઈ પહોંચીને પોતાની આવડતનો પરિચય કરાવ્યો અને પોતાનાં નામ પણ રોશન કર્યા. કે. એલ. સાયગલ, બિમલ રોય, હેમંત કુમાર સહિત અનેક કલાકાર હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સ્થાયી થવા મુંબઈ આવ્યા એમાં એક નામ લેખક - દિગ્દર્શક ફણી મજુમદારનું પણ હતું. સંખ્યા નાની, ગુણવત્તા મોટી જેવું લેબલ ધરાવતા બંગાળી સર્જકની આજે ૩૦મી પુણ્યતિથિ છે એ નિમિત્તે એમના યોગદાનથી પરિચિત થવાની આપણી ફરજ નિભાવીએ.

કોલેજ ગ્રેજ્યુએટ ફણી મજુમદારને ટાઈપિસ્ટની નોકરી મળી, પણ કલા રસિક જીવને કમાણીના આનંદ કરતાં અકળામણ વધુ થતી હતી. એક તો બંગાળી અને સાહિત્યમાં રુચિ એટલે સર્જનાત્મક વલણ જીવનમાં હોય એ સ્વાભાવિક કહેવાય. સદનસીબે ન્યુ થિયેટર્સના નામાંકિત એક્ટર - ડિરેક્ટર પી. સી. બરુઆ - પ્રમથેશ બરુઆના સ્ટેનોગ્રાફર તરીકે અને પછી એમના આસિસ્ટન્ટ ડિરેક્ટર અને સિનારિસ્ટ તરીકે કામ કરવાનો મોકો મળ્યો. આ સહવાસમાં બાબુ મોશાયની સર્જકતાને ખાતર - પાણી મળ્યા. બરુઆની બંગાળી ‘મુક્તિ’માં એમના સહાયક દિગ્દર્શકના કામથી કંપની એ હદે પ્રભાવિત થઈ કે બીજે જ વર્ષે ફણી મજુમદારને સ્વતંત્રપણે ફિલ્મ દિગ્દર્શિત કરવાનું આમંત્રણ મળ્યું. ફિલ્મ હતી ‘સ્ટ્રીટ સિંગર’ અને એના હીરો હતા ‘દેવદાસ’, ‘પ્રેસિડેન્ટ’ અને ‘કરોડપતિ’ ફિલ્મથી ટોચના સ્ટાર બની ગયેલા કે. એલ. સાયગલ.


ફણી મજુમદાર

ફિલ્મોના અભ્યાસુઓના અભિપ્રાય અનુસાર ‘સ્ટ્રીટ સિંગર’થી એક્ટર સાયગલને વધુ નિખાર મળ્યો અને હા, સાયગલ સાહેબનું સૌથી વધુ હિટ સોન્ગ ‘બાબુલ મોરા, નૈહર છૂટો હી જાય’ પણ આ જ ફિલ્મમાં હતું. ભૈરવી ઠુમરીમાં આ ગીત અજરામર ગણાય છે. કાનનદેવી ‘મેલડી ક્વીન’ તરીકે ખ્યાતિ પામ્યાં એમાં ‘સ્ટ્રીટ સિંગર’ અને ફણી મજુમદારનો મોટો ફાળો છે. પંકજ મલિકના સ્વરાંકન અને ગાયકીને કારણે પ્રખ્યાત થયેલી ૧૯૪૧ની ‘ડોક્ટર’ ફિલ્મ (આયી બહાર, ચલે પવન કી ચાલ અને મહક રહી ફુલવારી...જેવાં સદાબહાર ગીત)માં લેખનકાર્ય તેમ જ સહાયક દિગ્દર્શક તરીકે એમનું યોગદાન હતું.

સર્જક માત્રને પાંખો ફફડાવી વિશાળ આકાશમાં ઊડવું ગમતું હોય છે. આ જ કારણસર બંગાળી બાબુ કલકત્તાથી મુંબઈ આવી પહોંચ્યા. મુંબઈમાં એ સમયે હિમાંશુ રાય - દેવિકા રાણીની ‘બોમ્બે ટોકીઝ’ અને સામાજિક જાગૃતિના ઉદ્દેશથી બનાવવામાં આવતી ફિલ્મોનો દબદબો હતો. ૧૯૪૦ના દાયકામાં એમણે ‘તમન્ના’ (સુરૈયા), ‘મોહબ્બત’ (શાંતા આપટે) અને ‘આંદોલન’ (કિશોર કુમાર) વગેરે ફિલ્મો કરી, પણ એમનું નામ ગાજવું જોઈએ એટલું ગાજ્યું નહીં.

‘બોમ્બે સ્ટુડિયો’ના નેજા હેઠળ અશોક કુમાર અને સાવક બી. વાચ્છાના નિર્માણ હેઠળ બનેલી ‘તમાશા’ ફિલ્મમાં લેખન અને દિગ્દર્શન ફણી મજુમદારના હતા. ફિલ્મનું કાસ્ટિંગ રસપ્રદ હતું. અશોક કુમાર, કિશોર કુમાર, દેવ આનંદ અને મીના કુમારી...! હોલિવૂડ ફિલ્મ ‘ઈટ સ્ટાર્ટેડ વિથ ઈવ’ પરથી પ્રેરણા લઈ બનાવવામાં આવેલી આ ફિલ્મ દેવ આનંદ અને મીના કુમારી સાથે હોય એવી પહેલી ફિલ્મ હતી. ટ્રેજેડી ક્વીનનો સિક્કો લાગ્યો એ પહેલાની ચુલબુલી મીના કુમારી આ ફિલ્મમાં જોવા મળે છે. બીજી એક નોંધવા જેવી વાત એ છે કે દેવ આનંદ અને કિશોર કુમારએ સાથે અભિનય કર્યો હોય એવી આ બીજી ફિલ્મ હતી. અગાઉ ‘ઝીદ્દી’ (૧૯૪૮)માં બંને સાથે હતા. અલબત્ત, એમાં કિશોર કુમાર સાવ અલપઝલપ જોવા મળ્યા હતા.

૧૯૬૦ના દાયકામાં ફણી મજુમદારનું નામ ત્રણ નામાંકિત ફિલ્મ સાથે જોડાયું હતું. ‘રાજશ્રી પ્રોડક્શન્સ’ની પ્રથમ ફિલ્મ ’આરતી’ અને મદ્રાસની ફિલ્મ કંપની ’ચિત્રકલા’ના નિર્માણ હેઠળ બનેલી ‘ઊંચે લોગ’માં દિગ્દર્શક હતા તો રાજકુમાર, મીના કુમારી અને ધર્મેન્દ્ર અભિનીત ‘કાજલ’ની પટકથા એમણે લખી હતી. ‘આરતી’ એક ગુજરાતી નાટકમાંથી પ્રેરણા લઈને તૈયાર થઈ હતી જ્યારે ‘ઊંચે લોગ’ કે. બાલાચંદર (એક દુજે કે લિયે)ના તમિળ નાટક ‘મેજર ચંદ્રકાંત’ પર આધારિત હતી. ફિરોઝ ખાનની કરિયરની આ પ્રથમ હિટ ફિલ્મ હતી, જેને નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. રસપ્રદ વાત એ છે કે ઉપેન્દ્ર ત્રિવેદીએ ‘મેજર ચંદ્રકાંત’ નામનું નાટક ગુજરાતીમાં બનાવ્યું હતું અને ફિલ્મમાં જે રોલ અશોક કુમારએ કર્યો હતો એ રોલ નાટકમાં ઉપેન્દ્ર ભાઈએ કર્યો હતો. હિન્દી ફિલ્મ અને ગુજરાતી નાટક એ બન્ને આ લખનારે જોયા હતા અને દૃઢપણે કહી શકાય કે નાટકના રોલમાં ઉપેન્દ્ર ભાઈ વધુ પ્રભાવી લાગ્યા હતા.

ફણી મજુમદારનું ફિલ્મમેકર તરીકે એક એવું પણ યોગદાન છે , જેનો ઉલ્લેખ અવશ્ય કરવો જોઈએ. બંગાળી અને હિન્દી ઉપરાંત એમણે પંજાબી, માગધી અને મૈથિલી ભાષામાં પણ ફિલ્મો બનાવી છે. આ ઉપરાંત, સિંગાપોર જઈ મલય ભાષામાં પણ કેટલીક ફિલ્મો બનાવી હતી, જેમાં પંકજ મલિકની ‘ડોક્ટર’નો પણ સમાવેશ છે. બાળકો માટેના ચિત્રપટ અને ડોક્યુમેન્ટરી પર પણ એમણે હાથ અજમાવ્યો હતો. એમની ‘સાવિત્રી’ નામની ચિલ્ડ્રન ફિલ્મને એવોર્ડ પણ મળ્યો હતો. ‘હાવડા બ્રિજ’, ‘આરાધના’, ‘અમર પ્રેમ’ જેવી યાદગાર ફિલ્મો આપનારા શક્તિ સામંત ફણી મજુમદારના સહાયક તરીકે કામ કરતા હતા. બંગાળી બાબુના લગ્ન મોનિકા દેસાઈ સાથે થયા હતા. કે. એલ. સાયગલની ‘પ્રેસિડેન્ટ’માં મસ્તીખોર તરુણીનો રોલ કરનારા લીલા દેસાઈના બહેન હતાં મોનિકા દેસાઈ. ખુદ મોનિકા દેસાઈએ પણ રાજ કપૂરની ‘ચિતોડ વિજય’ અને કેદાર શર્માની ‘ચિત્રલેખા’માં કામ કર્યું હતું.

સાંસ્કૃતિક પ્રદાનમાં અગ્રસર ગણાતી બંગાળની ભૂમિ પરથી અનેક ગુણવંતા કલાકારોએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી દીપાવી છે. ફણી મજુમદાર એ યાદીનું ઝળહળતું નામ છે.

---

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### આમિરની ફિલ્મ ‘ઝમીન’ પર ઊતરી ગઈ!




બોલિવૂડવાળા હોલિવૂડની ફિલ્મોની બેધડક કોપી કરે છે એ કોઈ નવી વાત નથી. હા, ઘણાં બોલિવૂડ ફિલ્મ મેકર્સ તેને ‘ઇન્સ્પિરેશન’ કહીને પોતાને કોપીના આરોપથી દૂર રાખવાનો પ્રયાસ જરૂર કરતા હોય છે, પરંતુ આમિર ખાને અત્યાર સુધી એની આવનારી ફિલ્મ ‘સિતારે ઝમીન પર’ એ કોપી નહીં, પરંતુ ઇન્સ્પિરેશન છે એવું કશું કહ્યું નથી.

વાત એમ છે કે હમણાં બે દિવસ પહેલાં ‘સિ.ઝ.પ.’ (સિતારે ઝમીન પર) નું ટ્રેલર જોવા મળ્યું. આ ટ્રેલર જોઇને ઘણા બધા લોકોને થયું કે હાશ, હવે આપણને કોઈ નવા વિષય પર ફિલ્મ જોવા મળશે. વળી ટ્રેલર હતું પણ ઇમ્પ્રેસિવ , પણ કેટલાક ખણખોદિયા નવરા થોડા બેસી રહે? ખોતરકામ કરતાં ખ્યાલ આવ્યો કે આમિરની આ ‘સિ.ઝ.પ.’ એ ફક્ત બે વર્ષ અગાઉ આવેલી હોલિવુડ ફિલ્મ ‘ચેમ્પિયન્સ’ની બેઠ્ઠી કોપી છે! એટલું જ નહીં, ફિલ્મનું ઈમ્પ્રેસ કરનારું ટ્રેલર પણ ‘ચેમ્પિયન્સ’ના ટ્રેલરની બેઠ્ઠી કોપી છે! હવે આ ‘ચેમ્પિયન્સ’ ખુદ જોકે એ જ નામથી બનેલી સ્પેનિશ ફિલ્મની ઓફિશિયલ રિ-મેક છે, પણ આમિરમિયાંએ પોતાની આ ફિલ્મ રિ-મેક હોવાનો ઉલ્લેખ અત્યાર સુધી તો ક્યાંય નથી કર્યો.

આમિર અને એના પ્રોડક્શન હાઉસના લોકોએ શું વિચાર્યું હશે? સમીક્ષકો- દર્શકોને વળી શું ખબર પડવાની? હકીકતમાં કોવિડ દરમિયાન લોકોને એટલી બધી ઇન્ટરનેશનલ ફિલ્મો જોવાની આદત પડી ગઈ છે કે એમના ધ્યાનમાંથી ‘ચેમ્પિયન્સ’ છટકે ખરી?!

વળી, ‘ઓપરેશન સિંદૂર ’ દરમિયાન પાકિસ્તાનને મદદ કરનારા તુર્કીના રાષ્ટ્રપતિ સાથે આમિરના નજીકના સંબંધ પણ આ ફિલ્મની સફળતા ઉપર હવે ઝળુંબી રહ્યા છે. ક્યાંક ‘સિ.ઝ.પ.’ એમાં અટવાઈને ફ્લોપ તો નહીં જાયને?

### ‘રામ-લખન’ ફરી એકવાર પડદા પર સાથે...



ઘણાં સમયથી જે ફિલ્મનું શૂટિંગ શરૂ થવાની રાહ જોવાઈ રહી છે તે શાહરૂખ ખાનની ‘કિંગ’ને લઈને એક મોટી ખબર આવી છે કે આ ફિલ્મમાં જેકી શ્રોફ અને અનિલ કપૂર બંને એકસાથે જોવા મળશે.... અનીલ કપૂરને તો ‘કિંગ ’ માટે અગાઉથી જ સાઈન કરી લેવામાં આવ્યો હતો, પરંતુ જેકી શ્રોફને એમાં હમણાં જ સાઈન કરવામાં આવ્યો છે.

ફિલ્મજગતના ‘ખબરી’ મુજબ ફિલ્મ ‘કિંગ’ એ મોટા માફિયા અને એની દીકરી વચ્ચેના સંબંધની વાર્તા છે. શાહરૂખ ખાન એ માફિયાની ભૂમિકા ભજવી રહ્યો છે અને અનિલ કપૂર એના સિનિયર હેન્ડલરની ભૂમિકામાં છે. જેકી શ્રોફ આ ફિલ્મમાં કયો રોલ કરશે એ વિશે હજી કોઈ ખબર બહાર આવ્યા નથી, પરંતુ ગઈ પેઢીના ચાહકો માટે તો એટલું જ પૂરતું છે કે રામ અને લખન ત્રીસ વર્ષ બાદ એક સાથે સ્ક્રિન શેર કરતા જોવા મળશે. જોઈએ હવે આ રામ- લખનની જોડી ‘કિંગ’ ઉપર કેટલી ભારે પડે છે!

### ભાઈજાન બોલ્યા ને ‘એ ફસા...!’

‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન ઘણી બધી સેલિબ્રિટીઝનું પાણી મપાઈ ગયું છે. ભારતની સેના પાકિસ્તાન સ્થિત આતંકવાદી ઠેકાણાંઓ ઉપર હુમલો કરી રહી હતી ત્યારે મોટાભાગના બોલિવૂડે મૌન સેવવાનું પસંદ કર્યું હતું. આ વાત સામાન્ય પ્રજાને બિલકુલ ગમી નથી. આ તમામમાં સલમાન ખાન પણ હવે પ્રજાની નજરમાં આવી ગયો છે. સમગ્ર ઓપરેશન વખતે કશું જ ન બોલનાર સલમાન ખાને જ્યારે કહેવાતા ‘યુદ્ધવિરામ’ના સમાચાર આવ્યા ત્યારે ઉપરવાળાનો આભાર કરતી પોસ્ટ ‘એક્સ’ પર વહેતી કરી. આપણા સૈનિકો પોતાનો જીવ જોખમમાં મૂકીને દુશ્મન દેશને પાઠ ભણાવતા હોય ત્યારે એમના માટે ઉત્સાહપ્રેરક બે શબ્દો ન બોલનાર સલમાને જેવો યુદ્ધવિરામ થયો કે પ્રભુનો પાડ માન્યો એ વાત કરોડો ભારતવાસીઓને ખૂંચી ગઈ. આ પછી પ્રજાનો રોષ જોઈને ભાઈજાને એ પોસ્ટ ડિલિટ કરવી પડી.

ફક્ત સલમાન જ નહીં, બાકીના બે ખાન અને બીજા અનેક ફિલ્મ સેલેબ્સ પણ યુદ્ધવિરામ પહેલાં અને પછી પણ બિલકુલ મૌન સેવી રહ્યા છે. કોઇપણ મુદ્દે પોતાનો મત જાહેર કરવા દોડી જતા આ લોકો વિરુદ્ધ હવે એમના ચાહકો કઈ રીતે પોતાનો રોષ ઉતારે છે એ જોવાનું રહ્યું. ...



**કટ એન્ડ ઓકે..**

પાકિસ્તાની એક્ટર ફવાદ ખાને પાકિસ્તાન પરની ભારતીય સેનાની એક્શનને ‘શરમજનક’ ગણાવી પછી ‘અનુપમા’ રૂપાલી ગાંગુલીની જલદ પ્રતિક્રિયા:

*‘ના...તારું ભારતીય ફિલ્મોમાં કામ કરવું એ અમારા માટે વધુ શરમજનક હતું!’*

---

## ફટા પોસ્ટર, નિકલા...

મહેશ નાણાવટી

# બહન કે પતિ કી બહન કા પતિ?

**ફિલ્મ ઘરાનાના અટપટા સંબંધોના ગૂંચવી દે એવા ગુણાકાર - ભાગાકાર..!**

મુંબઈની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ‘નિપોટીઝમ’ યાને કે સગાંવાદની ચર્ચા તો ઘણા સમયથી ચાલે છે, પણ અહીં અંદરો અંદર કોણ કોનાં સગાં છે એ ખોળવા બેસીએ તો મગજમાં તાવ આવી જાય એવું છે...


આનો એક મજેદાર નમૂનો થોડા દિવસ પહેલાં સોશિયલ મીડિયામાં ફરી રહ્યો હતો. એમાં એક ફોટો હતો જેમાં મહેશ ભટ્ટની દીકરી પૂજા ભટ્ટ સાથે સાત-આઠ વરસની ઉંમરનો કુણાલ ખેમુ દેખાય છે. (કદાચ ૧૯૯૮માં આવેલી ફિલ્મ ‘ઝખ્મ’નો ફોટો હતો.) એમાં જે લખ્યું હતું તે મજેદાર હતુંઃ

‘પૂજા ભટ્ટ કે બહન કે પતિ કી બહન કે પતિ કી બહન કા પતિ... કુણાલ ખેમુ!’

બોલો, બિલકુલ ઉખાણા જેવું જ છે ને?

હવે ધીમે ધીમે આ ઉખાણાને ઉકેલી જુઓઃ

પૂજા ભટ્ટની બહેન એટલે આલિયા ભટ્ટ, બરોબર? આલિયા ભટ્ટનો પતિ એટલે રણબીર કપૂર, રાઈટ? હવે રણબીર કપૂરની બહેન (કઝિન) એટલે કરિના કપૂર અને કરિનાનો પતિ એટલે સૈફ અલી ખાન... અને સૈફ ખાનની બહેન છે સોહા અલી ખાન, જે પરણી છે કુણાલ ખેમુને!


કુણાલ ખેમુ-પૂજા ભટ્ટ

આમાં ખરી ગમ્મત એ ચાલી કે કોઈએ પૂછ્યુંઃ ‘આ બધું તો ઠીક, પણ એ હિસાબે પૂજા ભટ્ટ પેલા કુણાલ ખેમુની શું થાય?’ અઘરું છે નહીં? કેમકે સાળાના... સાળાની... સાળીને શું કહેવાય? (હવે આમાં ઊંધી લાઈન પકડીને ચાલવા જશો તો વધારે ગૂંચવાશો...સો જસ્ટ ડોન્ટ ટ્રાય ! )

આમ જોવા જાવ તો મુંબઈ ફિલ્મ ઉદ્યોગમાં અંદરો અંદર એટલી બધી સગાઈઓ છે કે વાત ના પૂછો, છતાં જો એમ પૂછીએ કે ‘ઝિનત અમાનની સગાઈ છેક કવિવર રવીન્દ્રનાથ ટાગોર સાથે શી રીતે નીકળે?’ ... તો ચક્કર જ આવે ને?

છતાં આ જિગ્સો પઝલ સમજવા જેવી છે. આમાં શરૂઆત દિલીપ કુમારથી કરવી પડે કેમકે દિલીપ કુમારની બહેન તાજ અને તાજની દીકરી તે રૂબિયાએ લગ્ન કરેલાં એક મઝહર ખાન સાથે, પણ મઝહર ખાને ‘ત્રીજા’ લગ્ન કર્યાં ઝિનત અમાન સાથે! (આ મઝહર ખાન કોણ? તો ‘શાન’ ફિલ્મમાં જેણે લંગડાનો રોલ કરેલો તે.)

હવે ઝિનતના પિતા એટલે અમાનુલ્લા ખાન, જે એક જમાનામાં ‘મુગલ-એ-આઝમ’ અને ‘પાકીઝા’ જેવી ફિલ્મોના સંવાદ લેખક હતા. હવે ઝિનત જ્યારે ૧૩ વરસની હતી ત્યારે આ અમાનુલ્લા ખાન ગુજરી ગયા. એ પછી ઝિનતની મા કોઈ જર્મન નાગરિકને પરણીને વિદેશ જતી રહી.

જોકે આ ઝિનત અમાન મઝહર ખાનને પરણી એ પહેલાં તેણે સંજય ખાન સાથે ખાનગીમાં લગ્ન કરી નાંખેલું! હા, એ લગ્ન એક વરસથી વધારે ટક્યું નહીં. કેમકે જો ટક્યું હોત તો આજે હૃતિક રોશન પણ ઝિનતનો સગા થતો હોત! કેમ કે હૃતિક રોશનનાં લગ્ન થયાં હતાં સંજય ખાનની દીકરી સુઝાન સાથે! (બન્ને સ્કૂલમાં જોડે ભણતાં હતાં અને પ્રેમમાં પડ્યાં) જોકે હાલમાં હૃતિક અને સુઝાનના છૂટાછેડા થઈ ગયા છે. અને બન્ને હજી પોતપોતાની રીતે બીજે ક્યાંક પરણ્યા નથી, બાકી ઝિનત અમાનની સગાઈ દિગ્દર્શક રાકેશ રોશન અને સંગીતકાર રોશન સાહેબ સાથે પણ નીકળતી હોત!


અચ્છા, હવે જુઓ... જાણીતો વિલન રઝા મુરાદ, જે એમના અભિનેતાના ભૂરી આંખોવાળા ‘મુરાદ’ નામે ઓળખાતા અભિનેતાનો દીકરો છે, એ પણ ઝિનત અમાનનો કઝિન થાય! શી રીતે? તો સાહેબ, ઝિનતના બાપા અમાનુલ્લા ખાન અને આ મુરાદ ખાન એકબીજાના ભાઈ થાય!

આટલી સગાઈઓ ઓછી હોય તેમ હજી પેલો સવાલ તો ઊભો જ છે કે ઝિનત અમાનના છેડા કવિવર રવીન્દ્રનાથ ટાગોર સાથે શી રીતે જોડાયા છે?

- તો આગળ સાંભળો, દિલીપ કુમાર (યુસુફ ખાન)ના ભાઈ નાસ્તર ખાનની પત્ની હતી બેગમ પારા... આ બેગમ પારાની ભાણી રુખસાના પરણી હતી એક સરદારને! જેનું નામ હતું શિવેનુ સિંહ. હવે આ શિવેનુ સિંહ કોણ? તો કહે, એ જાણીતા લેખક અને પત્રકાર ખુશવંત સિંહનો ભત્રીજો થાય! અને એ જ શિવેનુ સિંહની દીકરી એટલે અમૃતા સિંહ! જે આપણી પહેલી કવીઝના સૈફ અલી ખાનની પહેલી પત્ની થાય!

આમ માથું ના ખંજવાળો, સાહેબ! આ સૈફ અલી ખાન બીજી વાર પરણ્યો કરિના કપૂરને! એટલે આખેઆખું કપૂર ખાનદાન હવે દિલીપ કુમાર અને ઝિનત અમાનનાં સગામાં આવી ગયું! સમજ્યા!

હવે રહી વાત ઝિનત અમાનના ‘ટાગોર કનેક્શન’ની તો જરા વાંચતાં વાંચતાં સમજતા જજો...


રવીન્દ્રનાથ ટાગોર

આપણા સૈફ અલી ખાનના પિતા એટલે મન્સુર અલી ખાન, જે મશહૂર ક્રિકેટર હતા, બરોબર? એમણે કોની સાથે લગ્ન કર્યાં? શર્મિલા ટાગોર સાથે, રાઈટ? હવે શર્મિલા ટાગોર સગી થાય છે કવિવર રવિન્દ્રનાથ ટાગોરની... કઈ રીતે? તો શર્મિલાની જે મમ્મી ખરીને, એની પણ મમ્મી કવિવર રવીન્દ્રનાથ ટાગોરના મોટા ભાઈ દ્વિજેન્દ્રનાથના દીકરાની દીકરી થાય! બોલો, ક્યાંની સગાઈ ક્યાં સુધી નીકળી?!


ઝિનત અમાન


હવે આ સગાઈઓનાં લાંબા લપ સિંદરમાં કુણાલ ખેમુ તો જોડાઈ જ ગયો છે, સાથે સાથે મહેશ ભટ્ટ, વિક્રમ ભટ્ટ અને રોબિન ભટ્ટ પણ જોડાઈ ગયાં છે! એ તો ઠીક, સૈફ અલી ખાનના દીકરા ઈબ્રાહિમ અને તૈમૂર જ્યારે ફિલ્મમાં આવશે, જ્યારે રણબીર અને આલિયાની દીકરી રાહા મોટી થશે, હૃતિક રોશનનાં દીકરાઓ હ્રહાન અને હ્રિહાન (એવાં જ નામો છે ભૈશાબ, શું કરીએ) પરણવા જેવા થશે અને કુણાલ ખેમુની દીકરી ઈયાના એડલ્ટ થઈને કોઈની ‘રિલેશનશિપ’માં એક ઘરમાં સાથે રહેવા લાગશે... ત્યારે એ બધાંથી જે ટાબરિયાં દુનિયામાં આવશે... તે આપણી ‘ઝિન્ની બેબી’ ઉર્ફે ઝિનત અમાનને શું કહીને બોલાવશે?!

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# હોલિવૂડમેં યે ક્યા હંગામા હો રહા હૈ, બ્રો?!

## તાજેતરની નવી ત્રણ ઘટનાની હોલિવૂડ પર શું અસર થશે?







હમણાં હોલિવૂડમાં અમુક એવી ઘટના બની છે કે જે સિનેમા ક્ષેત્રે સંકળાયેલા લોકો અને દર્શકો સૌને અચંબો પમાડે તેવી છે. તાજેતરમાં જ આવેલા સમાચારો પર ઝીણવટથી ધ્યાન ન દઈએ તો પણ એવું લાગે કે અચાનક હોલિવૂડમાં આટલું બધું કેમ બની રહ્યું છે?

પહેલી વાત છે અમેરિકન પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પના વિદેશી ફિલ્મ્સ પર ટેરિફ લગાવવાના નિર્ણયની. એમના નિર્ણય કે હવે અમેરિકામાં વિદેશી ફિલ્મ્સ પર ૧૦૦ ટકા ટૅરિફ લગાવવો જોઈએ એણે ખાસ્સો વિવાદ જગાડ્યો છે. આ અગાઉના એમનાં અન્ય ધંધાકીય ક્ષેત્રના ટૅરિફ અંગેના નિર્ણયોથી વૈશ્વિક બજાર અને રાજકારણ બંનેમાં ગરમી આવી ગઈ છે. હવે એમાંનો આ ફિલ્મો અંગેનો તાજો નિર્ણય માત્ર રાજકારણ કે બજાર જ નહીં, સિનેમાની અર્થવ્યવસ્થાને પણ હચમચાવી શકે છે.

જોકે, ટ્રમ્પના મંતવ્ય મુજબ, આ ટૅરિફ અમેરિકન સ્ટુડિયો અને પ્રોડ્યુસરને દેશમાં જ ફિલ્મ બનાવવાનું પ્રોત્સાહન આપશે. એ સાચું છે કે આજના સમયમાં બહુ જ બધી હોલિવૂડ ફિલ્મ્સ કેનડા, ન્યૂઝીલેન્ડ, ઇંગ્લેન્ડ કે ભારત જેવા દેશોમાં શૂટ થાય છે અને એ બદલ એમને ટેક્સમાં રાહત પણ મળે છે તો હવે જો આ ટૅરિફ લાગુ પડે તો એ તમામ આંતરરાષ્ટ્રીય શૂટિંગ સ્થળોને નુકસાન થશે અને સ્ટુડિયો માટે પણ ખર્ચ વધી જશે.


રાયન કુગલર

અહીં એ પણ સમજી લેવું જરૂરી છે કે હોલિવૂડ એટલે અમેરિકન પ્રોડક્શન હાઉસની ફિલ્મ્સ. દરેક ઈંગ્લિશ કે ભારત સિવાયની ભાષાની ફિલ્મ એટલે હોલીવૂડ ફિલ્મ નહીં. જોકે અહીં મુદ્દો એ પણ છે કે તો પછી વિદેશી ફિલ્મ કોને કહેવાય? શૂટિંગ ક્યાં થયું એ આધારે કે ટીમ ક્યાંની છે એ આધારે? જોકે નિર્માણ કંપની આધારે જ એ નક્કી થાય, પણ જો અમેરિકા ટૅરિફ મુદ્દે આવું પગલું ભરે તો ઘણાં દેશો પણ અમેરિકન ફિલ્મ્સ સામે પ્રતિબંધો લગાવી શકે. આનાથી આંતરરાષ્ટ્રીય ફિલ્મ્સની ઈકોસિસ્ટમ તૂટી શકે. વિવિધ ફેસ્ટિવલ, સહિયારા પ્રોજેક્ટ્સ અને ક્રોસ-બોર્ડર કોલાબરેશનના દરવાજા બંધ થવાની શક્યતા ઊભી થઈ શકે...

જોકે, આનાથી સામાન્ય દર્શકને શું ફરક પડે? વેલ, કોઈ પણ ફિલ્મમાં આજે જેમ અમેરિકા કે કોઈપણ દેશ બતાવવામાં આવે છે તેની હાજરી ઘટી જાય અને એનાથી મનોરંજનની માત્રા પણ ઘટી શકે. એ પછી જેમ્સ બોન્ડની ફિલ્મ હોય કે યશરાજ સ્ટુડિયોની સ્પાય ફિલ્મ, વિવિધ લોકેશન્સનો નજારો ફિલ્મમાંથી બાકાત થઈ શકે છે.

આ સાથે જ હોલિવૂડમાં બીજા એક મહત્ત્વના સમાચાર એ ગૂંજ્યા છે કે વોર્નર બ્રધર્સે દિગ્દર્શક રાયન કુગલરની ફિલ્મ 'સિનર્સ' માટે જે ડીલ સાઇન કરી છે એ એક નવી જ મિસાલ છે. 'સિનર્સ' એક વેમ્પાયર થીમ પર આધારિત પિરિયડ થ્રિલર છે. આ ફિલ્મ માટે વોર્નર બ્રધર્સે જે ઓફર આપી એ એકદમ ચોંકાવનારી હતી.

આ ડીલમાં દિગ્દર્શક રાયન કુગલરની ભાગે આવે છે ક્રિએટિવ કંટ્રોલ, ડિસ્ટ્રીબ્યુશનના હકો, નફામાં સીધો હિસ્સો અને ૨૫ વર્ષ પછી સ્ટુડિયો નહીં, પણ દિગ્દર્શકની ફિલ્મ- માલિકી. આજના સમયમાં કદાચ કોઈ પણ સ્ટુડિયો વિના સંકોચે આવી ડીલ કરે નહીં,પણ આ ડીલ સાબિત કરે છે કે હવે સ્ટુડિયોનો પરંપરાગત પાવર ડિરેક્ટર અને ક્રિએટિવ લોકો તરફ જઈ રહ્યા છે. 'સિનર્સ'ની સફળતા પછી હોલિવૂડમાં ઘણાં ડિરેક્ટરો આવી શરતો રાખે એવી શક્યતા વધુ છે. આ ડીલ હોલિવૂડના 'પાવર-સેન્ટ્રિક' કલ્ચરને બદલી શકે છે. લાંબા સમયથી સ્ટુડિયોઝ ફોર્મ્યુલા અને ફ્રેંચાઇઝી મોડલ પર ચાલતા આવ્યા છે, જ્યાં ડિરેક્ટરના વિચારોને ઘણી વખત બાજુ પર રાખવામાં આવતા, પરંતુ હવે 'સિનર્સ' ડીલ જેવી છૂટ ડિરેક્ટરને મળી રહી છે-મળશે, જે દર્શાવે છે કે ક્રિએટિવિટી ફરીથી સેન્ટર સ્ટેજ પર આવી રહી છે.

આ બધા વચ્ચે માર્વેલ સ્ટુડિયોઝે તો જાણે ફિલ્મ ટાઇટલનું આખું ફોર્મેટ જ બદલી નાખ્યું. માર્વેલની લેટેસ્ટ ફિલ્મ 'થન્ડરબોલ્ટ્સ' રિલીઝ કર્યા પછી તેના એન્ડ ક્રેડિટ્સમાં જણાવાયું કે ફિલ્મનું અસલ ટાઈટલ 'ધ ન્યૂ અવેન્જર' છે. ફિલ્મનું નામ એની રિલીઝ પછી બદલાય એ કદાચ પહેલાં ક્યારેય થયું નથી. 'થન્ડરબોલ્ટ્સ' નામ સાથે જ * એટલે કે એસ્ટ્રિક માર્ક રાખવામાં આવ્યો હતો, જે દ્વારા લોકોને શીર્ષકમાં ફેરફાર વિશે હિન્ટ આપવામાં આવી.

'થન્ડરબોલ્ટ્સ' તરીકે જે ફિલ્મ રજૂ થઈ, એ ઘણી હદે સાઇડ સ્ટોરી જેવી છે, પણ એના અંત સાથે માર્વેલે સીધું 'એવેન્જર્સ' જોડીને જોખમી માર્કેટિંગ સ્ટ્રટેજીને સફળ બનાવી દીધી. પરિણામે, રિલીઝ પછી બીજા જ સપ્તાહથી ટિકિટ સેલ્સમાં ઉછાળો જોવા મળ્યો અને સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ કે 'નવા અવેન્જર્સ આવી ગયા છે' 'થન્ડરબોલ્ટ્સ' ફિલ્મે અત્યાર સુધીમાં ૨૭૧ મિલિયન ડૉલરની કમાણી કરી લીધી છે.

અહીં આપણે જે ત્રણ ઘટનાની વાત કરી એને સાંકળીએ તો એ સ્પષ્ટ થાય છે કે સિનેમા ક્ષેત્રે માત્ર કન્ટેન્ટ નહીં, પણ બિઝનેસ મોડલ, પાવર ડાયનામિક્સ અને ફેન્સ સાથેના સંબંધમાં કોઈ પણ પ્રકારના અણધાર્યા બદલાવ શક્ય છે. અહીં હવે પ્રશ્ન એ છે કે શું હોલિવૂડ આવા નવા બદલાવ વચ્ચે ટકી શકશે ખરું? ■

**લાસ્ટ શોટ**

*'સિનર્સ' ફિલ્મ માટે સોની અને યુનિવર્સલ જેવા દિગ્ગજ સ્ટુડિયોએ પણ બોલી લગાવી હતી.*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ હીરોઈનોનાં કયાં ગીતનાં મુખડામાં આ પક્ષીઓનો ઉલ્લેખ છે... એ ફિલ્મનું નામ પણ કહો...**

૧) જયા પ્રદા - કોયલ
૨) ડિમ્પલ કાપડિયા - કૌવા
૩) કરિશ્મા કપૂર - મોર
૪) મીનાક્ષી શેશાદ્રિ - તોતા
૫ ) જયા ભાદુરી - પપીહરા
૬) ભાગ્યશ્રી - કબૂતર
૭) વિજયંતિ માલા - હંસ



## ક્વિઝ (બ)

**બોલિવૂડની ૨ બહેનોની જોડીનાં નામ જાણો છો?**


૧) 'સાગર' ફિલ્મની હીરોઈનની બહેન...
૨) 'ગુંડારાજ' ફિલ્મની હીરોઈનની બહેન...
૩) 'રાજા હિન્દુસ્તાની' ફિલ્મની હીરોઈનની બહેન...
૪) 'હીરોઈન' ફિલમની હીરોઈનની બહેન..
૫) 'મિલન' ફિલ્મની હીરોઈનની બહેન...
૬) 'ઈન્ડિયન' ફિલ્મની હીરોઈની બહેન...
૭) 'ચીની કમ' ફિલ્મની હીરોઈનની બહેન...

જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફિલ્મનામા
નરેશ શાહ

# કલ્પનાની ખીંટીએ ઝૂલતું રહસ્ય!

## 'ગાંધી-ગોડસેઃ એક યુદ્ધ' ફિલ્મ જે કલ્પનાઓ પર આધારિત છે એ જો ખરેખર વાસ્તવિક બની હોત તો આજે આપણો દેશ કઈ દશા- દિશામાં હોત એની કલ્પના માત્ર અતિ રોચક છે.




'ગાંધી ગોડસેઃ એક યુદ્ધ' ફિલ્મ અમુક 'તો' પર આધારિત છે, પણ હકીકત એ છે કે આવું પણ બની શક્યું હોત!

મે મહિનાના અંતમાં મુંબઈમાં રજૂ થનારા 'નથુરામ ગોડસેએ મરવું પડશે' નામના ગુજરાતી નાટકે ફરી એકવાર ગોડસેની યાદ તાજી કરી આપી છે ત્યારે એક કલ્પના કરી જોવા જેવી છે કે ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ નથુરામ ગોડસેએ કરેલાં ગોળીબાર પછી પણ ગાંધીજી જીવી ગયા હોત તો શું થાત?!

સત્યની જેમ કેટલીક કલ્પના પણ અકળાવનારી સાબિત થતી હોય છે અને આવી કલ્પના દિલ્હીમાં રહેતાં ૭૫ વર્ષના સાહિત્યકાર - પ્રોફેસર અસગર વજાહતે ('જીસે લૌહાર નહીં દેખ્યા' જેવું ઉમદા નાટક પણ જેમણે આપ્યું છે!) ૨૦૧૦માં કરી હતી. 'ગાંધી ગોડસેઃ એક યુદ્ધ' નામથી લખેલાં આ નાટકને ટોમ ઓલ્ટરે 'યદિ' નામથી ભજવેલું. કન્નડ ભાષામાં પણ એ બન્યું. ગુજરાતી ભાષામાં નિમેષ દેસાઈએ તે 'હું છું મોહનદાસ' નામથી ભજવ્યું. હિન્દીમાં અરવિંદ ગૌડે પણ છેલ્લાં દસ વરસથી આ જ નામથી નાટક ભજવી રહ્યા હતા, પરંતુ ત્યારે કોઈ વિવાદ નહોતો થયો , પણ રાજકુમાર સંતોષીએ એ જ નાટક પરથી 'ગાંધી - ગોડસેઃ એક યુદ્ધ' નામે ફિલ્મ બનાવી તો થોડો ચચરાટ થયો. આમ છતાં, અસગર વજાહતે એ ફિલ્મ વિશે આપેલાં ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે (નાટકની જેમ જ) ફિલ્મમાં પણ અમે કોઈને હીરો તરીકે દર્શાવવાનો પ્રયત્ન કર્યો નથી!

અસગર વજાહતે કરેલી કલ્પના એકદમ ઈન્ટરેસ્ટિંગ છે. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે બિરલા હાઉસમાં પ્રાર્થના સભામાં જઈ રહેલાં ગાંધીજીને પ્રથમ પ્રણામ કર્યા બાદ નથુરામ ગોડસે પોતાની પિસ્તોલમાંથી ત્રણ ગોળી ધરબી દે છે, પણ... એ જીવલેણ હુમલા પછી બચી ગયેલા અને સાજા થઈ ગયેલા ગાંધીજી પહેલું કામ શું કરે છે?

સ્વાભાવિક છે કે એ પોતાની હત્યાનો ગુનો કબૂલી ચૂકેલાં હત્યારા નથુરામ ગોડસેને મળવા જેલમાં જાય. હિન્દુઓના દુશ્મન અને મુસ્લિમોના તરફદાર એવા ગાંધીજીને પોતાની બેરેકમાં જોઈને નથુરામ ગોડસે છળી મરે છે, કારણ કે એની નજરમાં તો ગાંધીજી ભારતભૂમિ પરનો 'બોજ' છે. અખંડ ભારતના ભાગલા કરાવનારા, પાકિસ્તાનને અનશન ઉપવાસ કરીને બાવન કરોડ રૂપિયા અપાવનારા, મંદિરોમાં કુરાનની આયાત ગવડાવનારા અને (હિન્દુઓ કરતાં વધુ) મુસ્લિમોના હિતરક્ષક મોહનદાસ કરમચંદ ગાંધી સામે એ પોતાનો આક્રોશ ઠાલવે છે.

'જીવિત બચી ગયેલા' ગાંધી જેલમાં નથુરામ ગોડસેને મળ્યાં પછી પોતાના ગ્રામ સ્વરાજયના આદર્શ વિચારને અમલમાં મૂકે છે. એ ભારતના કાયદા - બંધારણની બદલે એ ગ્રામ સ્વરાજ્યની કલ્પનાને વધુ પ્રાધાન્ય આપે છે. જેલમાં રહેલો નથુરામ ગોડસે (એ પત્રકાર હતો એ તો એના વિરોધીઓને યાદ જ હશે!) ગાંધીજીની આ મનમાની પર બેધડક લખતો રહે છે. કોર્ટમાં એવો ચુકાદો આવે છે કે કાયદાભંગ બદલ ગાંધીજીને એરેસ્ટ કરવા જોઈએ. પકડાયેલાં ગાંધીજીના આગ્રહ આગળ ઝૂકી જઈને કૉંગ્રેસ (નહેરુ વગેરે) ગાંધીજીની ઈચ્છા પ્રમાણે નથુરામ ગોડસે છે એ જ જેલમાં અને એ જ બેરેકમાં ગાંધીને રાખવામાં આવે છે અને પછી...

અહિંસાના પુજારી અને એમનો ખાતમો કરવા નીકળેલાં હિંસાના તરફદાર, જેલની બેરેકમાં એકસાથે રહે ત્યારે જે શાબ્દિક તડાફડી થાય એ અત્યંત રોચક કલ્પનાનો વિષય છે... પરંતુ ડોન્ટ વરી, એ કલ્પના કરવામાં ટૂંકા પડતા હો તો ડિરેક્ટર રાજકુમાર સંતોષીએ આ જ વિષય પર બનાવેલી 'ગાંધી-ગોડસેઃ એક યુદ્ધ' ફિલ્મ વાચકો 'એમેઝોન પ્રાઈમ' પર જોઈ શકે છે. અસગર વજાહત અને રાજકુમાર સંતોષીએ સાથે મળીને લખેલી આ ફિલ્મનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ ગાંધી-ગોડસેનો આમનો-સામનો અને ટકરાવ છે. જેલમાં ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝથી લઈને ઐતિહાસિક પાત્રોએ અન્યાયની બદીને ટાળવા માટે હિંસાનો આશરો લીધો હોવાનો નથુરામ ગોડસે હવાલો આપે છે. ત્યારે ગાંધી - સમર્થક કેદી કહે છેઃ '...એવું જ હોય તો તેં અંગ્રેજોના અન્યાય વિરુદ્ધ કેમ એક પથ્થર પણ નહોતો ફેંકયો?' (અને ગાંધીજીની હત્યા કરવા તૈયાર થયો)!!

અહિંસાની તરફેણ કરતાં ગાંધીજી ખુદ બેરેકમાં નથુરામ ગોડસે કહે છેઃ ' વિચારો સામેનું યુદ્ધ તો વિચારોથી લડવું જોઈએને... તું મને મારી નાખે તો કંઈ તેનો અંત થોડો આવવાનો છે.? મારા વિચાર તો જીવવાના જ છે!'

અહીં અગત્યનો સવાલ એ છે કે 'નથુરામ ગોડસેએ ગાંધીજીની હત્યા ન કરી હોત તો? ' આજે તો એક હિન્દુ (ગોડસે) એ બીજા અહિંસા - સમર્થક હિન્દુ (ગાંધીજી)ની હત્યા કરી-નું મહેણું આપણા માટે કાયમ બની ગયું છે, પણ માની લો કે (અસગર વજાહતની કલ્પના મુજબ) ગોડસેના પ્રહારમાંથી ગાંધી બચી ગયા પછી શું ગાંધીજી કોઈ અન્યને ખટક્યાં હોત ખરાં? શું એમણે ગાંધી નામનો કાંટો કાઢવાનો પ્રયત્ન કર્યો હોત? અને હા, તો એ કોણ ?

ગાંધીજી જે રીતે કચડાયેલાં - દુઃભાયેલા અને જાતિવાદથી રિબાયેલાં લોકોના મસીહા બનીને કામ કરતા હતા એ જોતાં તો સ્વાભાવિક છે કે ઉચ્ચ તબક્કા અને વર્ગના લોકોને જ એ ખટક્યાં હોત અને 'ગાંધી-ગોડસેઃ એક યુદ્ધ' ફિલ્મમાં એ પણ દેખાડવામાં આવ્યું છે કે નથુરામના એટેક પછી ઉગરી ગયેલા ગાંધીજીનો શિકાર કોઈ બીજો હિન્દુ વર્ગ કે સમુદાય જ કરત!

બેશક, આ કલ્પના છે પણ એવી સચોટ છે કે 'ગાંધી-ગોડસેઃ એક યુદ્ધ' ફિલ્મનો અંત જોઈને એકપણ સાચુકલા હિન્દુને એ અતાર્કિક નહીં જ લાગે.

આ ફિલ્મની એ કમનસીબી રહી કે એ 'પઠાન' ફિલ્મના પ્રચાર - માર્કેટિંગ અને સફળતાના વાવાઝોડામાં દબાઈ ગઈ, પરંતુ તેમાં કામ નક્કર થયું છે. ફિલ્મમાં ગાંધીજીનું પાત્ર આપણા ગુજરાતી અભિનેતા દિપક અંતાણીએ ભજવ્યું છે અને ગાંધીજીના બોખા હાસ્યના દશ્યમાં એમણે તો ખરેખર કમાલ કરી છે. બેન કિંગ્સલે પછી હવે દિપક અંતાણીને ગાંધીજી તરીકે ઓળખવામાં આવશે. બેશક, અમુક દશ્યમાં ગાંધીજી જાણે ફિલ્મી હીરો હોય તેવા લાગે છે, પણ એ નજરઅંદાઝ કરી શકાય તેવી વાત છે. નથુરામ ગોડસે તરીકે ચિન્મલ માંડલેકર પણ પરફેક્ટ (અને ગાંધીજીથી) પ્રભાવહીન લાગે છે. ફિલ્મમાં જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, આચાર્ય કૃપલાની, પ્યારેલાલજી (એક દશ્યમાં), કસ્તુરબા ગાંધી, શ્યામાપ્રસાદ મુખરજી, ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા ઐતિહાસિક પાત્રો પણ નોંધનીય છે.

વૈષ્ણવજન અને રઘુપતિ રાઘવ માટે કદાચ, એ. આર. રહેમાન આ ફિલ્મમાં સામેલ થયા છે અને એ વાજબી પણ છે. ફિલ્મમાં રાજકુમાર સંતોષીની પુત્રી તનીષા સંતોષી પણ છે. 'ગાંધી-ગોડસેઃ એક યુદ્ધ' ખરેખર એક નોંધનીય અને પ્રશંસનીય પ્રયાસ છે એટલે તમારે જરૂર જોવી રહી... ■

ફોકસ
મનોજ પ્રકાશ

# શોલે ને દીવાર

## ફિલ્મોએ સિલ્વર સ્ક્રીનનો દૃષ્ટિકોણ બદલી નાખ્યો

વર્ષ ૧૯૭૫ ભારતીય સમાજમાં એક નવી પ્રકારની સર્જનાત્મકતા અને સામાજિકતા માટે ઓળખાય છે. આ વર્ષે દેશના રાજકારણ અને સમાજમાં ભારે ઊથલપાથલ થઈ હતી અને સિનેમાએ એવા ત્રણ ઉદાહરણો સમગ્ર સમાજ સમક્ષ રજૂ કર્યા હતા જેણે આપણી જીવનશૈલી બદલી નાખી હતી. વર્ષ ૨૦૨૫માં આપણે ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં લાદવામાં આવેલી ઈમરજન્સીની પચાસમી વર્ષગાંઠ ઉજવીશું, ત્યારે આપણે યાદ કરીશું કે તે દિવસે સમાજને કેવી રીતે બદલ્યો. તે વર્ષે આપણી રાજકીય-સામાજિક ચેતના કેવી રીતે બદલાવી દીધી? આ સાથે, આ વર્ષે આપણે દીવાર, શોલે અને જય સંતોષી મા જેવી ત્રણ સુપરહિટ ફિલ્મોની સુવર્ણ જયંતિ પણ ઉજવીશું. દીવાર ફિલ્મે ૨૪ જાન્યુઆરીએ તેની રિલીઝના પચાસ વર્ષ પૂર્ણ કર્યા છે અને શોલે અને સંતોષી મા સ્વતંત્રતા દિવસે તેમની રિલીઝના પચાસ વર્ષ પૂર્ણ કરશે. આ ત્રણેય ફિલ્મોએ ભારતીય સમાજમાં મનોરંજનનો અર્થ બદલી નાખ્યો. ફિલ્મ વિવેચકો આને એવી ફિલ્મો તરીકે ઓળખે છે જેણે સિલ્વર સ્ક્રીનનો રંગ બદલી નાખ્યો.

આજે બનેલી તમામ ફિલ્મોમાં, પછી તે હીરો-ઓરિએન્ટેડ હોય કે હીરોઇન-ઓરિએન્ટેડ, મુખ્ય પાત્ર ગુસ્સામાં જ જોવા મળે છે. આનો શ્રેય માત્ર દીવાર અને શોલેને જાય છે. એ જ રીતે આ જમાનાની ધાર્મિક ફિલ્મોમાં જય સંતોષી માની છબી ક્યાંક ને ક્યાંક દેખાય છે. આ ત્રણેય ફિલ્મોએ ભારતના લાંબા સમયથી ચાલતા સિનેમાના રંગોને ચમકદાર બનાવી દીધા. દીવાર, શોલે અને જય સંતોષી માએ ભારતીય સિનેમાને નવો રસ્તો બતાવ્યો. આ ફિલ્મોએ માત્ર દર્શકોનું મનોરંજન જ નથી કર્યું, પરંતુ તેમની જીવનશૈલી પણ બદલી નાખી. આ ત્રણ ફિલ્મો દ્વારા તે સમયગાળા દરમિયાન સિનેમાનો બિઝનેસ ચરમસીમાએ પહોંચ્યો હતો. જ્યારે શોલે અને દીવારે સમાજમાં ઍંગ્રી યંગમેનની છબી સ્થાપિત કરી, ત્યારે જય સંતોષી માએ ભક્તિની સુનામી લાવી દીધી હતી. આજે જ્યારે આ ત્રણેય ફિલ્મો અસંખ્ય સિનેમાપ્રેમીઓને તેમના બાળપણના દિવસો યાદ કરાવે છે. આજના યુવાનો પણ તેને જોઈને એ જમાનાની સર્જનાત્મકતાના વખાણ કરે છે. પાત્રોની વિવિધતા સાથે જીવનની વાસ્તવિકતા જોઈને એવો રોમાંચ સર્જાય છે, જેનું દરેક તબક્કામાં વર્ણન કરવું મુશ્કેલ બન્યું છે.

**મનોરંજનની નવી દીવાર**

વર્ષ ૧૯૭૫ની શરૂઆત દીવારથી થઈ હતી. તે સમયે આ એક નવા પ્રકારની ફિલ્મ હતી. સામાજિક મુદ્દાઓને ઉઠાવતી ફિલ્મનો પ્લોટ એવી રીતે રચવામાં આવ્યો હતો કે તે ગરીબી, અન્યાય અને ભ્રષ્ટાચારને વિસ્ફોટક રીતે રજૂ કરતો હતો. અમિતાભ બચ્ચને ઍંગ્રી યંગમેનની છબી સાથે સમાજમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું. બે ભાઈઓ વચ્ચે એક દીવાલ જોવા મળી હતી, જેણે દર્શકોનું ઘણું મનોરંજન કર્યું હતું. અમિતાભની ગુસ્સાવાળી હીરોની ઈમેજથી દર્શકો પ્રભાવિત થયા હતા. પ્રામાણિકતા અને અપ્રમાણિકતાની દીવાલે સફળતાના રેકોર્ડ તોડી નાખ્યા. ઝૂંપડપટ્ટીના રહેવાસીઓ અને શહેરી મધ્યમ વર્ગના લોકોની સમસ્યાઓ જોઈને પ્રેક્ષકો સિનેમા હોલની બહાર નીકળતી વખતે એક નવા ઉત્સાહમાં હતા. ખરા અર્થમાં તેને ન્યાયપ્રિય સમાજનું પ્રતિબિંબ કહી શકાય.

ખર્ચ કરતાં પાંચ ગણી વધુ કમાણી કરનાર દીવારના ડાયલોગ આજે પણ સામાન્ય લોકોમાં સાંભળવા મળે છે. જ્યારે અમિતાભે કહ્યું- 'મૈ આજ ભી ફેંકે હુએ પૈસે નહીં ઉઠાતા, જાઓ પહલે ઉસ આદમી કી સાઇન લેકર આઓ જિસને મેરે હાથ મેં યે લિખ દિયા કિ મેરા બાપ ચોર હૈ', તો સિટી અને તાળીઓના ગડગડાટ સાથે સિનેમાઘરોના દર્શકો અન્યાય સામે લડનાર હીરોને તેમના હૃદયમાં ખાસ સ્થાન આપી બેઠા અને જ્યારે શશિ કપૂરે અમિતાભના પૈસાના ઘમંડને એ કહી તોડી નાખ્યું હતું કે 'મેરે પાસ મા હૈ.'

તો આખા થિયેટરમાં સન્નાટો હતો, જે આજે પણ સમાજમાં વિવિધ પ્રસંગોએ માતા અને પુત્રની આંખોમાં આંસુના રૂપે દેખાય છે. ઊલટું, તેની લોકપ્રિયતાનો લાભ ઉઠાવવા તેની તર્જ પર ઘણી ફિલ્મો બની, પરંતુ તે દીવારનો ઝંડો નીચે લાવી શકી નહીં. મશાલ, શક્તિ અને ત્રિશુલને ચોક્કસપણે તેની શ્રેણીમાં રાખી શકાય છે, પરંતુ જ્યારે વર્ષ ૨૦૦૪માં બીજી દીવાર ફિલ્મ બની ત્યારે તેનો અમિતાભને કોઈ ફાયદો થયો નહીં. લોકોએ મેજર રણવીર કૌલની ભૂમિકામાં અમિતાભને સંપૂર્ણપણે નકારી કાઢ્યો અને બોક્સ ઓફિસ પર તેને ફ્લોપ ફિલ્મનું ટાઇટલ મળ્યું.

**કમાણી અને મનોરંજનનું શોલે**

શોલેને એક એવી ફિલ્મ તરીકે યાદ કરવામાં આવે છે જેમાં મિત્રતા, પ્રેમ, સામાજિક રૂઢિચુસ્તતા, હિંસા, સામંતવાદી વિચારધારામાં પરિવર્તન લાવ્યું. જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ ત્યારે લોકોને તેની સફળતા અંગે શંકા હતી, પરંતુ જ્યારે તેણે દર્શકોને આકર્ષિત કરવાનું શરૂ કર્યું ત્યારે તેણે કમાણીના રેકોર્ડ તોડી નાખ્યા. જો આપણે સિનેમાના ઈતિહાસ પર નજર કરીએ તો શોલે એ ઓછામાં ઓછા સો થિયેટરોમાં તેની રિલીઝની સિલ્વર જ્યુબિલી અને પચાસથી વધુમાં ગોલ્ડન જ્યુબિલીનો રેકોર્ડ બનાવ્યો. ફિલ્મ પ્રોડક્શનની દુનિયામાં આ ક્રાંતિકારી બદલાવ લાવનાર ફિલ્મ માનવામાં આવે છે અને તેના સંવાદો, સંબંધો અને પ્રેમની પરાકાષ્ઠા આજે પણ એક ઉદાહરણ છે. ફિલ્મના જે દશ્યમાં અમિતાભ-ધર્મેન્દ્રને શસ્ત્રો અને સામાન લાવવાનું કહેવામાં આવે છે, તે સિક્કાની માત્ર એક બાજુ જ દર્શકોને રડાવે છે. જ્યાં પણ મિત્રતા નિભાવવાની વાત આવે ત્યાં દર્શકો શોલેનો સિક્કો ભૂલતા નથી. ■

# ફિફાના પ્રમુખે મધ્યપૂર્વમાં ટ્રમ્પને સાથ આપીને ૨૧૧ દેશના અધિકારીઓને રાહ જોતા કરી દીધા!



ઍસૂનસિઑન (પારાગ્વે): વિશ્વમાં ફૂટબૉલની રમતનું સંચાલન કરતા ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ ઍસોસિયેશન (ફિફા)ના પ્રમુખ જિઆની ઇન્ફેન્ટિનો ભારત-પાકિસ્તાન વચ્ચે ત્રણ દિવસમાં જ (પાકિસ્તાનના પરાજય સાથે) શમી ગયેલા યુદ્ધના માહોલમાં મધ્ય પૂર્વના પ્રવાસમાં અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સાથે જોડાયા એને લીધે તેમને (ઇન્ફેન્ટિનોને) ગુરુવારે ફિફાની પારાગ્વે ખાતેની વાર્ષિક સભામાં આવતા ખૂબ મોડું થયું હતું. પરિણામે, ફિફાની આ મીટિંગ માટે પારાગ્વેમાં ભેગા થયેલા ૨૧૧ દેશના ફૂટબૉલ ફેડરેશનના અધિકારીઓએ રાહ જોવી પડી હતી અને મીટિંગની શરૂઆત વિલંબમાં મુકાઈ હતી. ડૉનલ્ડ ટ્રમ્પ સાઉદી અરેબિયા અને કતારની મુલાકાતે આવ્યા અને ઇન્ફેન્ટિનો તેમની સાથે આ ટૂરમાં જોડાયા હતા.

ઇન્ફેન્ટિનો કતારના પ્રાઇવેટ જેટમાં આવવાના હતા. તેમની ફ્લાઇટ દોહાથી રવાના થઈ હતી અને નાઇજિરિયામાં થોડા સમયના રોકાણ બાદ પારાગ્વે પહોંચવાની હતી. ફિફાના ચીફ ત્રણ કલાકથી પણ વધુ સમય મોડા પડ્યા હતા. ૨૦૨૬માં અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં ફિફા વર્લ્ડ કપ યોજાવાનો છે અને એ વિશ્વ કપ પહેલાં ફિફાની આ છેલ્લી મોટી સભા હતી. ૨૦૨૨નો ફિફા વર્લ્ડ કપ કતારમાં યોજાયો હતો અને ૨૦૩૪નો વિશ્વ કપ સાઉદીમાં યોજાવાનો છે. ■

# મુંબઈ, ગુજરાત સહિત છ ટીમ ચિંતામાં

## સાઉથ આફ્રિકાના સાત ખેલાડીઓ પ્લે-ઑફમાં નથી રમવાના

નવી દિલ્હી: ઑસ્ટ્રેલિયા એક વખત વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)નો તાજ જીતી ચૂક્યું છે, પરંતુ સાઉથ આફ્રિકાને આ વખતે (જૂનમાં) પહેલી વાર તક મળી રહી છે જેને તે કેમેય કરીને ગુમાવવા નથી માગતું અને એટલે જ સાઉથ આફ્રિકાના ક્રિકેટ બૉર્ડે આઇપીએલની બાકીની મૅચોમાં પોતાના કેટલાક ખેલાડીઓના ભાગ લેવા સંબંધમાં બીસીસીઆઇ સમક્ષ દૃઢ વલણ રાખ્યું છે અને કહી દીધું છે કે સાઉથ આફ્રિકાના અમુક પ્લેયરો ભારત-પાકિસ્તાનના ટૂંકા યુદ્ધ બાદ હવે શનિવાર, ૧૭મીથી ફરી શરૂ થનારી આઇપીએલના પ્લે-ઑફ રાઉન્ડમાં નહીં જ રમે. બીજી રીતે કહીએ તો સાત સાઉથ આફ્રિકન ખેલાડીએ ખાસ કરીને આ ભારતીય ટૂર્નામેન્ટની છ ટીમને ચિંતામાં મૂકી દીધી છે. આ છ ટીમમાં મુંબઈ, ગુજરાત, દિલ્હી, પંજાબ, બેંગલૂરુ અને લખનઊનો સમાવેશ છે. વિઆન મુલ્ડેર હૈદરાબાદની ટીમમાં છે અને હૈદરાબાદની ટીમ સ્પર્ધાની બહાર થઈ ચૂકી છે. સાઉથ આફ્રિકાની તમામ છ ટીમની માલિકી આઇપીએલના ફ્રૅન્ચાઇઝીઓ પાસે છે. એ જોતાં સાઉથ આફ્રિકન ક્રિકેટ બૉર્ડ સાથે બીસીસીઆઇના બહુ સારા સંબંધો છે.

આઇપીએલનો પ્લે-ઑફ રાઉન્ડ ગુરુવાર, ૨૯મી મેએ શરૂ થશે, જ્યારે સાઉથ આફ્રિકાના ખેલાડીઓ ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ માટે ૩૧મી મેએ ઇંગ્લૅન્ડમાં ભેગા થવાના છે. બીસીસીઆઇએ તમામ ફ્રૅન્ચાઇઝીઓને સૂચના આપી દીધી છે કે તમારી ટીમમાં સાઉથ આફ્રિકાના ડબ્લ્યૂટીસી માટેના જે ખેલાડીઓ છે તેમને ૨૬મી મે સુધીમાં છૂટા કરી દેજો. એ જોતાં, આ સાઉથ આફ્રિકન ખેલાડીઓ પ્લે-ઑફમાં રમતા નહીં જોવા મળે. મુંબઈને ખાસ કરીને વિકેટકીપર-બૅટ્સમૅન રાયન રિકલ્ટનની ગેરહાજરી સતાવશે, જ્યારે ડ્રગ્સ સંબંધિત સસ્પેન્શનને લીધે અમુક મૅચો ગુમાવનાર કૅગિસો રબાડા થોડા દિવસમાં ગુજરાતની ટીમ ફરી છોડી જશે. ■

### કયા સાઉથ આફ્રિકનોએ આઇપીએલની ટીમોની ચિંતા વધારી?

રાયન રિકલ્ટન (મુંબઈ ઇન્ડિયન્સ), કૉર્બિન બૉશ્ચ (મુંબઈ ઇન્ડિયન્સ), કૅગિસો રબાડા (ગુજરાત ટાઇટન્સ), ટ્રિસ્ટેન સ્ટબ્સ (દિલ્હી કૅપિટલ્સ), માર્કો યેનસેન (પંજાબ કિંગ્સ), લુન્ગી ઍન્ગિડી (રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ), એઇડન માર્કરમ (લખનઊ સુપર જાયન્ટ્સ) અને વિઆન મુલ્ડેર (હૈદરાબાદ).

# પાકિસ્તાનના નદીમ સાથે ગાઢ દોસ્તી ક્યારેય નહોતી: નીરજ ચોપડાનો ખુલાસો

## ભાલાફેંકના વિશ્વ વિજેતાએ કહ્યું, 'હવે પછી તેની સાથે પહેલા જેવી મિત્રતા પણ નહીં રહે'




દોહા: ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં ભાલાફેંકની હરીફાઈમાં સિલ્વર મેડલ જીતનાર ભારતના નીરજ ચોપડા અને ગોલ્ડ મેડલ જીતનાર પાકિસ્તાનના અર્શદ નદીમ વચ્ચે સારી દોસ્તી હોવાની વાતો એ સર્વોચ્ચ રમતોત્સવ વખતે ચગી હતી અને ખાસ કરીને એ અગાઉ ૨૦૨૩ની વિશ્વ સ્પર્ધામાં પાડોશી દેશના બન્ને ઍથ્લીટ ભારતના તિરંગા સાથે ઊભા હતા ત્યારે તેમની મિત્રતાની પણ ખૂબ વાતો થતી હતી. જોકે નીરજ ચોપડાએ ગુરુવારે ખુલાસામાં જણાવ્યું હતું કે ' પાકિસ્તાનના અર્શદ નદીમ સાથે મારી ક્યારેય ગાઢ દોસ્તી નહોતી, અત્યારે છે પણ નહીં અને હવે પછી ક્યારેય ગાઢ બનશે પણ નહીં.'

તાજેતરમાં ભારત-પાકિસ્તાન યુદ્ધ શરૂ થતાં નીરજ ચોપડાના નામની ' નીરજ ચોપડા ક્લાસિક' નામની ભાલાફેંકની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા ચર્ચાસ્પદ થઈ હતી, કારણકે નીરજે એમાં ભાગ લેવા માટે અર્શદ નદીમને આમંત્રણ આપ્યું હતું. આ આમંત્રણને પગલે સોશિયલ મીડિયામાં નીરજની અને તેના પરિવારની ખૂબ ટીકા થઈ છે.

જોકે અહીં થોડા દિવસમાં યોજાનારી ડાયમંડ લીગ નિમિત્તે અહીં દોહા આવેલા વર્લ્ડ ચૅમ્પિયન નીરજે પત્રકાર પરિષદમાં નદીમ સાથેની દોસ્તી વિશે પૂછવામાં આવતાં કહ્યું હતું કે 'સૌથી પહેલાં હું સ્પષ્ટતા કરી દેવા માગું છું કે તેની (નદીમ સાથે) મારી ગાઢ દોસ્તી ક્યારેય હતી નહીં અને છે પણ નહીં. હું એ પણ કહી દેવા માગું છું કે (હવે ભારત-પાકિસ્તાન જંગ થઈ જવાને પગલે) તેની સાથે પહેલા જેવી દોસ્તી પણ નહીં રહે. હા, જો કોઈ મારી સાથે માનપૂર્વક વાતચીત કરશે તો હું પણ તેનું માન જાળવીશ.'

નીરજને બે જ દિવસ પહેલાં નાયબ સુબેદારમાંથી ટેરિટોરિયલ આર્મીમાં લેફ્ટનન્ટ કર્નલ તરીકેની બઢતી મળી છે.

નીરજે એવું પણ કહ્યું હતું કે ' ઍથ્લીટ તરીકે અમારી વચ્ચે વાતચીત થાય એ સ્વાભાવિક છે. વિશ્વભરમાં ઍથ્લીટોના સમુદાયમાં મારા ઘણા મિત્રો છે. માત્ર ભાલાફેંકની સ્પર્ધા સાથે જ નહીં, બીજી રમતોની સ્પર્ધા સાથે સંકળાયેલા ઍથ્લીટો સાથે પણ મારી મિત્રતા છે. ભાલાફેંકની રમત ખૂબ સીમિત છે અને એનો દરેક ઍથ્લીટ પોતાના દેશ માટે રમતો હોય છે અને પોતાનો બેસ્ટ પર્ફોર્મન્સ આપવા કોઈ કસર બાકી નથી રાખતો.' ■

# ટેસ્ટની ચૅમ્પિયન ટીમને મળશે ૩૧ કરોડ રૂપિયા

## ઇનામી રકમમાં બમણો વધારો: રનર-અપ ટીમને અપાશે ૧૮ કરોડ રૂપિયા

દુબઈ: અહીં હેડ-ક્વૉર્ટર ધરાવતી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની આગામી ફાઇનલ જીતનારી ટીમને જંગી ઇનામી રકમ આપવાનું નક્કી કર્યું છે. આ ફાઇનલ ૧૧મી જૂનથી ઇંગ્લૅન્ડના લૉર્ડ્સમાં ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાવાની છે. આઇસીસીએ ડબ્લ્યૂટીસીમાં ચૅમ્પિયન થનારી ટીમ માટેની ઇનામી રકમ બમણાથી પણ વધારી છે.

૨૦૨૩માં ભારતને ફાઇનલમાં હરાવીને પૅટ કમિન્સના સુકાનમાં ચૅમ્પિયન થયેલી ઑસ્ટ્રેલિયાની ટીમને ૧૬ લાખ ડૉલર મળ્યા હતા. જોકે હવે આ ઇનામી રકમ વધારીને ૩૬ લાખ ડૉલર કરવામાં આવી છે. ડૉલરના વર્તમાન ભાવ મુજબ ડબ્લ્યૂટીસીની વિજેતા ટીમને ભારતીય ચલણ મુજબ અંદાજે ૩૧ કરોડ રૂપિયાનું પ્રથમ ઇનામ મળશે.

આઇસીસીએ રનર-અપ ટીમની ઇનામી રકમ બમણાથી પણ વધારી દીધી છે. ૨૦૨૧માં અને ૨૦૨૩માં ભારતીય ટીમ રનર-અપ રહી હતી અને ત્યારે (બન્ને સીઝનમાં) ભારતીય ટીમને ૮ લાખ ડૉલર મળ્યા હતા. જોકે હવે રનર-અપ માટેનું ઇનામ વધારીને ૨૧ લાખ ડૉલર (આશરે ૧૮ કરોડ રૂપિયા) કરવામાં આવ્યું છે.

આઇસીસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ' ઇનામી રકમનો વધારો દર્શાવે છે કે આઇસીસી ટેસ્ટ-ક્રિકેટને પ્રાધાન્ય આપવા હંમેશાં કટિબદ્ધ રહી છે.' ■

# ૧૯૭૧ના પાકિસ્તાન સાથેના યુદ્ધના ફીલ્ડ માર્શલ સૅમ માણેકશાને હૉકી-ક્રિકેટની રમત ખૂબ પ્રિય હતી

## તામિલનાડુની એક સ્પર્ધામાં વિક્રમ બત્રા ઈલેવનનો સૅમ માણેકશા ઈલેવન સામે ૬૪ રનથી વિજય થયો



મુંબઈ: કોઈ પણ વ્યક્તિના જીવનમાં ખેલકૂદનું ઘણું મહત્ત્વ હોય છે. લગભગ દરેક વ્યક્તિ નાનપણમાં કોઈને કોઈ રમત રમી હોય છે અને કોઈ ચોક્કસ ખેલમાં તે નિપુણ હોય છે. અહીં આપણે ફક્ત સામાન્ય નાગરિકોની જ વાત નથી કરવી. તાજેતરમાં પાકિસ્તાન સાથેનું ટૂંકું યુદ્ધ પાકિસ્તાનની જોરદાર પછડાટને પગલે શમી ગયું, પરંતુ પાકિસ્તાન સાથેના જંગનો માહોલ હોય અને ફીલ્ડ માર્શલ સૅમ માણેકશાને યાદ ન કરીએ તો વાત અધૂરી કહેવાય. ૧૯૭૧નું પાકિસ્તાન સાથેનું ઘર્ષણ જેમાં ભારતે બાંગ્લાદેશને આઝાદી અપાવી હતી એ યુદ્ધમાં સરહદ પર ભારતના સશસ્ત્ર દળોનું નેતૃત્વ સંભાળનાર સૅમ માણેકશાને યુવાનીના દિવસોમાં ક્રિકેટ અને હૉકી રમવાનો ભારે શોખ હતો.

સૅમ હોરમસજી ફરામજી જમશેદજી માણેકશા (સૅમ માણેકશા) પારસી સમુદાયના હતા અને 'સૅમ બહાદુર' તરીકે પણ ઓળખાતા હતા. તેઓ પ્રતિષ્ઠિત લશ્કરી અધિકારી હતા અને ફીલ્ડ માર્શલની રૅન્ક પર પ્રમોટ કરવામાં આવેલા ભારતીય લશ્કરના પ્રથમ અધિકારી હતા. તેઓ ૧૯૩૨માં બ્રિટિશ ભારતીય લશ્કરમાં જોડાયા હતા અને તેમણે બીજા વિશ્વયુદ્ધમાં અને પછી ૧૯૭૧માં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જૂન ૨૦૦૮માં તામિલનાડુમાં ૯૪ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું.

બહુ ઓછા લોકો જાણતા હશે કે ફીલ્ડ માર્શલ સૅમ માણેકશા નાનપણમાં ભણવામાં તો ખૂબ હોશિયાર હતા જ, તેઓ બહુ સારા હૉકી ખેલાડી અને કાબેલ ક્રિકેટર પણ હતા. તેઓ આ બે રમતને ખૂબ ફૉલો પણ કરતા હતા. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં ભારત માટે આ બન્ને રમતમાં સોનેરી દિવસો હતા એટલે સૅમ માણેકશા આ રમતો વિશેની રજેરજ જાણકારી મેળવતા હતા અને મિત્રોમાં શૅર કરતા હતા.

અહીં સૅમ માણેકશા વિશે બીજી એક અજાણી વાત કરીએ તો એક ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર ટીમને તેમનું નામ આપવામાં આવ્યું છે.

વાત એવી છે કે દર વર્ષે હોસ્ટેલ પ્રીમિયર લીગ (એચપીએલ) નામની ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાય છે જેમાં એક ટીમનું નામ સૅમ માણેકશા ઇલેવન છે અને બીજી ટીમનું નામ વિક્રમ બત્રા ઇલેવન છે. વિક્રમ બત્રાના નામથી પણ બધા ભારતીયો પરિચિત છે. તેઓ ૧૯૯૯ના પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધમાં માત્ર ૨૪ વર્ષની વયે શહીદ થયા હતા. કૅપ્ટન વિક્રમ બત્રા 'ઑપરેશન વિજય'ના સૌથી મહત્ત્વના સૈનિક હતા અને અનેક પાકિસ્તાની સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા બાદ તેઓ શહીદ થયા હતા. 'યે દિલ માંગે મોર' તેમનો સક્સેસ મંત્ર હતો. તેમને શહાદત બાદ (મરણોત્તર) પરમ વીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તાજેતરમાં જ તામિલનાડુમાં હોસ્ટેલ પ્રીમિયર લીગની એક મૅચમાં વિક્રમ બત્રા ઇલેવનનો સૅમ માણેકશા ઇલેવન સામે ૬૪ રનથી વિજય થયો હતો. વિક્રમ બત્રા ઇલેવને નિર્ધારિત ૧૦ ઓવરમાં છ વિકેટે ૧૧૫ રન કર્યા હતા જેમાં કૅપ્ટન સંજુના ૩૮ રન હાઇએસ્ટ હતા. સૅમ માણેકશા ઇલેવન વતી આસિફ નામના બોલરે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. સૅમ માણેકશા ઇલેવનના ૧૦ ઓવરમાં છ વિકેટે માત્ર ૫૧ રન થયા હતા અને વિક્રમ બત્રા ઇલેવનની જીત થઈ હતી. વિજેતા ટીમના રાજુ અને રાહુલ નાઇક નામના બોલરે બે-બે વિકેટ લીધી હતી. ■

# આઇપીએલમાં હવે કોને પ્લે-ઑફનો કેટલો ચાન્સ છે?




૨૧મી મેએ વાનખેડેમાં ફરી ચિયરગર્લ્સનો પર્ફોર્મન્સ જોવા મળશે. એ દિવસે મુંબઈની દિલ્હી સામે મૅચ રમાશે. (બીસીસીઆઇ)




ટેસ્ટમાંથી નિવૃત્તિ લેનાર કોહલી અને અસંખ્ય ચાહકોની ફાઇલ તસવીર. શનિવારે આરસીબીની કેકેઆર સામે મૅચ છે (બીસીસીઆઇ)

મુંબઈ: આઇપીએલની ૧૮મી સીઝન ભારત-પાકિસ્તાન યુદ્ધને કારણે અટકી ગયા બાદ આઠ દિવસના અંતર પછી હવે શનિવાર, ૧૭મી મેએ ફરી શરૂ થઈ રહી છે. ફાઇનલ મંગળવાર, ત્રીજી જૂને રમાવાની છે.

૧૦માંથી ત્રણ ટીમ (ચેન્નઈ, રાજસ્થાન, હૈદરાબાદ) સ્પર્ધાની બહાર થઈ ગઈ છે, પ્લે-ઑફમાં જવા માટે સાત ટીમ (ગુજરાત, બેંગ્લૂરુ, પંજાબ, મુંબઈ, દિલ્હી, કોલકાતા, લખનઊ)ને મોકો છે.

પ્લે-ઑફની રેસની બહાર થઈ ગયેલી છેલ્લી ત્રણ ટીમની સ્થિતિ આ મુજબ છે: હૈદરાબાદ (૭ પૉઇન્ટ, -૧.૧૯૨નો રનરેટ), રાજસ્થાન (૬ પૉઇન્ટ, -૦.૭૧૮નો રનરેટ) અને ચેન્નઈ (૬ પૉઇન્ટ, -૦.૯૯૨નો રનરેટ).

હૈદરાબાદની હજી ત્રણ તેમ જ રાજસ્થાન, ચેન્નઈની બે-બે મૅચ બાકી છે. આ ટીમો બને એટલી બાકીની મૅચો જીતીને રહીસહી આબરૂ સાથે આઇપીએલ-૨૦૨૫ના અલવિદા કરવા કમર કસશે.

### ગુજરાત ટાઇટન્સ

મૅચ: ૧૧, પૉઇન્ટ: ૧૬, રનરેટ: +૦.૭૯૩

બાકીની મૅચ કોની સામે?: દિલ્હી, લખનઊ, ચેન્નઈ

વિગત: શુભમન ગિલના સુકાનમાં ગુજરાતની ટીમ બાકીની ત્રણમાંથી ફક્ત એક મૅચ જીતશે એટલે પ્લે-ઑફમાં પહોંચી જશે. ૧૮ પૉઇન્ટ સાથે તે ટૉપ-ફોરમાં બિરાજમાન રહેશે. જો ગુજરાતની ટીમ ત્રણેય મૅચ હારી જશે તો સ્પર્ધાની બહાર થઈ શકે, કારણકે ૧૭-૧૭ પૉઇન્ટ સાથે ચાર ટીમ એને ઓવરટેક કરી શકશે. જોકે ગુજરાતની છેલ્લી બે મૅચ અમદાવાદમાં છે જ્યાં આ વખતે એનો ૪-૧નો જીત-હારનો રેશિયો છે જે એના ફેવરમાં છે.

### રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ

મૅચ: ૧૧, પૉઇન્ટ: ૧૬, રનરેટ: +૦.૪૮૨

બાકીની મૅચ કોની સામે?: કોલકાતા, હૈદરાબાદ, લખનઊ

વિગત: ગુજરાતની જેમ બેંગલૂરુને પણ પ્લે-ઑફમાં પહોંચવા ફક્ત એક વિજયની જરૂર છે. અન્ય મૅચોના પરિણામો બેંગલૂરુની વિરુદ્ધમાં જશે તો પણ ૧૬ પૉઇન્ટ સાથે પ્લે-ઑફમાં જશે. જોકે બેંગલૂરુ ત્રણમાંથી બે મૅચ જીતશે તો પણ ટૉપ-ટૂમાં આવશે એ નક્કી નથી. યાદ રહે, છેલ્લે ટોચના બે સ્થાને રહેનારી ટીમ વચ્ચે ક્વૉલિફાયર-વન રમાય જેમાં જીતનારી ટીમ સીધી ફાઇનલમાં જાય. ગુજરાત અને પંજાબ ૨૦-૨૦ પૉઇન્ટ સાથે ટૉપ-ટૂમાં રહી શકે એમ છે.

### પંજાબ કિંગ્સ

મૅચ: ૧૧, પૉઇન્ટ: ૧૫, રનરેટ: +૦.૩૭૬

બાકીની મૅચ કોની સામે?: રાજસ્થાન, દિલ્હી, મુંબઈ

વિગત: પંજાબને પ્લે-ઑફમાં જવા બે જીત જરૂરી છે. એક વિજય મેળવશે એ પૂરતો નથી, કારણકે પાંચ ટીમ ૧૭-૧૭ પૉઇન્ટ બતાવી શકે એમ છે. હા, પંજાબ ત્રણેય મૅચ હારે તો પણ પ્લે-ઑફમાં જઈ શકે, પરંતુ એ માટે જરૂરી છે કે દિલ્હી એની બાકીની બન્ને મૅચ હારી જાય. જોકે પંજાબ ત્રણેય હારે એવી ટીમ નથી.

### મુંબઈ ઇન્ડિયન્સ

મૅચ: ૧૨, પૉઇન્ટ: ૧૪, રનરેટ: +૧.૧૫૬

બાકીની મૅચ કોની સામે?: દિલ્હી, પંજાબ

વિગત: ગુજરાત સામેના પરાજય છતાં મુંબઈની ટીમ પોતાનું ભાગ્ય જાતે ઘડી શકે એમ છે. મુંબઈ બાકીની બન્ને મૅચ જીતી જશે તો ૧૮ પૉઇન્ટ સાથે પ્લે-ઑફમાં પહોંચી જશે. જો મુંબઈ ૧૬ પૉઇન્ટ પર જ અટકી જશે તો (બેમાંથી એક જ મૅચ જીતશે તો) અન્ય મૅચોનાં પરિણામો પર મુંબઈએ નિર્ભર રહેવું પડશે જે લગભગ દરેક સીઝનમાં બન્યું છે. હા, મુંબઈ બાકીની બન્ને મૅચ હારી જશે તો સ્પર્ધાની બહાર થવાની સંભાવના ઘણી વધી જશે. ખાસ વાત એ છે કે મુંબઈનો રનરેટ (+૧.૧૫૬) ઘણા દિવસોથી તમામ ટીમોમાં સર્વશ્રેષ્ઠ રહ્યો છે જે છેલ્લે એને કામ લાગી શકે.

### દિલ્હી કૅપિટલ્સ

મૅચ: ૧૧, પૉઇન્ટ: ૧૩, રનરેટ: +૦.૩૬૨

બાકીની મૅચ કોની સામે?: ગુજરાત, મુંબઈ, પંજાબ

વિગત: હૈદરાબાદ સામેની મૅચ ધોવાઈ જતાં દિલ્હીને જે એક પૉઇન્ટ મળ્યો એ આશીર્વાદ કહી શકાય. ૧૫ પૉઇન્ટ સાથે દિલ્હીની ટીમ ટૉપ-ફોરમાં રહી શકે અને એ માટે જરૂરી છે કે અન્ય મૅચોના પરિણામો એની તરફેણમાં હોય. દિલ્હી ત્રણમાંથી બે મૅચ જીતશે અને એના ૧૭ પૉઇન્ટ રહેશે તો પણ પૂરતા નથી, કારણકે બીજી ચાર ટીમ ૧૭-૧૭ પૉઇન્ટ સાથે પ્લે-ઑફનો દાવો કરી શકશે.

### કોલકાતા નાઇટ રાઇડર્સ

મૅચ: ૧૨, પૉઇન્ટ: ૧૧, રનરેટ: +૦.૧૯૩

બાકીની મૅચ કોની સામે?: બેંગલૂરુ, હૈદરાબાદ

વિગત: આ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમ સ્પર્ધાની બહાર થવાની તૈયારીમાં છે. કારણ એ છે કે એક જીત બદલ બે પૉઇન્ટ મળતા હોવાથી એના વધુમાં વધુ ૧૫ પૉઇન્ટ થઈ શકે અને બે ટીમ (ગુજરાત, બેંગલૂરુ) અગાઉથી જ ૧૫ કરતાં વધુ પૉઇન્ટ સાથે આગળ છે. પંજાબના ૧૫ પૉઇન્ટ છે અને એની હજી ત્રણ મૅચ બાકી છે. કોલકાતા એવું પણ ઇચ્છશે કે મુંબઈ બાકીની બન્ને મૅચ હારીને ૧૪ પૉઇન્ટ પર જ અટકી જાય.

### લખનઊ સુપર જાયન્ટ્સ

મૅચ: ૧૧, પૉઇન્ટ: ૧૦, રનરેટ: -૦.૪૬૯

બાકીની મૅચ કોની સામે?: હૈદરાબાદ, ગુજરાત, અને બેંગલૂરુ

વિગત: રિષભ પંતના સુકાનવાળી અને ઉદ્યોગપતિ સંજીવ ગોયેન્કાની આ ટીમ સતત ત્રણ મૅચ હારી જતાં અને છેલ્લી પાંચમાંથી ચાર મૅચ હારી જતાં મોટી મુસીબતમાં છે. લખનઊની ટીમ બાકીની ત્રણેય મૅચ જીતીને ૧૬ પૉઇન્ટ પર રહેશે અને ઉપરની એકાદ-બે મોટી ટીમ પોતાની બધી મૅચો હારી જશે તો લખનઊનો પ્લે-ઑફનો માર્ગ મોકળો થઈ જશે. હા, એટલું નક્કી છે કે માઇનસમાં રનરેટ ધરાવતી એકમાત્ર ટીમ લખનઊ હવે એક મૅચ હારશે એટલે થઈ જશે આઉટ. ■

# ગુજરાતને ઝટકો, બટલર પ્લે-ઑફમાં નહીં રમે

## પાકિસ્તાન લીગમાં રમનાર શ્રીલંકાનો મેન્ડિસ ભારત આવી રહ્યો છે



અમદાવાદ: ગુજરાત ટાઇટન્સ (જીટી)ની ટીમ આઇપીએલની ૧૮મી સીઝનના પૉઇન્ટ્સ-ટેબલમાં મોખરે છે, પણ એના માટે મોટી ચિંતા જાગી છે. આ ટૂર્નામેન્ટમાં ૫૦૦ રન કરી ચૂકેલો બ્રિટિશ ઓપનર અને વિકેટકીપર જૉસ બટલર પ્લે-ઑફના રાઉન્ડમાં ગુજરાતની ટીમ સાથે નહીં હોય, કારણકે ઇંગ્લૅન્ડની વેસ્ટ ઇન્ડિઝ સામે જે વન-ડે અને ટી-૨૦ સિરીઝ રમાવાની છે એ માટેની ટીમમાં બટલરનો સમાવેશ કરાયો છે.

બટલર ઉપરાંત કૅપ્ટન શુભમન ગિલ (૫૦૮ રન) અને સાઇ સુદર્શન (૫૦૯ રન) પણ ૫૦૦ રન પૂરા કરી ચૂક્યા છે. બટલર પ્લે-ઑફમાં નહીં રમે એટલે ગુજરાતની ટીમને બીજી મોટી તકલીફ એ થશે કે આ ટીમ પાસે વિકેટકીપર તરીકેના ખૂબ મર્યાદિત વિકલ્પ છે. જોકે ગુજરાતે બટલરના સ્થાને રમનાર ખેલાડીને પસંદ કરી લીધો છે.

જાણીતી ક્રિકેટ વેબસાઇટના અહેવાલ મુજબ શ્રીલંકાનો વિકેટકીપર-બૅટ્સમૅન કુસાલ મેન્ડિસ પ્લે-ઑફમાં બટલરનું સ્થાન લેશે.

મેન્ડિસને ગુજરાતની સીધી પ્લેઇંગ-ઇલેવનમાં સામેલ કરવામાં આવશે, કારણકે આ ટીમ પાસે વિકેટકીપિંગની જવાબદારી પણ સારી રીતે સંભાળી શકે એવો બીજો કાબેલ બૅટ્સમૅન છે જ નહીં. એકમાત્ર અનુજ રાવત આ ટીમ પાસે છે જે ખાસ કંઈ અનુભવી નથી. ભારત-પાકિસ્તાન જંગને કારણે ટૂંક સમય માટે અટકી પડેલી આઇપીએલ શનિવાર, ૧૭મી મેના રોજ ફરી શરૂ થઈ રહી છે.

શ્રીલંકાનો કુસાલ મેન્ડિસ તાજેતરમાં જ અટકી પડેલી પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમી ચૂક્યો છે. એમાં તેણે ક્વેટા ગ્લેડિયેટર્સ નામની ટીમ વતી ૧૬૮.૦૦થી પણ વધુ સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૧૪૩ રન કર્યા હતા.

આઇપીએલમાં પહેલી વાર રમનારા કુસાલ મેન્ડિસને બીસીસીઆઇ દ્વારા બનાવવામાં આવેલા નવા નિયમ હેઠળ ગુજરાતની ટીમમાં આવવા મળ્યું છે. ટેમ્પરરી રિપ્લેસમેન્ટના નવા નિયમ મુજબ જો કોઈ ટીમનો કોઈ ખેલાડી ભારત-પાકિસ્તાન જંગ બાદ સ્વદેશ પાછા ગયા બાદ પાછો ન આવવાનો હોય તો તેના સ્થાને એ ટીમ બીજા કોઈને સ્ક્વૉડમાં સમાવી શકે છે. ■

# દિલ્હીની ટીમ સામે વિરોધ

## ભારત-વિરોધી દેશ બાંગ્લાદેશના મુસ્તફિઝુરને કેમ બોલાવ્યો?

નવી દિલ્હી: ભારતીય સશસ્ત્ર દળોના હાથે તાજેતરમાં પાકિસ્તાન ઢોર માર ખાઈ રહ્યું હતું એ દરમ્યાન પાકિસ્તાનને ખુલ્લો ટેકો આપનારા દેશોમાં ચીન, તુર્કી અને અઝરબૈજાન ઉપરાંત બાંગ્લાદેશનો પણ સમાવેશ હતો અને એ જ બાંગ્લાદેશના ક્રિકેટર મુસ્તફિઝુર રહમાનને આઈપીએલની દિલ્હી કેપિટલ્સ ટીમના ફ્રેન્ચાઈઝીએ પોતાની સ્કવોડમાં સમાવી લીધો હોવાની જાહેરાત કરી એટલે દિલ્હીની ટીમનો મોટા પાયે વિરોધ થયો છે.

દિલ્હીના ફ્રેન્ચાઇઝીએ બુધવારે જાહેર કર્યું હતું કે ઑસ્ટ્રેલિયાનો જેક ફ્રેઝર-મૅકગર્ક આઇપીએલની બાકીની મૅચો માટે પાછો ભારત નથી આવવાનો એટલે તેના સ્થાને અમે બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુરને છ કરોડ રૂપિયામાં ખરીદી લીધો છે. જોકે વાસ્તવમાં મુસ્તફિઝુરે પોતે જ બુધવારે રાત્રે જાહેર કરી દીધું હતું કે પાકિસ્તાન સામેની આગામી સિરીઝો રમવામાં પોતે વ્યસ્ત રહેવાનો હોવાથી આઇપીએલમાં રમવા ભારત નહીં આવી શકે.

એ પહેલાં, આઈપીએલમાં રમવા માટે મુસ્તફિઝુરે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ પાસેથી એનઓસી (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) મેળવ્યું જ નહોતું. એ વગર મુસ્તફિઝુરને ભારત આવવાની મંજૂરી જ ન મળી હોત. જોકે ભારતમાં કરોડો ક્રિકેટ પ્રેમીઓ પાકિસ્તાન ઉપરાંત બાંગ્લાદેશથી પણ ખફા છે અને એવામાં બાંગ્લાદેશના ખેલાડીને ખરીદ્યો હોવાની આઈપીએલની ટીમ જાહેરાત કરે તો સ્વાભાવિક છે કે ભારતમાં વિરોધ થવાનો જ. ■

# તેજસ્વી તારલાઓને અભિનંદન

## બારમા ધોરણના વિદ્યાર્થીઓ


મહેતા ધ્વનિ નિખિલ
૮૭.૩૩ ટકા


શાહ હિયા હેમાંગ
૯૪ ટકા


શેખ સદફ ફાતમા અસિફ
૮૨ ટકા


ઠક્કર હિતાશી જયેશ
૭૭ ટકા


ઠક્કર સક્ષમ આશિષ
૮૪ ટકા


વૃષ્ટિ સંજય ઠક્કર
૭૭ ટકા


ઠક્કર હિતાશી જયેશ
૭૭ ટકા


ગજરા જય ભાવેશ
૮૫.૨૦ ટકા


જરીવાલા નાવ્યા વિશાલ
૮૮ ટકા


ખાંડેકા નેહલ હેમંત
૮૦.૮૩ ટકા


કુથીયા કેવલ હિરેન
૯૧ ટકા


મહિકા મરચંટ
૯૨ ટકા


સમિક કેતન વૈદ
૯૫ ટકા


નાકર પરિ જિતેન્દ્ર
૮૯.૬૭ ટકા


પારેખ રાધા ભાવેશ
૮૬.૫૦ ટકા


પ્રયાગ મહેતા
૯૨.૫૦ ટકા


રાહિલ શાહ
૮૫ ટકા


રાંભિયા કાવ્યા સંદિપ
૮૮.૧૭ ટકા

## દસમા ધોરણના વિદ્યાર્થીઓ



આરિયા પરમાર
૯૫ ટકા


ભાનુશાલી નિધિ ભાવેશ
૯૫ ટકા


દર્શ અશોક ભગત
૮૦.૨૦ ટકા


ગાલા લુવેશ રામ
૮૫.૮૦ ટકા


ગુંજન ધર્મેન્દ્ર જૈન
૯૦.૮૦ ટકા


હિમી ઉદ્દેશી
૯૫.૮ ટકા


કાવ્યા પાઠક
૯૫ ટકા


લિબાની ક્રિષીવ અરવિંદ
૯૨ ટકા


માહિ ધર્મેશ શાહ
૯૬.૮ ટકા


મિહિર કેતન દોશી
૯૬.૪૦ ટકા


મોક્ષ જિગ્નેશ શાહ
૯૮.૫ ટકા


મોરબિયા પૂજા બિપીન
૯૨.૪૦ ટકા


પરમાર મયંક કલ્પેશ
૮૭.૨ ટકા


પ્રજાપતિ દિપેન ભરત
૮૮.૮૦ ટકા


પુરોહિત નિમિષ આશિષ
૯૬.૨૦ ટકા


યશ અમિત પુજારા
૯૩.૮ ટકા


જેવીન ભરતભાઈ કટીર
૯૦.૮૦ ટકા


ધ્વનિ સેજલ મેહુલ મારુ
૯૩.૮ ટકા

મહારાષ્ટ્ર બોર્ડના દસમા અને બારમા ધોરણના ૮૦%થી વધુ માર્ક મેળવનારા વિદ્યાર્થીઓ પોતાનો ફોટો અને માર્કશીટ 'મુંબઈ સમાચાર'ને મોકલી આપે.

ઈ-મેઈલ એડ્રેસ : resultonms@gmail.com

વૉટ્સઍપ : 7045430579

વસઇ-વિરારમાં ગેરકાયદે ઇમારતો

# ટાઉન પ્લાનિંગના ડેપ્યુટી ડિરેક્ટરના ઘરેથી ₹ ૩૨ કરોડનાં દાગીના-રોકડ જપ્ત

મુંબઈઃ વસઇ-વિરારમાં ગેરકાયદે ઇમારતોના કેસમાં મની લોન્ડરિંગની તપાસ સંદર્ભે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)ની ટીમે બુધવારે વસઇ, વિરાર, નાલાસોપારા અને હૈદરાબાદમાં ૧૩ સ્થળે રેઇડ પાડી હતી, જેમાં વસઇ-વિરાર પાલિકાના ટાઉન પ્લાનિંગના ડેપ્યુટી ડિરેક્ટર વાય. એસ. રેડ્ડીના ઘરેથી ૮.૬ કરોડની રોકડ અને ૨૩.૨૫ કરોડ રૂપિયાના હીરાજડિત દાગીના તથા બુલિયન જપ્ત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત રેઇડ દરમિયાન વાંધાજનક દસ્તાવેજો પણ જપ્ત કરાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એપ્રિલ, ૨૦૧૬માં એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)ના થાણે યુનિટ દ્વારા રેડ્ડીની ધરપકડ કરાઇ હતી. તેની વિરુદ્ધના કોર્ટ કેસ આગળ વધવાથી રોકવા માટે શિવસેનાના નગરસેવકને પચીસ લાખ રૂપિયા ઓફર કરવાનો રેડ્ડી પર આરોપ હતો.


ઇડી મુંબઈ (ઝોન-૨) દ્વારા બુધવારે જે સ્થળો પર રેઇડ પાડવામાં આવી હતી, તેમાં વસઇ-વિરાર પાલિકાના ભૂતપૂર્વ નગરસેવક સીતારામ ગુપ્તા તેમ જ ગેન્ગસ્ટર સાથે કડી ધરાવતા ગુનેગારના નિવાસસ્થાનનો પણ સમાવેશ હતો.

રેઇડ દરમિયાન જપ્ત કરવામાં આવેલા દસ્તાવેજો પરથી વસઇ-વિરાર પાલિકાના અધિકારીઓ સાથે સાઠગાંઠ કરીને આવા અનેક ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ઇડી દ્વારા આ પ્રકરણે તપાસ કરવામાં આવી રહી છે.

ઇડીએ વસઇ-વિરાર વિસ્તારમાં રહેણાક અને વ્યાવસાયિક ઇમારતોના ગેરકાયદે બાંધકામો સંદર્ભે મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસ દ્વારા દાખલ કરાયેલા એફઆઇઆરના આધારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ એન્ફોર્સમેન્ટ કેસ ઇન્ફોર્મેશન રિપોર્ટ (ઇસીઆઇઆર) દાખલ કર્યો હતો. ઇડીના જણાવ્યા મુજબ આ કેસ મુખ્યત્વે નાલાસોપારા પૂર્વના અગરવાલ નગર ખાતે ગેરકાયદે ૪૧ ઇમારતોના બાંધકામનો છે, જે સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ડમ્પિંગ ગ્રાઉન્ડ માટે ૬૦ એકર જમીન પર બાંધવામાં આવી હતી.

ગેરકાયદે ૪૧ ઇમારતોને મુંબઈ હાઇ કોર્ટના નિર્દેશ પર વસઇ-વિરાર પાલિકા દ્વારા તોડી પાડવામાં આવી હતી, જેને કારણે ૨,૫૦૦ પરિવાર બેઘર થઇ ગયા હતા. તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે આ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ ૨૦૦૯થી ચાલી રહ્યું હતું.

કેટલાક વર્ષ અગાઉ આચોલે પોલીસ સ્ટેશનમાં દાખલ એફઆઇઆરમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વસઇ-વિરાર પાલિકાના ભૂતપૂર્વ નગરસેવક સીતારામ ગુપ્તા, તેના ભાઇ અને સાથીદારોએ કથિત રીતે ખાનગી માલિકોની ૩૦ એકર જમીન, ડમ્પિંગ ગ્રાઉન્ડ અને સ્યૂએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે અનામત રાખવામાં આવેલી વધારાની ૩૦ એકર જમીન હસ્તગત કરી હતી. બાદમાં બનાવટી દસ્તાવેજોને આધારે તેને વિવિધ ડેવલપરોને વેચી દીધી હતી. ■


**બાપ્પાના શરણેઃ** ભારતનો ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅન અને ટીમ ઇન્ડિયાનો હેડ-કોચ ગૌતમ ગંભીર પત્ની નતાશા જૈન સહિત પરિવારજનો સાથે ગુરુવારે સિદ્ધિ વિનાયકના મંદિરે આવ્યો હતો. દિલ્હીમાં રહેતો ગંભીર થોડા જ દિવસમાં ઇંગ્લૅન્ડ ખાતેના લાંબા અને સંઘર્ષપૂર્ણ પ્રવાસે જશે અને એ પહેલાં તે ગણેશજીના આશીર્વાદ મેળવવા તત્પર હતો. ઇંગ્લૅન્ડમાં ભારતીયો જૂન-જુલાઈમાં પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝ રમશે. (અમય ખરાડે)

# પાલિકાની ચૂંટણી સમયસર યોજવાનો પ્રયાસ, મહાયુતિ સાથે મળીને ચૂંટણી લડશેઃ ફડણવીસ

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે કહ્યું હતું કે તેમની સરકાર રાજ્યમાં સમયસર પાલિકાઓની ચૂંટણીઓ કરાવવાનો પ્રયાસ કરશે અને પુનરોચ્ચાર કર્યો કે મહાયુતિ ગઠબંધન સાથે મળીને ચૂંટણી લડશે.

પુણેમાં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું કે સત્તાધારી મહાયુતિના ભાગીદાર પક્ષો ભાજપ, એનસીપી અને શિવસેના શક્ય હોય ત્યાં સાથે મળીને લડશે. તેમણે એમ પણ કહ્યું હતું કે જ્યાં બેઠકોની વહેંચણીની વ્યવસ્થા શક્ય ન હોય ત્યાં મતદારો સ્વતંત્ર રીતે ચૂંટણી લડી શકે છે.

મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે મહાયુતિના ભાગીદારો પ્રચાર દરમિયાન એકબીજાની ટીકા કરવાનું ટાળશે.

'અમે રાજ્યમાં સમયસર પાલિકાની ચૂંટણીઓ કરાવવાનો પ્રયાસ કરીશું. કેટલાક પ્રદેશોમાં ચોમાસુ વધુ તીવ્ર રહેવાની શક્યતા છે આવા સ્થળે જરૂર પડશે તો અમે ચૂંટણી પંચ પાસેથી ૧૫-૨૦ દિવસનો સમય લંબાવવાની માગણી કરીશું,' એમ તેમણે કહ્યું હતું.

સુપ્રીમ કોર્ટે છઠી મેના રોજ મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓનો માર્ગ ખોલી નાખ્યો હતો, જે ઓબીસી અનામતને મુદ્દે પાંચ વર્ષથી વધુ સમયથી અટકી પડી હતી, સુપ્રીમ કોર્ટે રાજ્ય ચૂંટણી પંચને ચાર અઠવાડિયામાં નોટિફાય કરવાનો આદેશ આપ્યો હતો.

ફડણવીસે કહ્યું હતું કે, મહાયુતિ એક સંયુક્ત એકમ તરીકે પાલિકાની ચૂંટણીઓ લડશે, જેને મીની વિધાનસભા ચૂંટણી પણ માનવામાં આવે છે.

'અપવાદરૂપ કિસ્સાઓમાં, જો એવી શક્યતા હોય કે અમારે અલગ અલગ ચૂંટણી લડવી પડે, તો અમે તે પણ કરીશું. જોકે, અમે ખાતરી કરીશું કે મહાયુતિના ઘટકપક્ષો પ્રચાર દરમિયાન એકબીજાની ટીકા કરવાનું ટાળે. અમારો ભાર મોટાભાગે મહાયુતિ તરીકે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ સાથે મળીને લડવા પર રહેશે,' એમ તેમણે કહ્યું હતું. ફડણવીસ પુણેમાં પાલિકા કમિશનરો અને મ્યુનિસિપલ કાઉન્સિલના મુખ્ય અધિકારીઓની વર્કશોપમાં હાજરી આપવા માટે ગયા હતા. ■

# પહલગામના હુમલાખોરોની ઓળખ કરનારને શિવસેના તરફથી ₹ ૧૦ લાખનું ઈનામ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ પહલગામ હુમલાખોરોની ઓળખ માટે માહિતી આપનારને ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે, એમ પાર્ટીના એક કાર્યકર્તાએ ગુરુવારે જણાવ્યું હતું.

શિવસેનાના સોશ્યલ મીડિયા પ્રભારી રાહુલ કનાલે જણાવ્યું હતું કે આ જાહેરાત જમ્મુ અને કાશ્મીર પોલીસે શંકાસ્પદ આતંકવાદીઓના ફોટા જાહેર કર્યાના પ્રતિભાવમાં કરવામાં આવી છે, જેણે ૨૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે.

'અમે આતંકવાદ અને તેને ટેકો આપનારાઓ સામે મજબૂત રીતે ઉભા છીએ. અમે નાગરિકોને એવી કોઈપણ માહિતી સાથે આગળ આવવા વિનંતી કરીએ છીએ જે આ ગુનેગારોને ન્યાય અપાવવામાં મદદ કરી શકે.

'પુરસ્કારની રકમ ઉમેરીને અમારું લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે દોષિતોને જવાબદાર ઠેરવવામાં આવે અને પીડિતો અને તેમના પરિવારોને ન્યાય મળે,' એમ શિંદેને ટાંકીને કનાલે કહ્યું હતું. ■

# કામચલાઉ શેડ બાંધવા પાલિકાને અરજી કરોઃ વિલેપાર્લે જૈન દેરાસર ટ્રસ્ટને કોર્ટનો નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિલે પાર્લે (પૂર્વ)માં આવેલા શ્રી ૧૦૦૮ દિગંબર જૈન દેરાસર ટ્રસ્ટની ચોમાસામાં કામચલાઉ શેડ બઆંધવાની મંજૂરી માગતી અરજી પર કોર્ટે તેમને મુંબઈ મહાનગરપાલિકામાં અરજી કરવાનો બુધવારે નિર્દેશ આપ્યો છે. તેમ જ હાલ દેરાસરનું બાંધકામ જૈસે થે તેવો જ રાખવાના અગાઉના કોર્ટના આદેશ પણ કાયમ રાખ્યો હતો.

વિલે પાર્લેના જૈન દેરાસરમાં ગેરકાયદે બાંધકામ હોવાના દાવા સાથે પાલિકાના કે-પૂર્વ વોર્ડ દ્વારા બાંધકામ તોડી પાડવામાં આવ્યા બાદ તેના પર હાઈ કોર્ટમાં થયેલી સુનાવણી દરમ્યાન બાંધકામ જૈસે થેનો આદેશ કોર્ટે આપ્યો છે. તેથી ચોમાસા દરમ્યાન દેરાસરના બાકી રહેલા બાંધકામને નુકસાન થાય નહીં તે માટે ટ્રસ્ટ દ્વારા આ ભાગને સંરક્ષિત કરી આપવાની માગણી કરી હતી.

તેના પર બુધવારે સીટી સીવિલ કોર્ટમાં થયેલી સુનાવણી દરમ્યાન કોર્ટે કોઈ રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. દેરાસરના બાંધકામને જૈસે થે રાખવાનો આદેશ હાઈ કોર્ટે આપ્યો છે, તે આદેશમાં તેમણે દખલગીરી કરવાનો પણ ઈનકાર કરતા કહ્યું હતું કે હાઈ કોર્ટના સ્ટેને અમે હટાવી શું નહીં પણ ચોમાસા માટે તેઓ શેડ બાંધવાની પોતાની માગણી સંદર્ભમાં પાલિકામાં અરજી કરવાની સૂચના આપી હતી. ■

# બદલાપુરમાં આરોપીનું એન્કાઉન્ટરઃ તપાસ માટે ડીજીપીએ નવી એસઆઈટી બનાવી

મુંબઈઃ બદલાપુરની શાળામાં બાળકીઓ સાથે કુકર્મ આચરવાના કેસના આરોપી અક્ષય શિંદેના એન્કાઉન્ટર પ્રકરણની તપાસ માટે મહારાષ્ટ્રના ડિરેક્ટર જનરલ ઑફ પોલીસે નવી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) બનાવી હતી.

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ડીસીપી રશ્મી શુક્લાએ એડિશનલ પોલીસ કમિશનર દત્તા શિંદેના વડપણ હેઠળની નવી એસઆઈટી નિયુક્ત કરી હતી. મીરા-ભાયંદર વસઈ-વિરાર (એમબીવીવી) પોલીસમાં ફરજ બજાવતા શિંદે ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ રૅન્કના અધિકારી છે.

નવી એસઆઈટીમાં પિંપરી-ચિંચવડના એક ડેપ્યુટી પોલીસ કમિશનર, એક આસિસ્ટન્ટ પોલીસ કમિશનર, બે સિનિયર ઈન્સ્પેક્ટર, જેમાંથી એક નવી મુંબઈ પોલીસ સાથે સંકળાયેલો છે, બે આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર, એક સબ-ઈન્સ્પેક્ટર અને એક આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટરનો સમાવેશ થાય છે.

ડીસીપી અને સિનિયર ઈન્સ્પેક્ટર સિવાયના બધા અધિકારી એમબીવીવી પોલીસમાં ફરજ બજાવે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ કેસની અગાઉ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (સીઆઈડી) દ્વારા તપાસ કરવામાં આવતી હતી. સીઆઈડી પાસેથી કેસ સંબંધી દસ્તાવેજો મેળવીને એસઆઈટી નવેસરથી તપાસ હાથ ધરશે.

એડિશનલ કમિશનર દત્તા શિંદે થાણે અને નવી મુંબઈમાં કામ કરી ચૂક્યા હોવાથી એ વિસ્તારથી સારીપેઠે જાણકાર છે. તે પાલઘરના સુપરિન્ટેન્ડેન્ટ પણ રહી ચૂક્યા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

બદલાપુરની ખાનગી શાળાના કિંડરગાર્ટનમાં ભણતી બે બાળકી સાથે દુષ્કર્મ કરવાના આરોપસર પોલીસે અક્ષય શિંદે (૨૪)ની ધરપકડ કરી હતી. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ નવી મુંબઈ તળોજા જેલમાંથી થાણે ક્રાઈમ બ્રાન્ચની ઑફિસે લઈ જતી વખતે પોલીસ વૅનમાં જ એન્કાઉન્ટરમાં અક્ષયનું ઢીમ ઢાળી દેવામાં આવ્યું હતું. (પીટીઆઈ) ■

# સ્પીડમાં દોડતી કાર સાથે યુવાનોના સ્ટન્ટનો વીડિયો વાયરલઃ ત્રણ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ચેમ્બુર નજીક પૂરપાટ વેગે દોડતી કાર સાથે યુવાનોના સ્ટન્ટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસે ગુનો નોંધી ત્રણ જણને પકડી પાડ્યા હતા.

આરસીએફ પોલીસે તાબામાં લીધેલા ત્રણેય યુવાનની ઓળખ અદનાન મોહમ્મદ ઈસા ખાન (૨૦), મુકીમ બશીર ખાન (૨૨) અને ઝુનેદ અવાદઅલી ખાન (૨૦) તરીકે થઈ હતી. ટૅક્સી ચલાવનારા ત્રણેય યુવાન ગોવંડીના રહેવાસી હોવાનું પોલીસનું કહેવું છે. અધિકારીના જણાવ્યા મુજબ સોશિયલ મીડિયા 'એક્સ' પરના પોલીસના અધિકૃત એકાઉન્ટ પર મંગળવારની રાતે એક યુવાને વીડિયો પોસ્ટ કર્યો હતો. વીડિયો સાથે તેણે મુંબઈમાં રહેતા યુવકો કઈ રીતે કાર પર જીવલેણ સ્ટન્ટ કરી રહ્યા છે... માત્ર મોજ ખાતર આ યુવકો પોતાના અને બીજાના જીવને જોખમમાં નાખી રહ્યા છે... આશા છે કે મુંબઈ પોલીસ પોતાની રીતે આ લોકોને મજા કરાવશે! એવા મતલબનું લખાણ લખ્યું હતું.

પોલીસે વીડિયો જોતાં રસ્તા પરથી પૂરપાટ વેગે દોડતી કાર નજરે પડી હતી. કારના દરવાજાથી ત્રણ યુવક બહાર નીકળીને જ્યારે કાર ચલાવી રહેલો યુવક હાથ બહાર કાઢીને સ્ટન્ટ કરતા નજરે પડ્યા હતા. આ યુવકોનું વીડિયો રેકોર્ડિંગ બાજુમાં દોડતી બીજી કારમાંથી કરવામાં આવી રહ્યું હતું. બીજી કારમાંથી પણ એક યુવક બહાર નીકળીને સ્ટન્ટ કરતો વીડિયોમાં દેખાય છે. ■

# ડેન્ગ્યૂને નિયંત્રણમાં રાખવાના સુધરાઈના પ્રયાસ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસા દરમ્યાન વરસાદના પાણી ભરાઈ જવાથી મચ્છરોની ઉત્પત્તિનું પ્રમાણ વધવાની સાથે જ મલેરિયા અને ડેન્ગ્યુ જેવી બીમારીનું પ્રમાણ પણ વધી જતું હોય છે. મચ્છરોથી થતી આ બીમારીને રોકવા માટે પાલિકા દ્વારા વિવિધ ઉપાયયોજનાની સાથે જ જનજાગૃતિનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ દરમ્યાન મચ્છરોની ઉત્પતિ રોકવામાં પાલિકાને મળેલી સફળતાને કારણે પહેલી જાન્યુઆરીથી ૧૪ મે, ૨૦૨૫ના સાડા ચાર મહિનાના સમયગાળામાં ડેન્ગ્યુના ફક્ત ૩૧૧ દર્દી નોંધાયા હતા, તેની સામે ૨૦૨૪ની સાલમાં આખા વર્ષ દરમ્યાન ડેન્ગ્યુનાં ૫,૯૦૬ દર્દી નોંધાયા હતા. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૧૬ મે, ૨૦૨૫ને રાષ્ટ્રીય ડેંગી દિન નિમિત્તે પાલિકા દ્વારા એડિસ મચ્છર કરડવાથી થતા ડેન્ગ્યૂને રોકવા અને તેને નિયંત્રણમાં લાવવા અનેક ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવી છે. ■

# શ્રીરામપુરમાં ૧૪ કરોડનો નશીલો પદાર્થ જપ્ત

અહિલ્યાનગરઃ શ્રીરામપુર પોલીસ દ્વારા કાર્યવાહી કરી ૧૪ કરોડ રૂપિયાની કિંમતનો નશીલો પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હોઇ આ પ્રકરણે ટેમ્પોચાલકની ધરપકડ કરાઇ હતી, જ્યારે પુણેના કેમિકલ એન્જિનિયર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો છે.ટેમ્પોચાલકની ઓળખ મિનીનાથ વિષ્ણુ રાશિનકર (૩૮) તરીકે થઇ હોઇ તે અહિલ્યાનગર સ્થિત ધનગરવાડીનો રહેવાસી છે.

શ્રીરામપુરના એમઆઇડીસી વિસ્તારમાં ટેમ્પોમાં નશીલો પદાર્થ લાવવામાં આવી રહ્યો હોવાની છે, એવી માહિતી મળતાં પોલીસ ટીમે બુધવારે સાંજે ઉપરોક્ત વિસ્તારમાં ટેમ્પોની શોધ ચલાવી હતી. દરમિયાન દિઘી-ખંડાલા માર્ગ પર ટેમ્પો નજરે પડતાં તેને રોકવામાં આવ્યો હતો.

ટેમ્પોની તલાશી લેવામાં આવતાં ૧૪ ગૂણીમાંથી અલ્પ્રાઝોલમ નામનો નશીલો પદાર્થ મળી આવ્યો હતો, જ્યારે સાત ગૂણીમાં સફેદ પાઉડર હતો. આ પાઉડરનો ઉપયોગ અલ્પ્રાઝોલમ બનાવવા માટે થતો હોવાનું તપાસમાં જણાયું હતું. ■

# શિર્ડીની હોટેલમાંથી મુંબઈના ઝવેરીનું સોનું અને રોકડ ચોરી ડ્રાઈવર ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના ઝવેરીના કર્મચારીઓ શિર્ડીમાં હોટેલની રૂમમાં સૂતા હતા ત્યારે ડ્રાઈવર અંદાજે સાડાત્રણ કિલો સોનાના દાગીના અને ચાર લાખની રોકડ ચોરી ફરાર થઈ ગયો હતો.

શિર્ડી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર રણજિત ગલાંડેએ જણાવ્યું હતું કે ઘટના બુધવારની સવારે પ્રકાશમાં આવી હતી. આ પ્રકરણે વિજય સિંહ ખીસી (૩૨)ની ફરિયાદને આધારે ગુનો નોંધી ઘટના બાદથી ગુમ કાર ડ્રાઈવર સુરેશ કુમાર રાજપૂત (૩૦)ની શોધ હાથ ધરવામાં આવી હતી. રાજપૂત છેલ્લા પાંચેક મહિનાથી જ મુંબઈના ઝવેરી પાસે નોકરી કરતો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર વિજય સિંહ સહિત ઝવેરીના બે કર્મચારી ડ્રાઈવર રાજપૂત સાથે કારમાં સાતમી મેના શિર્ડી પહોંચ્યા હતા. કર્મચારીઓ પાસે ૪.૮૭૩ કિલો સોનાના દાગીના હતા. આ દાગીના અહિલ્યા નગરથી મનમાડ સુધીના વિવિધ જ્વેલર્સને વેચવા માટે લાવવામાં આવ્યા હતા.

દિવસભર કારમાં જ્વેલર્સોની દુકાને ફર્યા પછી રાતે કર્મચારીઓ ડ્રાઈવર સાથે શિર્ડીની હોટેલમાં રોકાતા હતા. આ માટે હોટેલની એક રૂમ અઠવાડિયાથી બુક કરી રાખવામાં આવી હતી અને એક જ રૂમમાં ત્રણેય જણ રાતે સૂઈ જતા હતા.

ફરિયાદ અનુસાર ૧૩ મેની રાતે જમ્યા પછી ત્રણેય જણ રૂમમાં સૂઈ ગયા હતા. સવારે કર્મચારી ઊંઘમાંથી જાગ્યા ત્યારે ડ્રાઈવર રાજપૂત નજરે પડ્યો નહોતો અને રૂમનો દરવાજો ખુલ્લો હતો. શંકાને આધારે કર્મચારીએ બેડ પાસે રાખેલી દાગીના ભરેલી બૅગ તપાસતાં અંદાજે ૩.૨૬ કરોડ રૂપિયાના સોનાના દાગીના અને ચાર લાખની રોકડ ગુમ હોવાનું જણાયું હતું. ■

# શોર્ટ કવરિંગઃ સેન્સેક્સ ૧૩૦૦ પોઈન્ટ ઊછળ્યો, સાત મહિનાની ઊંચી સપાટી ફરી હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા સાથે ટ્રેડ ડીલ પાર પડવાના આશાવાદ સાથે ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં એક્સપાઇરી ડેને કારણે સોર્ટ કવરિંગ વચ્ચે સેન્સેક્સ સત્ર દરમિયાન ૧,૩૦૦ પોઈન્ટ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ ૧૪૧ સત્રો પછી ઓક્ટોબર ૨૦૨૪ પછી પહેલી વાર ૨૫,૧૦૦ પોઈન્ટનો આંકડો પાર કર્યો હતો. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૪ પછી પહેલી વાર નિફ્ટીએ ૨૫,૦૦૦ પોઈન્ટ પાછું મેળવતાં રોકાણકારોની સંપત્તિમાં ૪.૭૨ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો હતો.

ઊંચા મથાળે ગયા બાદ પ્રોફિટ બુકિંગને કારણે થોડો સુધારો ધોવાયો હતો. સત્રને અંતે સેન્સેક્સ ૧,૨૦૦.૧૮ પોઇન્ટ અથવા તો ૧.૪૭ ટકાના ઉછાળા સાથે ૮૨,૫૩૦.૭૪ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સત્ર દરમિયાન તે ૧૩૮૭.૫૮ના ઉછાળા સાથે ૮૨,૭૧૮.૧૪ સુધી પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૩૯૫.૨૦ પોઇન્ટ અથવા તો ૧.૬૦ ટકાના ઉછાળા સાથે ૨૫,૦૬૨.૧૦ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો.

વ્યાપક બજારમાં પણ તેજી રહી હોવાથી બીએસઇનો સ્મોલ કેપ ઇન્ડેક્સ ૦.૯૪ ટકા અને મિડકેપ ૦.૬૭ ટકા વધ્યો હતો. તમામ સેકટરલ ઇન્ડેકસમાં સુધારો હતો, જેમાં રિઅલ્ટીમાં ૧.૮૭ ટકા, ઓટોમાં ૧.૮૬ ટકા, સર્વિસિસમાં ૧.૮૫ ટકા, ઇન્ડસ્ટ્રીઅલમાં ૧.૬૨ ટકા, મેટલમાં ૧.૬૦ ટકા અને કોમોડિટીઝમાં ૧.૫૧ ટકાનો વધારો નોંધાયો હતો.

ટાટા મોટર્સ ચાર ટકાના ઉછાળા સાથે ટોપ ગેઇનર બન્યો હતો. અન્ય ગેઇનર્સમાં એચસીએલ ટેક, અદાણી પોર્ટ, એટર્નલ, મારુતિ, રિલાયન્સ, એશિયન પેઇન્ટ, એચડીએફસી બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, ભારતી એરટેલ અને ઇન્ફોસિસનો સમાવેશ હતો. એકમાત્ર ઇન્ડસઇન્ડ બેન્કમાં ઘટાડો હતો. આઇટીસી હોટલ્સે ચોથા ક્વાર્ટરમાં ૧૯ ટકાના વધારા સાથે રૂ. ૨૫૭.૮૫ કરોડનનો ચોખ્ખો નફો અને રૂ. ૧૦૬૦.૬૨ કરોડની કોન્સોલિડેટેડ રેવન્યૂ નોંધાવી છે.

અન્ય કોર્પોરેટ પરિણામમાં સ્ટોક માર્કેટ સર્વિસ પ્રોવાઈડર્સ, રિખવ સિક્યોરિટીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના દ્વિતિય છમાસિક ઓડિટેડ નાણાકીય પરિણામોમાં કુલ આવક રૂ. ૩૨૭.૭૭ કરોડ અને રૂ. ૨૩.૬૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા રૂ. ૩૪.૫૦ કરોડ અને ચોખ્ખા નફાનું માર્જિન ૭.૨૨ ટકા રહ્યું છે.

એરોસ્પેસ કમ્પોનન્ટ ક્ષેત્રમાં સંપૂર્ણપણે વર્ટિકલી ઇન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ ક્ષમતા પૂરી પાડનારી, સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં કાર્યરત ભારતની એકમાત્ર પ્રિસિઝન કમ્પોનન્ટ ઉત્પાદક, એક્વસ લિમિટેડે એરોસ્પેસ ડિવિઝનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઇઓ) તરીકે જીન મિશેલ કોન્ડામિનની નિમણૂકની ઔપચારિક જાહેરાત કરી છે.

કોટેડ મેટલ પ્રોડક્ટ્સના અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર મનક્સિઆ કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૫ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામમાં રૂ. ૭૮૯.૬૬ કરોડની કુલ આવક, રૂ. ૬૩.૦૧ કરોડનો એબિટા, રૂ. ૧૫.૩૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન બે ટકા અને એબિટા માજિન ૭.૮૯ ટકા રહ્યું છે. ગુરુવારે ભારતના ઇક્વિટી બેન્ચમાર્ક નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા, વિશ્લેષકો ફુગાવામાં ટાઢક અને યુએસ-ચીન વેપાર વાટાઘાટોમાં પ્રગતિને કારણે લાભને પગલે કોન્સોલિડેશનના તબક્કાની અપેક્ષા રાખી રહ્યા હતા. ખૂલતા સત્રમાં, ૧૩ મુખ્ય ક્ષેત્રીય શેરઆંકમાંથી નવ નેગેટિવ ઝોનમાં સરક્યા હતા, જ્યારે સ્મોલ અને મિડ કેપ સૂચકાંકો મોટાભાગે યથાવત રહ્યા હતા. બપોર સુધી ફ્લેટ ટ્રેડિંગ કર્યા પછી, ભારતીય બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટીએ ૧.૫૦ ટકાથી વધુનો ઝડપી ઉછાળો નોંધાવ્યો હતો. તેજીની આગેવાની લેનારા ક્ષેત્રો, મેટલ, આઈટી અને ઓટો સેક્ટર એકથી દોઢ ટકાના વધારા સાથે ટ્રેડ થઇ રહ્યા હતા. બપોરે ટોચના શેરોમાં હીરો મોટોકોર્પ, જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા મોટર્સ, શ્રીરામ ફાઇનાન્સ, એસીએલ ટેક, ટ્રેન્ટ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, એટરનલ, ગ્રાસિમ અને અદાણી પોર્ટ્સનો સમાવેશ હતો. મિડકેપ શેરોમાં, ટોચના વધનારા શેરોમાં લિન્ડે ઇન્ડિયા, ઝી એન્ટરટેઇન, યસ બેંક, સ્ટાર હેલ્થ અને કોચીન શિપયાર્ડ હતા. જ્યારે ઘટનારાં ટોચના શેરોમાં મુથૂટ ફાઇનાન્સ, ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, ટોરેન્ટ પાવર અને ડિક્સન ટેક્નોલોજીસનો સમાવેશ હતો. સ્મોલકેપ શેરોમાં, ટોચના વધનારા શેરોમાં તિલકનગર ઇન્ડસ્ટ્રીઝ, ત્રિવેણી ટર્બાઇન અને નેલકાસ્ટ હતા. જ્યારે ટોચના ઘટનારા શેરોમાં હિટાચી એનર્જી, અને મન્નાપુરમ ફાઇનાન્સ હતા. આઇટી અને રિયલ્ટી શેરોમાં તેજી જોવા મળી છે. નિફ્ટીમાં હીરો મોટોકોર્પ, ટાટા મોટર્સ, જેએસડબલ્યુ સ્ટીલ, શ્રીરામ ફાઇનાન્સ, એચસીએલ ટેક્નોલોજીસ મુખ્ય શેરોમાં છે, જ્યારે ઇન્ડસઇન્ડ બેંક, સિપ્લા, પાવર ગ્રીડ કોર્પ, કોટક મહિન્દ્રા બેંક ગબડ્યા હતા.

નિફ્ટી અને બીએસઈ સેન્સેક્સ આ અઠવાડિયામાં બુધવાર સુધીમાં અનુક્રમે ૨.૭૦ ટકા અને ૨.૪૦ ટકા વધ્યા છે અને સાત મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યા છે. જોકે, વિશ્લેષકોના મતે, પાછલા બે સત્રોમાં જોવા મળેલું પ્રોફિટ બુકિંગ બજારની ઉર્ધ્વ ગતિને ઉચ્ચ સ્તરે ધીમી પડી શકે છે. એપ્રિલમાં રિટેલ ફુગાવો ૩.૧૬ ટકા એટલે કે, લગભગ છ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હોવાના કારણે જૂન નાણાકીય નીતિ સમીક્ષામાં રિઝર્વ બેન્ક માટે દરમાં વધુ ઘટાડો કરવા માટે પર્યાપ્ત અવકાશ સર્જાયો હોવાની ચર્ચા વચ્ચે એકંદર સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. અમેરિકામાં પણ એપ્રિલ મહિનાના ઇન્ફ્લેશન ડેટા અનુકીળ રહેવા સાથે વૈશ્વિક વેપાર તણાવમાં વિરામથી ઇક્વિટી બજારોમાં સકારાત્મક વલણમાં વધારો થયો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૯૩૧.૮૦ કરોડના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. મે મહિનામાં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય બજારોમાં ૧.૭૦ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે, જે મજબૂત સ્થાનિક વૃદ્ધિની સંભાવનાઓ, નરમ યુએસ ડોલર અને વૈશ્વિક વેપાર તણાવના ઘટાડાથી પ્રોત્સાહિત થયું છે.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૭૬.૯૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૩૫૩ સોદામાં ૧,૬૯૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૫,૭૯,૭૫૫ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૧૭,૯૦,૮૭૭.૦૧કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા તૂટ્યો

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી તેમ જ વિદેશી ફંડોનો બાહ્ય પ્રવાહ રહેતાં ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસાના ઘટાડા સાથે ૮૫.૫૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવતાં રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૩૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૫૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૭૩ અને ઉપરમાં ૮૫.૪૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે બાવીસ પૈસાના ઘટાડા સાથે ૮૫.૫૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ચાર પૈસા ઘટ્યો હતો. એકંદરે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, ભારત-પાક વચ્ચે ભૂરાજકીય તણાવ હળવો થવાથી તેમ જ અમેરિકા અને ચીન વચ્ચેનાં ટ્રેડ ટૅરિફનો તણાવ પણ હળવો થવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળે અને ડૉલર સામે રૂપિયો ૮૫.૨૦થી ૮૫.૯૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. દરમિયાન આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૨૦૦.૧૮ પૉઈન્ટનો અને ૩૯૫.૨૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. તેમ જ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૩.૭૨ ટકા ઘટીને બેરલદીઠ ૬૩.૬૩ ડૉલર તથા ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૮ ટકા ઘટીને ૧૦૦.૭૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લિક નોટીસ**

જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે અમે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ ખાસ કરીને સેટ આઉટ મિલકતની બાબતમાં શ્રી નોશીર રુસ્તમજી અંકલેસરિયા, શ્રી ફિરદોશ નોશીર અંકલેસરિયા, શ્રીમતી ખુરશીદ ફિરદોશ અંકલેસરિયાના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ.

કોઈપણ શખ્સ/સો, પેઢી, એન્ટિટી, કંપની, ટ્રસ્ટ, વ્યક્તિઓનું સંગઠન અથવા કાયદાની નજરમાં આવી સંસ્થાઓ જેમને અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં સેટ આઉટ મિલકતમાં કોઈ હિત ધરાવતા હોય તો માલિકી, અદલાબદલી, વેચાણ, ટ્રસ્ટ, લીવ એન્ડ લાયસન્સ, લિઝ, ગ્રાન્ટ, ડોનેશન અથવા કોઈપણ કાનૂની પાત્ર હેઠળ જે દસ્તાવેજીકૃત થયેલ છે. આ છપાયાની ૧૪ દિવસની અંદર દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને જાણ કરવી જોઈએ, જેના નિષ્ફળ જવા પર ત્યારબાદ પ્રાપ્ત થયેલા કોઈપણ દાવાઓને છોડી દીધેલ અને/ અથવા ત્યજી દીધેલ હોવાનું માનવામાં આવશે.

**પરિશિષ્ટઃ**

વોર્ડ નં. C૨૪૬૭ હેઠળ મ્યુનિસિપલ રેટ્સ અને ટેક્સના એસેસર અને કલેક્ટર દ્વારા આકારાયેલ અને ૨૫-૨૭, ૩જી લેન ધોબી તળાવ, મુંબઈ-૨ ખાતે આવેલ તેના પર ઊભેલ ગ્રાઉન્ડ વત્તા બે માળાની સાથે મુંબઈ શહેરના નોંધણી જિલ્લા અને પેટા- જિલ્લામાં કલેક્ટરનો નવો નં. ૧૬૬૩ L.T.A.C.R.R. નં. ૮૧ અને લાફ્ટન સર્વે નં. ૮૨૭૦, ભૂલેશ્વર ડિવિઝનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૩૯૮ ધરાવતા ભરતમાં આસપાસ ૧૬૧ ચો. યાર્ડ, ૧૩૪.૬૨ ચો.મી.ની સમકક્ષ અથવા તે સૂમારે જમીન અથવા મેદાનનો તે તમામ ટુકડો અથવા કકડો.

તારીખઃ ૧૬-૫-૨૦૨૫

સહી/- જશ બી. વ્યાસ

S.P.S. લોયર્સ ચેમ્બર્સ, ૨૪/B, રાજા બહાદુર મેન્શન, ગ્રાઉન્ડ ફ્લોર, ૧૦૨, અંબાલાલ દોશી માર્ગ, ફોર્ટ, મુંબઈ-૧, મોબ. ૭૦૨૧૪૦૪૩૧૬

ઈમેલઃ jashvyasj2@gmail.com

**પશ્ચિમ રેલવે**

**AC ICF કોચેસનું કોચ ટોઈલેટ અપ-ગ્રેડેશન**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ, પશ્ચિમી રેલવે, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ટેન્ડર નોટીસ નં. **WR-PL-ME-EST-**૬૩૩૫૪૨ તા. ૧૩.૦૫.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ સાથે તેનું સ્થળઃ AC ICE કોચેસનું કોચ ટોઈલેટ અપ-ગ્રેડેશન. અંદાજિત કિંમતઃ ₹ ૮,૧૩,૧૧,૨૪૯.૪૦. બારડીઃ ₹ ૫,૫૬,૬૦૦/- ઈ-બીડની ઓનલાઈન સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમયઃ ૧૦.૦૬.૨૦૨૫ ૧૧.૦૦ ક. સુધી & ઈ-ટેન્ડરોની ખોલવાનીઃ ૧૦.૦૬.૨૦૨૫ના ૧૧.૩૦ ક. બીડ ફોર્મ અને અન્ય વિગતો જેમકે સુધારો વેબસાઈટઃ www.ireps.gov.in પરથી મેળવી શકાય છે. 0148

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**PUBLIC NOTICE**

Under instruction and on behalf of our client Mr. Atul Mohan Malhotra, Director and Shareholder of M/s. Bay Tankers Pvt. Ltd, Ace Resources and Solutions Pvt Ltd and Ace Ocean Resources Pvt Ltd. He holds actual and physical possession and custody of Premises being Flat 204, 2nd Floor, Tulsiani Chambers, Nariman Point, Mumbai - 400 021.

A conspiracy hatched against our client by his enemies, competitors, rivals, partners, directors and relatives, hence facing danger to his life, security and properties. Any person/persons in any manner dealing with his shareholding or properties should be doing so at his/ their own risk as to cost and consequences. Transaction if any related to his property will be treated as fraudulent, void, bad in law and not binding on him.

Dated this 15th day of May, 2025.

**KIRAN JAIN & CO.,**
**REGIUS LEGAL LLP,**
**Advocates & Solicitors,**
Queens Mansion, A.K. Nayak Marg, Next to Cathedral & John Connon School, Fort, Mumbai - 400 001.


# વૈશ્વિક સોનું એક મહિનાના તળિયેથી પાછું ફર્યુંઃ સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૧૪૯૪ના કડાકા સાથે ₹ ૯૩,૦૦૦ની અંદર, ચાંદી ₹ ૧૮૨૮ ગબડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે મોડી સાંજે અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સની થનારી જાહેરાત પૂર્વે રોકાણકારોનો સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ ઉપરાંત અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર શાંત પડતાં રોકાણકારોની સલામતી માટેની માગ ઓસરતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ગત ૧૦ એપ્રિલ પછીના તળિયે પહોંચ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે પણ સત્રના આરંભે ભાવ સાંકડી વધઘટે ટકેલાં રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં ૦.૪ ટકા જેટલાં ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૮૮થી ૧૪૯૪નો કડાકો બોલાઈ ગયો હતો, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૯૩,૦૦૦ની સપાટીની અંદર ઉતરી ગયા હતા. તેમ જ ચાંદી પણ કિલોદીઠ રૂ. ૧૮૨૮ ગબડી ગઈ હતી.

આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની પણ લેવાલી ખપપૂરતી રહેતાં વેરા રહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૧૮૨૮ના ઘટાડા સાથે રૂ. ૯૪,૫૭૨ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીમાં નિરસતા તથા જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં વેરા રહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૪૮૮ના કડાકા સાથે રૂ. ૯૧,૯૯૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૪૯૪ના ઘટાડા સાથે રૂ. ૯૨,૩૬૫ના મથાળે રહ્યા હતા.

વિશ્વના બે મોટા અર્થતંત્રો અમેરિકા અને ચીન ટૅરિફના દર ઘટાડવાની સાથે ૯૦ દિવસ સુધી ટ્રેડ વૉરને વિરામ આપવા માટે સહમત થતાં સલામતી માટેની માગ ઓસરી જતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ઘટીને ઈક ૧૦ એપ્રિલ પછીની નીચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૩૧૭૯.૦૭ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ૩૧૭૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૦૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં અમેરિકા અને ચીન વચ્ચે ટૅરિફ અંગેની વાટાઘાટો સકારાત્મક દિશામાં આગળ ધપી રહી હોવાથી સોનામાં સલામતી માટેની માગ ઘટતાં ભાવ દબાણ હેઠળ રહેતાં હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝના વિશ્લેષક જિગર ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકાના રિટેલ ફુગાવાના ડેટા પ્રોત્સાહક આવ્યા બાદ જો પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પણ જો સારા આવે અને ડૉલર ઈન્ડેક્સ બાઉન્સબૅક થતાં સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવી શકે છે. તેમ જ વ્યાજદરમાં કપાતના નિર્ણય અંગે ફેડરલ રિઝર્વ વધુ સ્પષ્ટ નિર્દેશ આપી શકે, એમ તેમણે ઉમેર્યું હતું. જોકે, બજાર વર્તુળોની નજર પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સની જાહેરાત પશ્ચાત્ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલના વક્તવ્ય પર પણ મંડાયેલી રહેશે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે હાલમાં અમેરિકી ફેડરલ રિઝર્વ પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફ નીતિઓ અને ભાગીદાર દેશો સાથે થઈ રહેલી વેપાર કરાર માટેની વાટાઘાટોની આકારણી કરી રહ્યું છે. તેમ છતા હાલમાં બજાર વર્તુળો ફેડરલ રિઝર્વ ઑક્ટોબર મહિનાથી વર્ષના અંત સુધીમાં વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરે તેવી ધારણા મૂકી રહ્યા છે.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૨૦ની પીછેહઠ

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની નબળી માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી તેનાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદરે માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહી હોવાથી ઉપાડ લગભગ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની પાંખી લેવાલી અને અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી તેનાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૩૬થી ૩૯૮૨ના મથાળે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૩૯૮૦માં થયા હતા.


**પબ્લિક નોટીસ**

શ્રી. વિનોદ ભગવતીપ્રસાદ કેડિયા (અહીં પાછળથી ''સદર માલિક'' કહેવાય છે) સંપૂર્ણપણે જપ્ત અને કબજામાં લેવામાં આવે છે અને અન્યથા અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ તેજપાલ સ્કીમ નં. ૫, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ-૫૭ ખાતે આવેલ એક કાર પાર્કિંગ જગ્યા સાથે ''ગોપાલ-કૃષ્ણ નિવાસ કો-ઓપરેટિવ હા. સો. લિ.'' તરીકે જાણીતી બિલ્ડીંગના ૬ઠ્ઠા માળ પર ભરતમાં ૧૬૪૦ ચો. ફુટ સુપર બિલ્ટ અપ એરિયા ફલેટ નં. ૬૦૧ (અહીં પાછળથી ''સદર ફલેટ'' તરીકે ઉલ્લેખેલ છે) ધરાવતા મિલકતના પૂરતા પ્રમાણમાં હકદાર છે અને સભ્ય તરીકે તેઓ સોસાયટીના કેપીટલમાં વિશિષ્ટ નં. ૫૬ થી ૬૦ (બંને સહિત) સુધી ધરાવતા દરેક રૂ. ૫૦/-ના ૦૫ શેર્સ માટે શેર સર્ટિફિકેટ નં. ૧૨ (અહીં પાછળથી ''સદર શેર્સ'' તરીકે ઉલ્લેખેલ છે) મેળવવા માટે પણ હકદાર છે...

મારા અસિલ, સદર માલિક પાસેથી સદર ફલેટ અને સદર શેર્સ ખરીદવાનો ઈરાદો ધરાવે છે.

કોઈપણ શખ્સો જે સદર ફલેટ કે તેના કોઈપણ ભાગમાં વેચાણ, ભેટ, લીઝ, લીઅન, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, ઈજમેન્ટ અથવા બીજી કોઈ પણ રીતે કોઈપણ હક્ક, ટાઈટલ કે હિત કે દાવો ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને તેની ઓફિસ B-૧૦૨, અથર્વ પેલેસ, માનસ પેલેસ કો-ઓપરેટીવ હા. સો. લિ., પ્રાર્થના સમાજ રોડ અને પાર્ક રોડનું જંકશન, વિલે પાર્લે (પૂ), મુંબઈ-૫૭ ખાતે, આ નોટીસ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર આવા તમામ હક્ક, ટાઈટલ કે હિત ત્યજી દીધેલ હોવાનું માનવામાં આવશે.

**ઉપર ઉલ્લેખેલ મિલકતનું વર્ણન**

વિશિષ્ટ નં. ૫૬થી ૬૦ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦/-ના ૦૫ શેર્સ માટે શેર સર્ટિફિકેટ નં.-૧૨, ગામ વિલે પાર્લે (પૂ), તેજપાલ સ્કીમ રોડ નં. ૫, વિલે પાર્લે (પૂ), મુંબઈ-૫૭નો C.T.S.નં. ૪૭૯ ધરાવતી જમીન ખાતે આવેલ અને રહેલ એક કાર પાર્કિંગ જગ્યા સાથે ''ગોપાલકૃષ્ણ નિવાસ કો. ઓપરેટીવ હા. સો. લિ.'' તરીકે જાણીતી બિલ્ડીંગના ૬ઠ્ઠા માળ પર ભરતમાં ૧૬૪૦ ચો. ફુટ સુપર બિલ્ટ-અપ એરિયા ફ્લેટ નં. ૬૦૧.

તારીખઃ ૧૬-૦૫-૨૦૨૫

સ્થળઃ મુંબઈ

સહી/-
**T.S. પટવર્ધન**
એડવોકેટ


# મલયેશિયા પાછળ દેશી-આયાતી તેલમાં ₹ પાંચથી ૨૦ તૂટ્યા

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે બાવન સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૧ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચથી ૨૦નો ઘટાડો આવ્યો હતો. જેમાં સિંગતેલમાં રૂ. પાંચ, આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૫, કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૨૦ અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૫ ઘટી આવ્યા હતા.આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, રૂચીના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને રૂ. ૧૩૯૦ અને ગોકુલ એગ્રો તથા ઈમામીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૩૦ અને રૂ. ૧૨૨૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો છૂટાછવાયા રહ્યા હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ.૧૩૮૦, સિંગતેલના રૂ. ૧૩૮૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૩૭૦ના મથાળે રહ્યા હતા.


**પશ્ચિમ રેલવે - વડોદરા ડિવિઝન**

**SLR કમ્પાર્ટમેન્ટના લીઝિંગ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, "લીઝિંગ ઓફ SLR" કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન 29.05.2025 ના રોજ યોજાશે. ઈ-ઓક્શન 29.05.2025 ના રોજ સવારે 10:00 વાગ્યે શરૂ થશે. કેટલોગ www.ireps.gov.in વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ગયો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

**કરારનો પ્રકાર:** SLR ભાડાપટ્ટે **કેટલોગ નંબર:** E-SLR-BRC-290525

| લોટ નંબર | કરાર અવધિ | ઈ-ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|
| 19819-SLR-F2-BRC-KOTA-25-1 | 02 વર્ષ | બધા લોટ માટે ઇ-હરાજી 29/05/2025 ના રોજ 10:00 વાગ્યે શરૂ થશે. લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઇ-હરાજી મોડ્યુલ મુજબ રહેશે. |
| 20945-SLR-F-1-EKNR-NZM-25-1 | | |
| 20945-SLR-R1-EKNR-NZM-25-1 | | |
| 20920-SLR-R-1-EKNR-MAS-25-2 | | |
| 19819-SLR-R1-BRC-KOTA-25-1 | | |
| 19819-SLR-F-1-BRC-KOTA-25-1 | | |
| 12928-SLR-R1-EKNR-DDR-25-1 | | |
| 20905-SLR-F1-EKNR-REWA-25-1 | | |
| 20905-SLR-R1-EKNR-REWA-25-1 | | |
| 20920-SLR-F1-EKNR-MAS-25-1 | | |

039

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ- ૪૦૦૦૧૨**
**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ**
**KEM/૦૧/MST/૨૫ (ઈ-ટેન્ડર)**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. ટેન્ડર મહાટેન્ડર પોર્ટલ ફક્ત (https://mahatenders.gov.in) દ્વારા મંગાવાય છે.

| ક્ર. નં. | વર્ણન | ઈ-ટેન્ડર ફી. | બારડી | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | KEM/૪૦૬/MST/૨૫ (ઈન્જ.) ઈન્જ. નોન આયોનિક કોન્ટ્રાસ્ટ ૩૫૦-૩૭૦ mg/ml જથ્થોઃ- ૧૬૦૦ બોટલ (૧x૧૦૦ ml) ૨૦૨૫_MCGM_૧૧૭૯૮૦૮_૧ | ૩,૬૩૦ + (૧૮% GST) | ૪૦,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૪.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. |
| ૨. | KEM/૪૦૭/MST/૨૫ (ઈન્જ.) ઈન્જ. નોન આયોનિક કોન્ટ્રાસ્ટ ૩૦૦ mg/ml જથ્થોઃ- ૧૭૦૦ બોટલ (૧x૧૦૦ ml) ૨૦૨૫_MCGM_૧૧૭૯૬૫૩_૧ | ૩૬૩૦ + (૧૮% GST) | ૪૦,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૪.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. |
| ૩. | KEM/૪૦૮/MST/૨૫ (ઈન્જ.) ઈન્જ. હેપરિન ૫૦૦૦ IU/Ml (૧x૫ ml) જથ્થોઃ ૪૭૦૦ શીશીઓ. ૨૦૨૫_MCGM_૧૧૭૯૯૨૮_૧ | ૭૨૬ + (૧૮% GST) | ૧૦,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૪.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. |
| ૪. | KEM/૪૦૯/MST/૨૫ (ઈન્જ.) ઈન્જ. મેરેપેનેમ ૧ ગ્રામ જથ્થોઃ ૧૩૩૦૦. ૨૦૨૫_MCGM_૧૧૭૯૮૬૮_૧ | ૩,૬૩૦ + (૧૮% GST) | ૪૦,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૪.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. |
| ૫. | KEM/૪૧૦/MST/૨૫ (ઈન્જ.) ઈન્જ. પાઈપેરાસિલિન ૪ ગ્રામ + ટેઝોબેક્ટમ ૫૦૦ mg જથ્થોઃ ૨૨૦૦૦ શીશીઓ. ૨૦૨૫_MCGM_૧૧૭૯૮૯૮_૧ | ૩,૬૩૦ + (૧૮% GST) | ૪૦,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૪.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. |
| ૬. | KEM/૪૧૧/MST/૨૫ (ઈન્જ.) ઈન્જ. વેનકોમાયસીન ૫૦૦mg જથ્થોઃ ૧૭૩૦૦ શીશીઓ. ૨૦૨૫_MCGM_૧૧૮૦૦૦૫_૧ | ૧,૪૫૨ + (૧૮% GST) | ૨૦,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૪.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. |
| ૭. | KEM/૪૨૨/MST/૨૫ (ઈન્જ.) ઈન્જ. નોન આયોનિક લોડિક્સાનોલ આઈસોસ્મોલર ૩૨૦mg જથ્થોઃ ૧૫૦૦ બોટલ (૧ x ૫૦ ml) ૨૦૨૫_MCGM_૧૧૭૯૮૩૫_૧ | ૩,૬૩૦ + (૧૮% GST) | ૪૦,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૪.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. |
| ૮. | KEM/૧૧/MST/૨૫ નોન- Sch ઈન્જ. સુગરમેડેક્સ ૧૦૦mg/ ૨ ml શીશી જે.પી. જથ્થોઃ ૧૦૦૦ શીશીઓ ૨૦૨૫_MCGM_૧૧૮૦૨૫૨_૧ | ૧,૪૫૨ + (૧૮% GST) | ૧૪,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૩.૦૫.૨૦૨૫ ૧૫.૦૦ ક. |
| ૯. | KEM/૦૮/ MST/ ૨૫ નોન-Sch ઈન્જ. મોશેવાઈસ વન પ્રીફિલ્ડ સિરિંજ ક્રોસ લિરેડ સોડિયમ હાયલ્યુરોનેટ ૮૩mg/ ૪ml જથ્થોઃ- ૭૦ PFS ૨૦૨૫_MCGM_૧૧૮૦૨૫૦_૧ | ૧,૪૫૨ + (૧૮% GST) | ૧૫,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૩.૦૫.૨૦૨૫ ૧૫.૦૦ ક. |
| ૧૦. | KEM/૦૫/ MST/ ૨૫ નોન-Sch ઈન્જ. IGM એનરિચ્ડ ઈમ્યુનોગ્લોબ્યુલિન ૧૦ ml જથ્થોઃ- ૧૦૦ શીશીઓ. ૨૦૨૫_MCGM_૧૧૮૦૨૪૭_૧ | ૧,૪૫૨ + (૧૮% GST) | ૧૨,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૩.૦૫.૨૦૨૫ ૧૫.૦૦ ક. |
| ૧૧. | KEM/૦૬/ MST/ ૨૫ નોન-Sch ટર્મ અને પ્રિટર્મ ફોર્મ્યુલા મિલ્ક જથ્થોઃ- ૭૨૦ (૪૦૦gm ટીન) & ૭૨૦ (૪૦૦gm ટીન) ૨૦૨૫_MCGM_૧૧૮૦૨૫૧_૧ | ૧,૪૫૨ + (૧૮% GST) | ૧૭,૦૦૦ | ૧૬.૦૫.૨૦૨૫ ૧૮.૦૦ ક. | ૨૩.૦૫.૨૦૨૫ ૧૫.૦૦ ક. |

બીડ મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા મંગાવાય છે. ટેન્ડરર નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટીસ અંગે ઈશ્યૂ કરાયેલ સુધારા ફક્ત મહાટેન્ડર વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે. સુધારા સ્થાનિક અખબારોમાં પ્રકાશિત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
KEM હોસ્પિટલ

PRO/424/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ. પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.

# ‘ભિખારી’ પાકિસ્તાન કરતા મહારાષ્ટ્ર શ્રીમંત

## આઈએમએફના આંકડામાં થયો ખુલાસો

મુંબઈ: પહલગામમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓએ કરેલા હુમલા બાદ ભારતે કઠોર કાર્યવાહી કરી ઓપરેશન સિંદૂર ચલાવ્યું. ત્યારબાદ પાકિસ્તાને પણ ભારત પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. ભારતની જવાબી કાર્યવાહીથી ગભરાયેલા પાકિસ્તાને નમતું જોખી શસ્ત્રવિરામ માટે આજીજી કરી જેને ભારતે માન્ય રાખી.

એવામાં હવે ફરી પાકિસ્તાનની અર્થવ્યવસ્થા અંગે ચર્ચા શરૂ થઇ છે. તમને જણાવી દઈએ કે, આઈએમએફએ ૧૯૬૮ થી લઈને અત્યાર સુધીમાં ૨૪ વખત પાકિસ્તાનને બચાવવા આર્થિક મદદ કરી છે. આ મદદ છતાં પણ પાકિસ્તાનની આર્થિક સ્થિતિ ખરાબ છે. આશ્ચર્યજનક વાત એ છે કે મહારાષ્ટ્ર અને તામિલનાડુ જેવા ભારતીય રાજ્યોની જીડીપી પાકિસ્તાનની જીડીપી કરતા વધારે છે.

આઈએમએફના તાજા આંકડા અનુસાર, પાકિસ્તાનની અર્થવ્યવસ્થા ૨.૬% વધી છે, તેની જીડીપી અંદાજે ૩૭૩.૦૮ અબજ ડોલર જેટલી છે. રાજકીય અસ્થિરતા, ગગડી ગયેલું ચલણ અને આંતરરાષ્ટ્રીય દેવું જેવી સમસ્યા પાકિસ્તાનના વિકાસમાં બાધારૂપ છે. દરમ્યાન ભારતનો જીડીપી સતત વધી રહ્યો છે અને તે પાકિસ્તાન કરતા લગભગ

(જુઓ પાનું ૪) ▶▶

**ટર્કિશ સફરજનના બહિષ્કારની હાકલ**

# પુણેના વેપારીને પાકિસ્તાન તરફથી ધમકી

પુણે: તુર્કીના પાકિસ્તાનને સમર્થનના વિરોધમાં પુણેના ફળ વેપારીઓએ તુર્કી સફરજનનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધા બાદ, એક વેપારીએ પાકિસ્તાન તરફથી ધમકીભર્યા સંદેશાઓ મળ્યાની જાણ કરી છે. આ સંદેશાઓમાં ભારત વિરોધી ગાળો હતી અને પાકિસ્તાન કે તુર્કીને નુકસાન પહોંચાડવા સામે ચેતવણી આપવામાં આવી હતી. તેના જવાબમાં, વેપારીઓએ ટર્કિશ સફરજન ફેંકીને વિરોધ પ્રદર્શન કર્યું અને પોલીસ સુરક્ષા મેળવવાની યોજના બનાવી છે.

પુણેના ફળ વેપારીઓના એક જૂથે પાકિસ્તાનને ખુલ્લા સમર્થનનો વિરોધ કરવા માટે તુર્કીથી સફરજનની આયાત બંધ કરવાનો નિર્ણય લીધાના થોડા દિવસો પછી, ગુરુવારે એક વેપારીએ એવો દાવો કર્યો હતો કે તેમને પાકિસ્તાન તરફથી ધમકીભર્યો વોઇસ સંદેશ

(જુઓ પાનું ૪) ▶▶

### વેપારીઓએ ચિંતા કરવાની જરૂર નથી: ફડણવીસ

પુણે: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે પુણેના વેપારીઓને પાકિસ્તાનને સમર્થન આપવાના વિરોધમાં તુર્કીથી સફરજન અને સૂકા ફળોની આયાત બંધ કરીને ‘રાષ્ટ્ર પ્રથમ’નું વલણ અપનાવવા બદલ અભિનંદન આપ્યા હતા.

પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી માળખા પર ભારતના હુમલાઓની તુર્કીએ ટીકા કર્યા બાદ, અહીંના એપીએમસી માર્કેટના ફળના વેપારીઓએ તુર્કીથી આવતા સફરજન અને અન્ય ઉત્પાદનોનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. ‘તુર્કીથી થતી આયાતનો બહિષ્કાર કરવાનો નિર્ણય

(જુઓ પાનું ૪) ▶▶

### ચીની સામાનનો પણ બહિષ્કાર કરવાની માગણી

મુંબઈ: ભારતના ‘ઓપરેશન સિંદૂર’ વખતે પાકિસ્તાનને સાથ આપવા બદલ ભારતમાં તુર્કી અને અઝરબૈજાનનો વિરોધ થઇ રહ્યો છે. દેશના વિવિધ ભાગોમાં તુર્કીના સામાનનો વિરોધ થઈ રહ્યો છે. દેશના લોકો આ બે દેશોમાં ફરવા જવાનો તેમનો પ્લાન કેન્સલ કરી રહ્યા છે. હવે આ અંગે મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતા હુસૈન દલવાઈનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, આ ચોક્કસપણે થવું જોઈએ. આમાં કોઈ પ્રશ્ન નથી. તુર્કીએ એક રીતે પાકિસ્તાનને સીધી મદદ કરી છે.

તેમણે કહ્યું કે, જો કોઈએ તુર્કી કરતાં વધુ મદદ કરી હોય તો તે ચીન છે. ચીનનો

(જુઓ પાનું ૪) ▶▶

# ઉલ્હાસનગરમાં પત્ની-પુત્રીની હત્યા કર્યા બાદ ઝવેરીએ કરી આત્મહત્યા

થાણે: થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં પત્ની અને પુત્રીની હત્યા કર્યા બાદ ઝવેરીએ ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હોવાની ઘટના સામે આવી હતી. ઝવેરીએ મૃત્યુ અગાઉ વીડિયો રેકોર્ડ કર્યો હતો, જેમાં પોતાના અંતિમ પગલા પાછળનું કારણ અને તેને છેતરનારા તથા પરેશાન કરનારા લોકોનો ઉલ્લેખ કર્યો હતો.

મૃતકોની ઓળખ ઝવેરી પવન પહુજા, તેની પત્ની નેહા પહુજા અને પુત્રી રોશની તરીકે થઇ હતી. ઉલ્હાસનગર કેમ્પ નંબર-૧ વિસ્તારમાં હર્ષ કોટેજ ખાતે રહેતો હતો.

પોલીસને ગુરુવારે સવારે ૧૧.૪૫ વાગ્યે આ અંગે માહિતી મળી હતી, જેને પગલે પોલીસની ટીમ તાત્કાલિક ઝવેરીના ઘરે દોડી આવી હતી. પોલીસ અધિકારીઓ ઘરમાં પ્રવેશ્યા ત્યારે પવન, તેની પત્ની અને પુત્રી મૃત અવસ્થામાં મળી આવ્યાં હતાં.

પવન છત સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો, જ્યારે તેની પત્ની અને પુત્રીના મૃતદેહ જમીન પર પડેલા હતા.

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL** rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”



1045.2025

